**Buy • Sell • Invest**
**In Real Estate**
*Buy with Confidence, Sell with Success!*
TUSHAR PATEL
REAL ESTATE SALESPERSON
HOMELIFE
MIRACLE REALTY LTD.
Brokerage, Independently Owned & Operated
Office: 416-747-9777
Email: realhomelink@gmail.com
**416-500-2905**

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

Visitor's To Canada
**SUPERVISA INSURANCE**
**MORTGAGE INSURANCE**
Life Insurance
Critical Illness Plan
Disability Insurance
647-403-5560
jigarkumar7@yahoo.ca
www.saachinsure.com
Saachi Insurance
**JIGARKUMAR V. PATEL**
Life Insurance Advisor
11 YEARS IN BUSINESS

FRIDAY, 02 OCTOBER, 2020 Vol. 16, No. 39 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## ઉત્તરપ્રદેશમાં બળાત્કારીઓ બેફામ

# હાથરસ, બલરામપુર, ભદોહીમાં દલિત યુવતીઓને પીંખી નાખીને ઘાતકી હત્યા

## બલરામપુરમાં યુવતીનું અપહરણ કર્યા બાદ બળાત્કાર, પગ-કમરના હાડકા તોડી નાખ્યા

લખનઉ/દિલ્હી : ઉત્તરપ્રદેશના હાથરસમાં દલિત યુવતી પર સામૂહિક બળાત્કાર અને કરપીણ હત્યાના કેસમાં ભભૂકી ઊઠેલા રોષની જ્વાળાઓ ભયાનક બની રહી છે ત્યારે દેશના પાંચ રાજ્યોમાં બળાત્કારની સંખ્યાબંધ ઘટના સામે આવી છે. ઉત્તર પ્રદેશમાં હાથરસમાં ૧૯ વર્ષની એસસી સમાજની યુવતી પર ગેંગરેપ ગુજારવામાં આવ્યો હતો અને બાદમાં તેની જીભ કાપી શરીરના કેટલાક અંગોના હાડકા પણ તોડી નખાયા હતા. યુવતીને હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી હતી જ્યાં તેનું આખરે મોત નિપજ્યું છે. આ ઘટના ૧૪ સપ્ટેમ્બરે બની હતી.

સ્વદેશ
હવે આપના મોબાઈલમાં
દેશ વિદેશના પળેપળના સમાચાર, અજબ ગજબની વાતો, કોરાના વાઈરસને કારણે સર્જાયેલી ઘટનાઓ તથા રાજકારણ ધર્મ, સંસ્થાઓ અંગેના સમાચાર જાણવા આજેજ
Available on the App Store
તથા
GET IT ON Google Play
પરથી ડાઉનલોડ કરો
SWADESH NEWS

હવે ઉત્તરપ્રદેશના બલરામપુર જિલ્લામાં ૨૨ વર્ષીય યુવતી મંગળવારે સવારે ૧૦ કલાકે કોલેજની ફી જમા કરાવવા માટે ઘેરથી નીકળી હતી. મોડી સાંજે ૭ કલાકે યુવતી બેશુદ્ધ અવસ્થામાં રિક્ષા દ્વારા ઘેર પહોંચી હતી. તે બોલી પણ શકતી નહોતી. પરિજન યુવતીની સ્થિતિ જોતાં સારવાર માટે લખનઉ જવા નીકળ્યાં પરંતુ રસ્તામાં જ તેનું મોત થયું હતું. બલરામપુરની પીડિતાની માતાએ જણાવ્યું હતું કે, મારી દીકરી ઘેર પાછી ફરી રહી હતી ત્યારે ૩-૪ વ્યક્તિ તેને ઉઠાવીને તેમના રૂમમાં લઈ ગયા હતા જ્યાં તેને નશાનું કોઈ ઈન્જેક્શન આપી તેના પર સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો. ત્યારબાદ તેમણે તેને ઈ-રિક્ષામાં બેસાડી ઘર પાસે નાખી દીધી હતી. અપરાધીઓએ મારી દીકરીના પગ અને કમર તોડી નાખ્યાં હતાં તેથી તે ચાલી કે બોલી શકતી નહોતી. યુવતીના વાલીઓની ફરિયાદના આધારે પોલીસે શાહિદ અને સાહિલ નામના બે યુવકોની ધરપકડ કરી હતી. બીજી ઘટનામાં ભદોહીમાં ગુરુવારે તિવારીપુર ગામમાં બપોરે ૧૪ વર્ષીય દલિત સગીરા ખેતરમાં શૌચક્રિયા માટે ગઈ હતી. ઘણા સમય સુધી તે પરત ન આવતાં પરિવારજનોએ ખેતરમાં તપાસ કરતાં તેની લોહીથી ખરડાયેલી લાશ મળી આવી હતી. અત્યંત ક્રૂરતા સાથે માથું કચડીને હત્યા કરવામાં આવી હતી. બીજી બાજુ હાથરસની સામૂહિક બળાત્કારની પીડિતાના પિતાએ સીબીઆઈ તપાસની માગ કરાઈ છે. આ ઉપરાંત આઝમગઢ, બુલંદશહેર અને ફતેહપુરમાં બાળકીઓ પર રેપની ઘટના બની છે.

## પોલીસે લાઠીઓ વીંઝી પાડી દીધો : રાહુલ





રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીનો કાફલો સવારે દિલ્હીથી નીકળી યમુના એક્સપ્રેસ હાઈવે પર પહોંચતા જ પોલીસે તેમને અટકાવી દીધાં હતાં. જેના પગલે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ કોંગ્રેસના કાર્યકરો સાથે પગપાળા કૂચ શરૂ કરી દીધી હતી. પોલીસે આ કૂચને અટકાવવાનો પ્રયાસ કરતાં રાહુલ ગાંધી અને કોંગ્રેસના કાર્યકરો પર લાઠીચાર્જ કર્યો હતો. રાહુલ ગાંધીએ આરોપ મૂક્યો હતો કે, હું અને પ્રિયંકા હાઈવે પર પગપાળા આગળ વધી રહ્યા હતા ત્યારે પોલીસે અમારા પર લાઠીચાર્જ કર્યો હતો. મારી સાથે ધક્કામુક્કી કરીને મને નીચે પાડી દીધો હતો. રાહુલ ગાંધીએ પોલીસને સવાલ કર્યો હતો કે, તમે મારી ધરપકડ શેના માટે કરો છો?

### રાહુલ, પ્રિયંકા સહિત ૨૦૩ લોકો સામે એફઆઈઆર

રાહુલ ગાંધી અને મહાસચિવ પ્રિયંકા ગાંધીની વિરુદ્ધ ગ્રેટર નોઇડાના ઈકોટેક વન પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. પોલીસે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિત કોંગ્રેસના ૨૦૩ નેતાઓની વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે. એફઆઈઆરમાં આ લોકોની વિરુદ્ધ અનેક આરોપ લગાવવામાં આવ્યા છે.

**RUMA LAW OFFICE**
- Real Estate Law
- Family Law (Legal Aid Certificate Accepted)
- Wills and Estates
- Affidavit and Power of Attorney
- Immigration Law
- Legal Documentation and Notarization
Tel: 416-299-4815
55 Nugget AVE. Suite 230E, Scarborough, ON M1S 3L1
RUMA DIWANJI
Barrister, Solicitor & Notary Public
rumalawoffice@gmail.com

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank®
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Fax: 416-253-9461
Serving Greater Toronto Region

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

- Residential
- New Condos
- Investments
- Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

S&S LAWYERS LLP
- Real Estate
- Litigation
- Wills and Estates
- Affidavit and Power of Attorney
- Notarization
- Family Law
- Corporation / Commercial Transactions
- Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કોરોના સંક્રમણ વધ્યું : ૧૬૯૫ કેસ, ૨૧ના મોત

## ગુરુવારે સૌથી વધુ ક્યૂબેકમાં ૯૩૩ કોરોનાના દર્દી મળી આવ્યાં : સમગ્ર દેશમાં ૧૧૦ દર્દીઓની હાલત અત્યંત નાજૂક

ટોરોન્ટો : કેનેડામાં ગુરુવારે સાંજ સુધીમાં વિતેલા ૨૪ કલાકમાં કોરોનાએ ફરી માથું ઉચક્યું હોય તેમ ૧૬૯૫ કેસ મળી આવ્યા હતા. જ્યારે ૨૧ દર્દી મોતને ભેટ્યા હતા. બીજી તરફ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ૧૧૦ દર્દીઓની હાલત અત્યંત નાજૂક હોવાનું જાણવા મળ્યું છે. છેલ્લાં એક અઠવાડિયાથી કેનેડામાં કોરોનાના કેસોમાં વધારો નોંધાઈ રહ્યો છે. ગુરુવારે ૧૬૯૫ કેસના ઉમેરા સાથે કુલ કેસનો આંકડો ૧૬૦૪૫૩ થઈ ગયો હતો. જ્યારે ૨૧ દર્દીના મોત સાથે કુલ મૃતાંક ૯૩૧૮ થયો હતો. દેશમાં હજી પણ એક્ટિવ કેસનો આંકડો ૧૪૮૮૯ છે. ગુરુવારે ઓન્ટેરિયોમાં ૫૩૮ કેસ અને ત્રણ દર્દીઓના મોત ક્યુબેકમાં ૯૩૩ કેસ, ૧૬ના મોત, મેનિટોબામાં ૩૬ નવા કેસ તથા સાશ્કેચ્વાનમાં ૧૪ નવા કેસ નોંધાયા હતા. આ દરમિયાન ક્યુબેકમાં ૫૮૦, મેનિટોબામાં ૧૪ અને શાસ્કેચ્વાનમાં નવ દર્દી સાજા થતા તે તમામને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

## રેપીડ ટેસ્ટ કીટને હેલ્થ કેનેડાની મંજૂરી

ઓટાવા : હેલ્થ કેનેડાએ કોવિડ -૧૯ માટેના રેપીડ ટેસ્ટને મંજુરી આપી છે જે લાંબાગાળાના કેર હોમ્સ અને શાળાઓ માટે ઉપયોગી બની શકશે. આવા ટેસ્ટીંગને મંજુરી મળવાથી પ્રાંતિય સરકાર ઉપરનું ટેસ્ટીંગનું દબાણ પણ ઓછું થઈ જશે. જો કે, હજુ સુધી ફેડરલ સરકારે કે કંપનીએ એ વાતની સ્પષ્ટતા નથી કરી કે ટેસ્ટીંગ કીટસ ક્યાં સુધીમાં પહોંચશે. એમણે માત્ર આવનારા અઠવાડિયાઓમાં જેવો જ ઉલ્લેખ કર્યો હતો. હેલ્થ કેનેડાએ બુધવારે એવી જાહેરાત કરી હતી કે, એબોટ ડાયગ્નોસ્ટીકસની કીટને મંજુરી આપવામાં આવી છે. જે ટેસ્ટના સમય બાદ માત્ર ૧૩ મિનીટમાં પરિણામ આપી શકે છે. જેથી નમુનાઓને ટેસ્ટીંગ માટે

**ટેસ્ટ બાદ માત્ર ૧૩ મિનીટમાં પરિણામ આવી જશે**

પહેલા લેબોરેટરીમાં મોકલવા નહીં પડે. આ મંજુરી જાહેર સેવાઓ અને કેનેડાના ખરીદી વિભાગે અંદાજે આઠ મિલીયન ટેસ્ટીંગ કીટસ અને ૩૮૦૦ એનેલાઈઝર યુનિટસ કંપની પાસેથી ખરીદવાના સોદા ઉપર હસ્તાક્ષર કર્યાના બીજા દિવસે આપવામાં આવી હતી.વડા પ્રધાન જસ્ટીન ટ્રુડોએ કહ્યું હતું કે, હેલ્થ કેનેડાએ ઝડપથી મંજુરી આપીને સારૂં કામ કર્યુ છે. ખરેખર આ કેનેડાની પ્રજા માટે જરૂરી બાબત હતી. કેમ કે કેસો જે ઝડપથી વધી રહ્યા છે ત્યારે ટેસ્ટીંગ માટે લોકોએ રાહ જોવી પડે એ યોગ્ય નહોતું. બુધવારે ઓન્ટેરિયોના પ્રિમીયર ડગ ફોર્ડે પણ આ મંજુરીને વધાવી લેતા કહ્યું હતું કે, હવે એ જોવાનું રહેશે કે કેટલી ઝડપથી ટેસ્ટીંગ થશે.

## ઓન્ટેરિયોમાં ઓકટોબરમાં કોવિડ -૧૯ના દરરોજ ૧૦૦૦ કેસ મળવાની સંભાવના

- **પ્રાંતના પ્રિમીયર ડગ ફોર્ડે આ આગાહીને ચિંતાજનક ગણાવી**

ટોરોન્ટોઃ ઓકટોબર માસના મધ્ય સુધીમાં ઓન્ટેરિયોમાં દરરોજ કોવિડ -૧૯ના ૧૦૦૦ કેસ મળી શકશે એવી સંભાવના સરકારે બુધવારે જાહેર કરી હતી. યુવાનોમાં સંક્રમણ જે ઝડપથી વધી રહયું છે એને કારણે ફેલાવો ઝડપથી વધી શકે છે અને દરેક વયજૂથને એની અસર થઈ શકે છે એમ પણ જણાવવામાં આવ્યું હતું.

પ્રિમીયર ડગ ફોર્ડે આ આગાહીને ચિંતાજનક ગણાવી હતી અને કહ્યું હતું કે, તેઓ પ્રાંતમાં વધી રહેલા સંક્રમણના બીજા દોરને ડામવા વધુ કડક નિયંત્રણો લાદશે. આપણે સાથે મળીને આ બાબતે કામ કરવું પડશે, એવી અપીલ પણ તેમણે લોકોને કરી હતી. પ્રાંતમાં વધી રહેલા કેસોને નિયંત્રણમાં લેવા માટે બધાએ જાગૃત રહેવું પડશે. એને માટે કડક પગલાં લેવા પડે તો એ લેવાની અમારી તૈયારી છે. ઓન્ટેરિયોમાં હાલમાં દર ૧૦થી ૧૨ દિવસમાં કેસ બમણાં થઈ રહ્યા છે એ જોતા કોવિડનો ગ્રાફ ઉપર તરફ જતો જોવા મળી રહ્યો છે. ડો. અડાલ્સ્ટીન બ્રાઉને કહ્યું હતું કે, વધી રહેલા કેસો ૨૦થી ૩૯ વર્ષના વયજુથમાં જોવા મળી રહ્યા છે. એટલે વાઈરસનો ફેલાવો તમામ વયજુથોને અસર કરનારો ગણાઈ શકે છે. જો કે, ઓછા વયજુથમાં મૃત્યુદર ઓછો છે. પરંતુ એમના કારણે મોટી ઉંમરના લોકોને એનો ચેપ લાગી શકે છે. જે ખરેખર ચિંતાજનક છે. ડો. બ્રાઉન યુનિવસીટી ઓફ ટોરોન્ટોની ડાલા લાના સ્કુલ ઓફ પબ્લીક હેલ્થના ડીન છે.















# ક્યૂબેકમાં ૩ વિસ્તાર રેડ એલર્ટ જાહેર, પ્રતિબંધો કડક બનાવાયા

## ૨૮ દિવસ સુધી પ્રજાને કોઈ છુટછાટ નહીં મળે, ધંધામાં નુકસાન થયું હોય તેવા લોકો માટે સરકાર રાહત પેકેજ આપી શકશે

ઓન્ટેરિયો : ક્યૂબેકના ત્રણ વિસ્તારોના લોકોને ઓકટોબર માસમાં તેમના મિત્રો કે પરિવારને મળવા જવાની કે પોતાના ગમતા રેસ્ટોરાંમાં જઈને ખાવાની છૂટ નહીં મળી શકે. કેમ કે પ્રાંતીય સરકાર નવા કોરોનાના કેસોને નાથવા માટે ઝઝુમી રહી છે. મોન્ટ્રીયલ, ક્યૂબેક સીટી અને ચાઉડીરે અપાલાચેસ વિસ્તારોને હવે કોવિડ -૧૯ માટેના રેડ ઝોન જાહેર કરવામાં આવ્યા છે એમ ક્યૂબેકના પ્રિમીયર ફ્રાન્કોઈસ લેગોલ્ટે સોમવારે યોજેલી પત્રકાર પરિષદમાં જાહેર કર્યું હતું.

તેમણે કહ્યું હતું કે, અમે સપ્તાહના અંત સુધીના કોવિડ -૧૯ના કેસોના આંકડાઓમાં જે વધારો જોયો છે એના પગલે આ જાહેરાત કરી છે. ક્યૂબેકવાસીઓના હિત માટે સરકારે કડક પગલા લેવા પડ્યા છે. ક્યૂબેકમાં ૭૫૦ નવા કેસ નોંધાયા હોવાથી ગુરૂવારથી ૨૮ દિવસ સુધીના પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે શાળાઓ તો ચાલુ રહેવી જ જોઈએ અને માતાપિતાના કામધંધા પણ ચાલવા જોઈએ. જેથી એમની કમાણી ચાલુ રહી શકે. સામાન્ય રીતે તો લોકો જાહેર આરોગ્યને લગતી ગાઈડલાઈનનું પાલન કરી રહ્યા છે પણ હજુ ઘણા લોકો દુર્લક્ષ કરી રહ્યા છે. જેનો કોઈ મતલબ નથી. અમારે એટલે જ કેટલાક પ્રતિબંધો લાદવા પડયા છે. જે લોકોના રક્ષણ માટે જ છે. સરકાર પણ જેમના બિઝનેસને નુકસાન થયું હોય તેમના માટે રાહત પેકેજ વિશે વિચારી રહી છે.

### ક્યૂબેકમાં લદાયેલા પ્રતિબંધોમાં કઈ કઈ જોગવાઈ છે ?




- ઘરમાં લોકો એકઠાં થવા, સિવાય કે કોઈ કેર ગીવરની એક મુલાકાત.
- બધા બાર,કેસીનો અને રેસ્ટોરાં બંધ રહેશે માત્ર ટેક અવેની છૂટ.
- લાઈબ્રેરીઓ, મ્યુઝિયમ, સિનેમા અને થીએટર્સ બંધ રહેશે.
- લોકોએ જાહેરમાં નીકળતી વખતે ફરજિયાતપણે માસ્ક પહેરવા પડશે અને બે મીટરનું અંતર જાળવવું પડશે.
- પૂજાના સ્થળો અને સ્મશાનયાત્રા કે લગ્ન સમારંભો માટે વધુમાં વધુ ૨૫ લોકો એકત્ર થઈ શકશે.
- હેર સલૂન્સ, હોટેલ્સ અને એવા બિઝનેસ ચાલુ રાખી શકાશે.
- શાળાઓ ચાલુ રખાશે.

# ટોરોન્ટોમાં કોરોનાને રોકવા સોશિયલ ડિસ્ટેન્સિંગનો કડક અમલ કરવા તાકીદ

- **ઓન્ટેરિયો સરકારે રેસ્ટોરાં અને બાર ઉપર વધુ કડક નિયંત્રણો લાદી દીધા**

ટોરોન્ટો : કોવિડ -૧૯ના વધતા જતાં કેસોને કારણે હવે ટોરોન્ટોના ટોચના ડોકટર સામાજિક અંતરને અસરકારક બનાવવા લોકોને પાડોશીઓને પણ નહીં મળવાની સલાહ આપી રહ્યા છે. શહેરના મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ ડો. એલિન ડી વિલાએ એક પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, સોમવારે ૭૦૦થી વધુ ઈન્ફેકશન નોંધાયા બાદ તમને એ કદાચ ખબર નહીં હોય કે કોવિડ -૧૯નો ચેપ કોનાથી લાગ્યો છે. કોઈ સ્થળ પરથી નહીં પરંતુ આ ચેપના ફેલાવામાં લોકો જ મહત્વના છે. ટોરોન્ટોના જાહેર આરોગ્ય ખાતાના અધિકારીએ સોમવારે જાહેર કર્યું હતુ. તે મુજબ ૩૮૧ નવા કેસ નોંધાયા હતા. જે મહામારી શરૂ થયા બાદનો એક જ દિવસનો સૌથી મોટો આંક હતો.

ઓન્ટેરિયો સરકારે રેસ્ટોરાં અને બાર ઉપર વધુ કડક નિયંત્રણો લાદી દીધા હતા. એ વિસ્તારની કલબોને પણ બંધ રાખવા આદેશ કર્યો હતો. જે વિસ્તારમાં કોવિડ -૧૯ના મોટા કલસ્ટર્સ હોય ત્યાં આ પ્રતિબંધો છે. શનિવારે રાત્રે ૧૨.૦૧ મિનીટ બાદ પ્રાંતના લગભગ બધા ખાણીપીણીના કેન્દ્રોમાં શરાબનું વેચાણ બંધ કરી દેવાયું હતું. ડો. વિલાએ એમ પણ કહ્યું હતું કે, તેઓ હવે ટોરોન્ટોના બાર્સ અને રેસ્ટોરાંને અસર કરનારા નિયમોમાં ફેરફાર કરવાનું સુચન કરશે. તેઓ સીટી કાઉન્સીલને ભલામણ કરશે કે એક જ સ્થળે વધુમાં વધુ ૭૫ લોકોને એકત્ર થવાની મંજુરી મળવી જોઈએ અને દરેક ટેબલ પર ૧૦ને બદલે ૬ વ્યકિતઓ હોવી જોઈએ. આવા સ્થળોએ સંગીત ખૂબ મોટા અવાજમાં ન હોવું જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે, ટોરોન્ટોમાં કોવિડ -૧૯ના ફેલાવાનો ખતરો હજુ ટળ્યો નથી.

# કેનેડાના રેસ્ટોરાં માલિકો દ્વારા સરકાર પાસે સબસીડીની માગ

- **તાકીદે સહાય નહીં મળે તો રેસ્ટોરન્ટના માલિકો મુશ્કેલીમાં મુકાશે**

હેલીફેક્ષ : કેનેડામાં શિયાળાની શરૂઆત બાદ રેસ્ટોરાંની બહારની ખુલ્લી જગ્યામાં ભોજન સર્વ કરવાનું શકય નહીં હોવાથી રેસ્ટોરાં સેકટરે સરકાર પાસેથી રાહત અને આર્થિક સહાયની માંગણી કરી છે. ફુડ સર્વિસના નિષ્ણાંતોના મત મુજબ જો સરકાર આર્થિક સહાય નહીં કરે તો આવનારા સમયમાં રેસ્ટોરાં માલિકો મુશ્કેલીમાં મુકાશે.

રેસ્ટોરાન્ટસ કેનેડાના વાઈસ પ્રેસીડેન્ટ ડેવિડ લીફેબેવરે ઓટાવાની સરકારને સબસીડીના રૂપમાં સીધી આર્થિક સહાય આપવા અપીલ કરી હતી. જો સરકાર ફેડરલ વેજ સબસીડી અને અન્ય વ્યાપારોને સહાય આપતી હોય તો રેસ્ટોરાંને પણ ભોજનની સબસીડી આપવી જોઈએ. જો આમ થશે તો જ આ ઉદ્યોગ ટકી શકશે. ડેલહાઉસી યુનિવર્સિટીની ફુડ ડીસ્ટ્રીબ્યુશન એન્ડ પોલીસીના પ્રોફેસર સિલ્વેન ચાર્લબોઈસે કહ્યું હતું કે, રેસ્ટોરાં પણ હીટર્સ અને બ્લેન્કેટની સુવિધાઓ આપવા તૈયાર છે. જો સરકાર ખુલ્લી જગ્યામાં ભોજન પીરસવા પરનો પ્રતિબંધ હટાવી લે. સરકારે મીલ સબસીડી આપીને બ્રુન્સવીકના રીબેટ પ્રોગ્રામ ઓન ફુડ એન્ડ ડ્રીન્ક જેવા સારા વિકલ્પને પણ અજમાવી જોવો જોઈએ.

# ભારત ફરી શર્મસાર : દિલ્હી બાદ હવે યુપીમાં નિર્ભયાકાંડ

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ભારતમાં આજથી લગભગ આઠ વર્ષ પહેલાં દિલ્હીમાં બનેલા નિર્ભયાકાંડે સમગ્ર દેશને હચમચાવી નાંખ્યો હતો. છ હવસખોરોએ ચાલુ બસમાં કલાકો સુધી નિઃસહાય નિર્ભયાના શરીરને ચૂંથી નાખ્યું. હેવાનો પણ શરમાઈ જાય તે રીતે નિર્ભયા ઉપર પાશવી બળાત્કાર ગુજારાયો અને પછી તેને નગ્નાવસ્થામાં જ રોડ પર ફેંકીને જતા રહ્યા હતા તે પછી નિર્ભયાની હાલત અત્યંત ગંભીર બની અને પછી તે મોતને ભેટી હતી. આ ઘટના બાદ પખવાડિયામાં જ યુપીના ભદ્રોહી, બલરામપુર, આઝમગઢ, બુલંદશહેર, ફતેહપુરમાં બાળકીઓ -યુવતી પર દુષ્કર્મની ઘટના બહાર આવી છે. જૈ પૈકી ત્રણની તો હત્યા કરી દેવાઈ છે. દેશમાં પખવાડિયામાં બનેલી પાંચ ઘટનાને પગલે ફરી નિર્ભયાકાંડની યાદ તાજી થઈ છે.

૧૪મી સપ્ટેમ્બરે યુપીના હાથરસ પાસેના ગામમાં અનુસૂચિત જાતિની આ યુવતી ખેતરમાં ઘાસ કાપી રહી હતી ત્યારે ચાર હવસખોરોએ પાછળથી આવીને તેનું મો દબાવી દીધું અને પછી દુપટ્ટાથી મોં બાંધી દઈ તેને ઢસડીને દૂર લઈ ગયા. આ હેવાનોએ એક પછી એક બળાત્કાર ગુજાર્યો અને એવા અત્યાચાર ગુજાર્યા કે તેની કરોડરજ્જુ તૂટી ગઈ હતી તથા ગળા પાસે સંખ્યાબંધ ફ્રેક્ચર થઈ ગયાં હતાં. હેવાનોને આ અત્યાચારોથી સંતોષ ના થયો એટલે છોકરીની જીભ પણ કાપી નાખી હતી. લાંબા સમય સુધી યુવતી પાછી ના ફરતાં તેની માતા શોધતી શોધતી આવી એટલે હવસખોરો ભાગી ગયા હતા. જે બાદ ગંભીર અવસ્થામાં પીડિતાને અલીગઢની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી પરંતુ તેની તબિયત વધુ કથળી ગઈ હતી. આખરે તેણીને દિલ્હીની સફદરગંજ હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવી. પરંતુ યુવતીને બચાવવાના તમામ પ્રયાસો મંગળવારે નિષ્ફળ નિવડ્યા હતા. યુપીમાં યુવતી સાથેના અમાનવીય અત્યાચારે આખા દેશના લોકોને હચમચાવી દીધો છે. આજે દેશના લોકો સોશિયલ મીડિયામાં પોતાનો ગુસ્સો પ્રગટ કરી રહ્યાં છે. ઉત્તર પ્રદેશના મુખિયા યોગી આદિત્યનાથ પોતાના શાસનમાં ગુંડારાજ ખતમ થઈ ગયું હોવાની વાતો કરે છે. ત્યારે આ ઘટના ગુંડારાજ કરતાં પણ બદતર છે. હાથસરની આ ઘટના પુરાવો છે કે, કશું બદલાયું નથી ને યુપીમાં હજુ જંગલરાજ જ ચાલે છે.

બીજી તરફ આ કેસમાં રાજકારણ પણ ગરમાયું છે. ગુરુવારે કોંગ્રેસના રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી યુપી અસરગ્રસ્ત પરિવારને મળવા જવા માટે રવાના થતાં જ હાઈવે પર તેમના વાહનોનો કાફલો પોલીસે અટકાવ્યો હતો. જે બાદ બંને નેતા ચાલતા ચાલતા યુપી તરફ જવા માંડ્યા તો બંનેની અટક કરાઈ હતી અને સેંકડો કોંગી નેતાઓ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. આ મામલામાં યોગી સરકારની દલીલ છે કે સમગ્ર કેસની તપાસ સીટને હવાલે કરી દેવાઈ છે. તેથી તપાસ યોગ્ય રીતે થઈ શકે. જો કે, યુપીમાં ભાજપની સરકાર હોય એટલે કોંગ્રેસ સહિતના વિપક્ષો આ મુદ્દાને ચગાવવા માંગે છે. બોલીવૂડમાં મહિલાઓના શોષણની વાતો કરનારા લોકોને એક છોકરી પર સામૂહિક બળાત્કાર ગુજારાયો તેના કારણે કોઈ ફરક જ પડતો નથી. કંગના રાણાવતે પોતાની ઓફિસમાં કરેલું ગેરકાયદેસર બાંધકામ તોડાયું તેમાં તો ધર્મ ખતરામાં આવી ગયો હોય એમ દેકારો મચાવ્યો હતો. પરંતુ યુપીની ઘટના અંગે હજી હરફ સુદ્ધા ઉચ્ચાર્યો નથી. તે બાબત તેના બેવડાધોરણો છતી કરી રહી છે. ડિસેમ્બર ૨૦૧૨માં દિલ્હી ખાતે નિર્ભયાનું ઉપનામ પામેલી એક યુવતીની સાથે ચાલુ બસમાં જે ઘૃણિત સામૂહિક બળાત્કારનો બનાવ બન્યો ત્યારે માત્ર દેશ જ નહીં, આખી દુનિયા હચમચી ઉઠી હતી. નિર્ભયાના બનાવ સમયે આખો દેશ એક સાથે આંદોલનમાં જોડાયો હતો. દેશભરના યુવાનો સડકો પર ઉતરી આવ્યાં હતાં. સરકાર, સમાજ અને તમામ રાજકીય દળોએ પણ સંકલ્પ લીધો હતો કે, હવે કોઈ આવી કોઈ ઘટના નહીં બને. એ આંદોલન અને એ સમયે લીધેલા સંકલ્પો બાદ લાગવા માંડયું હતું કે હવે દેશની પરિસ્થિતિ બદલાશે અને દેશમાં મહિલાઓ સુરક્ષિત બનશે. સરકાર ઉપર પણ કડક કાયદા ઘડવાનું દબાણ સર્જાઇ રહ્યું હતું. નિર્ભયાકાંડ બાદ સરકારે મહિલાઓની સુરક્ષા માટે એક અલગ કોષની સ્થાપના કરી. એ સાથે જ લોકોના રોષને ઠંડો પાડવા માટે સરકારે જસ્ટીસ જે.એમ. વર્માની અધ્યક્ષતા હેઠળ એક સમિતિની રચના કરી જેણે અનેક કડક ઉપાયોની હિમાયત કરી. જાન્યુઆરી ૨૦૧૩માં સમિતિએ સોંપેલા રિપોર્ટમાં પોલીસની સંખ્યા, પોલીસની કામગીરીમાં સુધારા, આપરાધિક મામલાઓમાં દંડ વ્યવસ્થા અને સામાજિક જાગૃતિ અંગેની ભલામણો કરી હતી. એ સમયે જે આંદોલન ચાલી રહ્યું હતું એમાં મુખ્ય માંગ એ હતી કે બળાત્કારના દોષિતોને મૃત્યુદંડની સજા આપવામાં આવે. જો કે, મૃત્યુદંડની સજાને લઈને ઘણાં મતભેદ હતાં. પરંતુ છેવટે એ ભલામણ પણ સ્વીકારવામાં આવી. એ પછી ત્રણ મહિનાની અંદર જ કાયદામાં આ ફેરફારનો વટહુકમ પણ જારી થઈ ગયો. કાયદામાં બદલાવ પાછળ આકરા દંડનો સિદ્ધાંત હતો અને એ વિચારસરણી હતી કે, જો બળાત્કારીઓને બચી નીકળવાના માર્ગ બંધ થઈ જાય અને તેમને આકરી સજા થાય તો લોકોમાં દાખલો બેસે અને અપરાધી માનસિકતા ધરાવતા લોકો આવા અપરાધ કરતા અટકે. પરંતુ કડક કાયદા છતાં દેશમાં બળાત્કારની ઘટનાઓ ઓછી થઈ નથી. નિર્ભયાના કેસ વખતે જે લોકજુવાળ ઉમટયો હતો એ જોતા લાગતું હતું કે, ભવિષ્યમાં દેશની દીકરીઓ સાથે થતા આવા ભયંકર અપરાધો ઘટી જશે.

પરંતુ છેલ્લા થોડા સમયથી જે બનાવો સામે આવી રહ્યાં છે એ જોતા તો એવું લાગી રહ્યું છે કે આવા વિકૃત માનસ ધરાવતા લોકો વધારેને વધારે હિંમતવાળા બની રહ્યાં છે. સમાજમાં વ્યવસ્થા જળવાઈ રહે એ માટે દુનિયાના તમામ દેશોમાં કાયદા સ્થાપિત કરાયા છે. આજે સમાજમાં કેટલીક એવી ઘટનાઓ ઘટી રહી છે જેનો અભ્યાસ કરતા જણાય છે કે સમાજ બીમાર બની રહ્યો છે. નાની બાળકીઓથી લઈને આધેડ ઉંમરની મહિલાઓ સાથે બળાત્કારની ઘટના ઘટી રહી છે. છોકરીઓને જીવતી સળગાવી દેવામાં આવે છે, તેમના ઉપર એસિડ એટેક થાય છે. બાળકોનું યૌન શોષણ કરવામાં આવે છે. બળાત્કાર, હત્યા, શોષણ, ઉત્પીડન જેવા તમામ અપરાધને રોકવા માટે દેશમાં કડક કાયદા છે. આમ છતાં ગુનેગારો કાયદાઓને ઘોળીને પી જઈ રહ્યા છે. જાણકારોનું કહેવું છે કે યૌનશોષણના અપરાધીઓને સજા મળવાનો દર પણ ઓછો હોવાના કારણે બળાત્કારના મામલા સતત વધી રહ્યાં છે. આવા મામલાના આરોપીઓ થોડાક મહિના જેલમાં કાઢ્યા બાદ જામીન ઉપર છૂટી જતાં હોય છે. ઘણાં ખરાં મામલાઓમાં તો પુરાવાના અભાવે આવા નરાધમો બચી પણ જતાં હોય છે. દેશમાં આવા મામલાઓમાં સજા થવાની સરેરાશ માત્ર ૧૯ ટકા જ છે. મતલબ કે બળાત્કારના નોંધાયેલા ગુનાઓમાં પણ માત્ર આટલા ટકા અપરાધીઓને સજા થાય છે. આના કારણે યૌન અપરાધીઓની હિંમતમાં વધારો થાય છે. માનવતાને શર્મસાર કરતા અપરાધો માટે રાજકારણ કે સાંપ્રદાયિક્તાથી ઉપર ઊઠીને દોષિતોને આકરામાં આકરી સજા થાય એ માટે લોકોએ હાકલ કરવાની જરૂર છે નહીંતર આવી ઘટનાઓના દુરોગામી પરિણામો અત્યંત ઘાતક પુરવાર થશે.

manoj1968@yahoo.ca




$449,900 Beautiful & Bright 1 Br Suite In Senses Condominium Situated In Vibrant & Revitalized Kerr St Village, Heart Of Oakville, It Has Modern Finishes Like Laminate Flooring, Contemporary Kitchen Cabinets, Granite Countertop, Glass Backsplash, Beutral Decor, One Parking & Storage Locker Included, Near To Transit, Shopping, Hwys & Oakville Go. OAKVILLE



$749,000 Location..Location....Welcome To The Well Maintained 3 Bedroom Home In High Demand Great Lakes-Trinity Mall Area.Freshly Painted House With Newly Installed Laminate Floors Throughout.Roof(2017),Close To All Amenities Such As Gurudwara ,Public Transit,School ,Parks And Trinity Mall... BRAMPTON



$801,000 Welcome To The 60 X 120 Lot Size, Stunning Renovated Detached Raised Bungalow With 3+3 Large Bedrooms ,3 Full Washrooms. 3 Bedroom Finished Basement/Separate Entrance With Huge Leaving Room.Close To The Bramalea Shopping Center Mall,Schools,Bus Stop,Parks,Library And Minutes From Hwy 410 And Much More..A Must See Home. BRAMPTON



$889,900 Come & Check Out This Fully Detached Gorgeous & Delightful Home! Double Car Garage Corner Lot. Finished Basement. Professionally Decorated. Combined Living/Dining With Sep Family Room With Fireplace. Master With 5Pc Ensuite As Well As Walk Out To Balcony, Lots Of Pot Lighting Throughout-Inside. Good Size Backyard. Fully Fenced Yard. BRAMPTON

RE/MAX REALTY SERVICES INC. BROKERAGE
INDEPENDENTLY OWNED AND OPERATED
JAY PATEL
BROKER
647.241.3818
jaypatel1323@gmail.com

Off : 905.456.1000 I Fax : 905.456.1924
295 Queen Street East, Brampton, On., L6W 3R1

ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest
- Mice
- Rat
- Cockroach
- Bedbug
- Animal Control
- Bird Control
- Wasps &
- Hive Removal



*** Same Day Service - Residential, Commercial, Industrial ***
*** No obligation inspection for commercial and residential clients ***
Written Guarantee And Discounted Rates
We speak English, Gujarati & Hindi
CPMA - ACGP
SPMAO
NATIONAL PEST MANAGEMENT ASSOCIATION Inc. International
SANKET TRIVEDI
Government Licensed Structural Exterminator
647-339-3926
info@aristopestcontrol.ca
www.aristopestcontrol.ca
24 Hours / 7 Days
Emergency Services
&
Animal Removal

# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**
$ 6.99 10 items
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ
સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો,
ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી
(વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ
સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન,
પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**
**$500**
Per Person / Per Month



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121
ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# ઉત્તર ટોરોન્ટોમાં ગેરકાયદે કેસીનો અને સ્પા ઉપર દરોડા

## ૨૦૦૦૦ ચોરસફુટનું મેન્શાન અને રોકડા ૧ મિલિયન યુએસ ડોલર જપ્ત કરાયા, કાયદાની ધરાર અવગણના કરનારાઓને પોલીસની ચેતવણી

ટોરોન્ટોઃ ટોરોન્ટોની ઉત્તરે આવેલા એક ૨૦૦૦૦ ચો.ફૂટના મેન્શન ઉપર દરોડા પાડીને પોલીસે રોકડા એક મિલીયન યુએસ ડોલર અને ૧૧ બંદૂકો સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ મેન્શનમાં ચાલતા ગેરકાયદે કેસીનો અને સ્પાને ધ્વસ્ત કરાયું હતુ. મે માસમાં યોર્ક રીજીયોનલ પોલીસ ઈન્ટેલિજન્સ યુનિટ અને ગન્સ, ગેંગ્સ એન્ડ ડ્રગ એન્ફોર્સમેન્ટ યુનિટે સાથે મળીને ગેરકાયદે જુગારના અડ્ડાઓ સામેની કાર્યવાહી શરૂ કરી હતી. આને પ્રોજેક્ટ એન્ડ ગેમ નામ અપાયું હતું. પ્બુધવારે સવારે યોજાયેલી પત્રકાર પરિષદમાં ડેપ્યુટી ભીફ બ્રિયાનબિગ્રાસે કહ્યું હતું કે, આ સુનિયોજિત ગુનાખોરી છે જે એમના નાણાં, પદ અને દબદબાને દર્શાવે છે. તેઓ એમ માને છે કે, એ બધા કાયદાથી ઉપર જ છે.'પ્રોજેકટ એન્ડ ગેમ માટેનું પહેલું સર્ચ વોરન્ટ ટોરોન્ટોના કોમર્શયિલ યુનિટે ૩જી જુલાઈએ બજાવ્યું હતું એ મિડલેન્ડ અને ફિન્ચ એવેન્યુ નજીકના સ્કારબોરોમાં આવેલી મિલ્કત ઉપર હતું. જયાં ગેરકાયદે ગેમિંગ હાઉસ ચાલતું હતું. પોલીસે એ દરોડામાં ગેમિંગ ટેબલ્સ અને ૨૦૦૦૦ યુએસ ડોલરની રોકડ તથા વિડીયો સ્લોટ મશીનો કબજે



કર્યા હતા. પોલીસે પાંચ વ્યકિતઓની કસ્ટડી લીધી હતી. ત્યારબાદ ત્રણ અઠવાડિયા બાદ યોર્ક રીજિયોનલ પોલીસે ઓન્ટેરિયો પ્રોવિન્શીયલ પોલીસ અને ડરહામ રીજિયોનલ પોલીસની ખાસ ટીમ સાથે મળીને બીજા સર્ચ વોરન્ટની બજાવણી કરી હતી. ત્યારે ૨૩મી જુલાઈએ ૩૨ લોકોની ધરપકડ થઈ હતી.

જે વોર્ડન એવેન્યુ અને મેજર મેકેઝીન ડ્રાઈવ ઈસ્ટ નજીકના ડેકોરસી કોર્ટમાં આવેલી હતી. જયાં ગેરકાયદે કેસીનો ચાલતો હતો. પોલીસે ૯ મિલિયન યુએસ ડોલરના મેન્શનને સીલ કર્યું હતું. આ મેન્શનમાં ૫૩ રૂમ હતા જેને પોલીસે ઘેરી લીધું હતું અને ૧૧ બંદૂકો અને ગોળીઓ, એક મિલીયન યુએસ ડોલર રોકડા અને ગેમિંગ મશીન અને ટેબલો જપ્ત કર્યા હતા. પ્રોજેકટ એન્ડ ગેમ હેઠળ ત્રીજુ સર્ચ વોરન્ટ એક અઠવાડિયા પહેલા બજાવવામાં આવ્યું હતું. જેમાં ત્રણ જણાની ધરપકડ થઈ હતી અને ૭૦૦૦૦ યુએસ ડોલર રોકડા જપ્ત કર્યા હતા. આ સ્થળ ટેસ્ટોન રોડ અને બાથ્રસ્ટ સ્ટ્રીટ નજીક વુડલેન્ડ એકર્સ ક્રીસેન્ટ વોઘન ખાતે હતું. ઓન્ટેરિયો પોલીસે કહ્યું હતું કે ગેરકાયદે ગેમિંગને લગતા ઘણાં દસ્તાવેજી પુરાવાઓ તપાસ દરમિયાન મળી આવ્યા હતા.

આ કેસમાં ૨૯ લોકોની ધરપકડ થઈ હતી. આમ કુલ ૭૪ ગુનાઓ નોંધાયા હતા. ઝડપાયેલાઓ ૨૩ વર્ષથી ૬૪ વર્ષના વયજુથના હતા.

# વાનકુંવર, ટોરોન્ટોના ૩૫૦૦ લોકોને નોકરી આપવા એમેઝોનની તૈયારી

વાનકુંવર : એમેઝોન પોતાના બ્રિટીશ કોલંબિયા અને ઓન્ટેરિયોના કામકાજને વધારવા માટે ૩૫૦૦ કેનેડીયનોને નોકરી આપશે. ઈ-કોમર્સની સૌથી મોટી કંપની એમેઝોને સોમવારે જાહેર કર્યુ હતું કે કંપની વાન્કુંવરમાં ૩૦૦૦ નોકરીઓ આપશે અને ટોરોન્ટોમાં વધુ ૫૦૦ નોકરીઓ પુરી પાડશે. એમેઝોનના વાઈસ પ્રેસીડેન્ટ અને વાનકુંવરના સાઈટ હેડ જેસે ડોઘટીએ કહ્યું હતું કે, કંપની કેનેડામાં વધુ રોજગારીની તકો ઉભી કરવા માંગે છે. કેમ કે કેનેડામાં ટેક ટેલન્ટ ઘણી છે. જેની એમેઝોનને જરૂર છે. તેમણે કહ્યું હતું કે,'હું એ જોઈ રહ્યો છું કે, લોકોને માટે નવી તકો માટે કેનેડા છોડીને બહાર જવાની જરૂર ઉભી જ ન થાય અને અહીં ઉપલબ્ધ સંસાધનોમાંથી જ શ્રેષ્ઠ પરિણામ અને જાણકારી મેળવી શકાય. સોફટવેર ડેવલપમેન્ટ એન્જીનીયર્સ, યુઝર્સ એકસપીરીયન્સ ડીઝાઈનર્સ, સ્પીચ સાયન્ટીસ્ટ જે એલેકસાને વધુ સ્માર્ટ બનાવી શકે અને કલાઉડ કોમ્પ્યુટીંગ સોલ્યુશન્સ આર્કટિકટસ અને સેલ્સ એન્ડ માર્કેટીંગ એકઝીકયુટીવ્સ જેવા કોર્પોરેટ અને ટેક જોબમાં ઘણી તકો છે. વધુ રોજગારીની તકો ત્યારે ઉભી થશે જયારે એમેઝોનની નવી ઓફિસ વાનકુંવરમાં શરૂ થશે જેમાં વધારાની ૬૩૦૦૦ ચો.મી. જગ્યા હશે જે વર્ષ ૨૦૨૩ સુધીમાં તૈયાર થઈ જશે.જે બિલ્ડીંગના નોર્થ ટાવર અને સાઉથ ટાવરમાં ૧૭મા અને ૧૮મા માળે હશે. સીયેટલ ખાતે એમેઝોનનું વડુ મથક છે એ ઉપરાંત સિલીકોન વેલીના મોટા ટેકનો હબમાં પણ રોજગારીની વધુ તકો ઉભી થશે.







# ગુજરાત વિધાનસભાની આઠ બેઠકોની પેટાચૂંટણી જાહેર, આચારસંહિતા લાગુ

ગાંધીનગર : ગુજરાત વિધાનસભાની ૮ બેઠકોની પેટાચૂંટણી જાહેર કરી દેવામાં આવી છે. ૩ નવેમ્બરે ગુજરાત વિધાનસભાની ૮ બેઠકોની પેટાચૂંટણીઓ માટે મતદાન થશે અને ૧૦ નવેમ્બરે મતગણતરી થશે. ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી ૮ બેઠકોની પેટાચૂંટણીઓ માટે ૯થી ૧૬ ઓક્ટોબર સુધી ઉમેદવારો પોતાનો ફોર્મ ભરી શકશે. ૦૯ ઓક્ટોબરે ચૂંટણી માટે જાહેરનામું બહાર પાડવામાં આવશે. ગુજરાતમાં આચારસંહિતા લાગૂ કરી દેવામાં આવી છે.

અબડાસા, લીંબડી મોરબી, ડાંગ, કપરાડા, ધારી, ગઢડાવ અને કરજણ બેઠકની પેટાચૂંટણીઓ યોજાવાની છે. કપરાડામાંથી જીતુ ચૌધરી, ડાંગમાંથી મંગળ ગાવિત, લીંબડીમાંથી સોમા પટેલ, ગઢડામાંથી પ્રવિણ મારૂ, ધારીમાંથી જે. વી.કાકડીયા, મોરબીમાંથી બ્રિજેશ મેરજા, કપરાડામાંથી અક્ષય પટેલ અને અબડાસામાંથી પ્રદ્યુમનસિંહ જાડેજાએ રાજીનામાં આપ્યાં હતાં. જેને પગલે આ બેઠકો ખાલી પડી છે.

## કોંગ્રેસમાં ઉમેદવારો ફાઇનલ કરવા બેઠકોનો દોર

અમદાવાદ– ગુજરાત વિધાનસભાની ૮ બેઠકોની પેટા ચૂંટણી જાહેર થતાં જ કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવની આગેવાનીમાં મંગળવારે બેઠકોનો ધમધમાટ જામ્યો હતો, પાલડી સ્થિત પ્રદેશ કાર્યાલયે મહત્ત્વના આગેવાનો, સ્થાનિક હોદ્દેદારો સાથે બેઠકો યોજાઈ હતી, જેમાં ઉમેદવારોના નામો ફાઈનલ કરવા મુદ્દે મનોમંથન કરાયું હતું. કોંગ્રેસ કાર્યાલયે અબડાસા, ધારી, લીમડી, ગઢડા, કપરાડા, કરજણ, ડાંગ અને મોરબી બેઠકો પર દાવેદારોએ પોતાને ટિકિટ મળે તે માટે રજૂઆતો કરી હતી. કપરાડા બેઠક માટે કોંગ્રેસના એક પૂર્વ સાંસદ અને ગઢડા બેઠક પર નિવૃત્ત સનદી અધિકારીએ ટિકિટ માગી છે.

## ગઢડા બેઠક પર કોંગ્રેસમાં પાંચના નામ ચર્ચામાં

ગઢડા વિધાનસભા પેટા ચૂંટણીની કોંગ્રેસની બેઠક પૂર્ણ થઈ ગઈ છે. બેઠકમાં સંભવિત પાંચ નામો જગદીશ ચાવડા, પૂર્વ મંત્રી મોતીભાઈ ચાવડાના દીકરા, ડી જે સોસા, જિલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિના પ્રમુખ મોહનભાઇ સોલંકી, એસસી સેલ પ્રમુખ નટુભાઇ ચાવડા પુર્વ સનદી અધિકારીના નામ પર ચર્ચા થઈ રહી છે.

## ચાર બેઠકો પર હારના સરવેથી ભાજપમાં ખળભળાટ

ગુજરાતમાં પેટાચૂંટણી પહેલા ભાજપે તમામ ૮ બેઠકો પર સર્વે હાથ ધર્યો હતો. પરંતુ ભાજપના આંતરિક સર્વેમાં ચોંકાવનારા તારણો સામે આવતા ભાજપની ઉંઘ હરામ થઇ ગઇ છે. ભાજપે જ કરાવેલા સર્વે મુજબ હાલની પરિસ્થિતિમાં કુલ ૮ પૈકી ૪ બેઠકો પર ભાજપની હાર થઇ શકે છે. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ લીંબડી, મોરબી, ધારી અને કરજણ બેઠક પર ભાજપ હારી શકે છે. આ બેઠકો પર એન્ટી ઇન્કમ્બન્સી સહિતના સ્થાનિક મુદ્દાઓ ભાજપને નુકસાન કરી શકે છે. સર્વેના તારણો સામે આવતા ભાજપમાં હડકંપ મચી ગયો છે.

# ગુજરાતમાં નવરાત્રી નહીં ઉજવાય, આયોજનને તંત્ર મંજૂરી નહીં આપે

ગાંધીનગર- કોરોના મહામારી વચ્ચે રાજ્યમાં નવરાત્રી ઉજવાશે કે નહીં તેને લઈને એક દુવિધા છેલ્લા કેટલાક સમયથી ચાલી રહી છે. ત્યારે આગામી ૧૭થી ૨૫ ઓક્ટોબર દરમિયાના યોજાનારો રાજ્યકક્ષાનો નવરાત્રી મહોત્સવ નહીં ઉજવવાનો નિર્ણય આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કર્યો છે.

નવરાત્રી અંગે સરકાર વિચારી રહી હોવાનું નીતિન પટેલે જણાવ્યું હતું. જો કે, તે બાદ નીતિન પટેલે કહ્યું હતું કે, આ વખતે મોટા આયોજનને સરકાર મંજૂરી આપશે નહીં. શેરી ગરબા અંગે સરકાર વિચારશે. રૂપાલના એક કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ખેલૈયા નવરાત્રિની કાગડોળે રાહ જોતા હોય છે. કોરોના વચ્ચે પણ લોકો નવરાત્રિ રમવા લોકો ઉત્સુક છે ત્યારે સરકાર આ અંગે વિચારણા કરશે. ગુજરાતના ગરબા વિશ્વમાં આગવી ઓળખ ધરાવે છે પણ કોરોનાના કારણે મોટો ખતરો છે ત્યારે હાલ રાજ્યમાં કોરોનાનું સંક્રમણ અટકે એ જરૂરી છે, તેથી સરકાર બધાં પાસાં અંગે વિચારીને નિર્ણય લેશે.

# અમદાવાદ સહિત ૭ એરપોર્ટનું ખાનગીકરણ

અમદાવાદ એરપોર્ટ સહિત સાત એરપોર્ટનુ ખાનગીકરણ કરાયુ છે. અમદાવાદ એરપોર્ટને હસ્તગત કરવા માટેની કામગીરી છેલ્લા આઠ મહિનાથી ચાલી રહી હતી. તે દરમ્યાન કેટલીક અડચણો પણ આવી હતી. જે સીઆઈએસએફના જવાનોની મોટી સંખ્યાને લઈને હતી. ૧૦ નવેમ્બરથી સત્તાવાર રીતે અમદાવાદનુ એરપોર્ટ અદાણી ગ્રુપ પાસે જતુ રહેશે. એરપોર્ટની કોન્ટ્રક્ટ મુજબ કામગીરી સમજવા માટે અદાણી ગ્રુપના અધિકારીઓ એરપોર્ટની બિલ્ડીગમાં ચાર્જ પણ સંભાળી લીધો છે.

અમદાવાદ એરપોર્ટનો મેઈનટેન્શન અને કોમ્યુનિકેશનનો કોન્ટ્રાકટ અદાણી ગ્રુપ પાસે છે. એટીસી એટલે એર ટ્રાફિક કંટ્રોલ અમદાવાદ એરપોર્ટ ઓથોરીટી પાસે રહેશે.







સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

WWW.SWADESH.NEWS

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૩૫૧ને કોરોના, ૧૦ના મોત, સુરતની સ્થિતિ ચિંતાજનક

ગાંધીનગર : રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૫૬,૭૩૮ ટેસ્ટ કરવામાં આવતા ૧૩૫૧ કેસ નોંધાયા હતા. રાજ્યમાં આજે ૧૦ દર્દીના મોત કોરોનાને લીધે થથા કુલ મૃત્યુઆંક ૩૪૬૩ થયો છે. રાજ્યમાં આજે કુલ કોરોના સંક્રમિત આંકડો ૧ લાખ ૩૮ હજાર ૭૪૫ થયો છે. રાજ્યમાં આજે ૧૩૩૪ દર્દીઓ સાજા થયા છે. આ સાથે કુલ ૧,૧૮,૫૬૫ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. અનલોક ૫ના પ્રથમ દિવસે રાજ્યમાં ઓક્ટોબર માસમાં પ્રથમ દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૧૩૦૦ની સપાટી પર આવ્યો હતો. રાજ્યમાં આજે કોવિડ-૧૯ના લીધે ૧૦ દર્દીના મોત થયા હતા. જેમાં અમદાવાદ શહેરમાં ૩, સુરત શહેર અને જિલ્લામાં ૨, પંચમહાલ, સાબરકાંઠા, વડોદરામાં ૧-૧ મોત કોરોનાનાં કારણે નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૭૨ અને જિલ્લામાં ૨૧ સાથે ૧૯૩ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૩૭ હજારને પાર અમદાવાદ શહેરમાં ૩૭૦૪૧ થયો છે. આજે ૩ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૮૧૬ થયો છે. સુરત શહેરમાં ૧૭૬ અને જિલ્લામાં ૧૧૨ સાથે ૨૮૮ કેસ કોરોના નોંધાયા છે. આ સાથે કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૨૯૪૫૭ થયો છે. આજે ૪ મોત થતા કુલ મૃત્યુઆંક ૭૭૩ થયો છે. વડોદરા શહેરમાં ૯૩ અને જિલ્લામાં ૪૧ સાથે કુલ ૧૩૪ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૧૨૨૨૦ થયો છે. આજે ૧ મોત થતા કુલ મૃત્યુઆંક ૧૮૬ થયો છે. રાજકોટ શહેરમાં ૧૦૮ અને જિલ્લામાં ૪૭ સાથે કુલ ૧૫૫ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૯૪૦૬ થયો છે.જામનગર શહેરમાં ૬૯ અને જિલ્લામાં ૨૩ સાથે ૯૨ કેસ નોંધાયા છે.

# ઈંજેકશનના કાળાબજાર: તબીબ, ફાર્મસી સંચાલક અને સુપરવાઈઝરની ધરપકડ

રાજકોટ: રાજકોટમાં રેમડેસિવિર ઈંજેકશનના કાળાબજારનું કૌભાંડ ખુલ્યા બાદ ક્રાઈમબ્રાન્ચે કોઈ પુર્વ મંજુરી વીના કોવિડની ટ્રિટમેન્ટ કરી દર્દીઓને બીએચએમએસ ડીગ્રીધારી હોમિયોપેથી તબીબ દિપક દેવરાજભાઈ ગઢીયા ઉ.૨૯ રહે. વાંકાનેર સોસાયટી કોપર સિટી ફ્લેટ આઈ/૪૦૩ જામનગર રોડ, નિલકંઠ કોવિડ હોસ્પિટલના મેડિકલ સુપરવાઈઝર મુકેશ ભીખુભાઈ રાઠોડને ઝડપી લઈ મેડિકલ સ્ટોરના કર્મચારી પંકજ વિનોદભાઈ દોમડીયાને પકડી પાડી ઈંજેકશન કૌભાંડ સાથે ગેરકાયદે પ્રેકટીશ કૌભાંડ પણ પકડી પાડયું છે.

પોલીસના સુત્રોની વિગતો મુજબ કોવીડ સંક્રમિત હોમક્વોરન્ટાઈન દર્દીની સારવાર ડો. દિપક અઢીયા કરતા હોવાની ક્રાઈમબ્રાન્ચને માહિતી મળી હતી જેના આધારે પીએસઆઈ એસ.વી. સાખરા તથા ટીમે જે દર્દીની કલસ એપાર્ટમેન્ટ ખાતે સારવારમાં ડોકટર આવતા હતા ત્યાં વોચ ગોઠવી હતી. દર્દીના સગાને રેમડેસિવિર ઈંજેક્શન બતાવીને તબીબે ઈંજેકશનના સાત હજાર રૂપીયા માંગ્યા હતા. જે રૂપીયા દર્દીના સગાએ આપ્યાને તુરત જ ત્યાં હાજર પોલીસે તબીબને પકડી પાડયો હતો. તેની પાસેથી બે ઈંજેકશન ખાલી પણ મળી આવ્યા હતા.

## સુરત સિવિલ અને સ્મીમેરમા કોરોનાના ૧૩૩ દર્દીઓની હાલત ગંભીર

સુરત શહેરમાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. આવા સંજોગોના લીધે ગંભીર હાલતના દર્દીઓની સંખ્યામાં ધીરેધીરે ઘટાડો થઈ રહ્યો છે. નવી સિવિલ ખાતે કોવિડ વોર્ડમાં આજરોજ ૧૪૧ કોરોના પોઝિટિવ દર્દીઓ સારવાર લઇ રહ્યા છે. તે પૈકી ૯૫ દર્દીઓની હાલત ગંભીર છે. જેમાં ૫ વેન્ટિલેટર,૧૬ બાઈપેપ અને ૭૪ દર્દીઓ ઓક્સિજન પર છે. જ્યારે સ્મીમેર હોસ્પિટલમાં આજ રોજ ૫૦ કોરોના પોઝિટિવ દર્દીઓ સારવાર લઇ રહ્યા છે. તે પૈકી ૩૮ દર્દીઓની હાલત ગંભીર છે. જેમાં ૧૨ વેન્ટિલેટર, ૧૧ બાઈપેપ અને ૧૫ દર્દીઓ ઓક્સિજન પર છે. જેથી બંને હોસ્પિટલ ડોક્ટરો અને નર્સીંગ સ્ટાફ સહિતની ટીમ રાતદિવસ ખડે પગે દર્દીઓની સારવાર આપી રહ્યા છે.

## જામનગરમાં ૧ દિવસમાં ૧૩ના મોત, પણ સરકારી ચોપડે શૂન્ય

જામનગર જિલ્લામાં મંગળવારે કોરોનાના વધુ ૯૧ પોઝિટીવ કેસ નોંધાતા કુલ આંક ૫૯૨૦ થયો છે. મંગળવારે નોંધાયેલા કેસોમાં જામનગર શહેરના ૬૯ અને ગ્રામ્યના ૨૨ કેસોનો સમાવેશ થાય છે. ત્યાં જ ગઇ કાલે કોવીડ હોસ્પિટલમાં સારવારમાં રહેલા વધુ ૧૩ દર્દીઓના મૃત્યુ થતાં મૃતાંક ૪૪૮ થયો હતો હોસ્પિટલમાંથી વધુ ૬૭ દર્દીઓને રજા આપવામાં આવી હતી. પરંતુ સવાલ અહિં એ ઉભો થાય છે કે, સરકારી ચોપડે ગઇ કાલે જામનગરમાં એક પણ દર્દીનું કોરોનાનાં કારણે મોત થયું નથી તો શું કોવિડ હોસ્પિટલમાં મોત નિપજેલ તમામ દર્દીઓ કોરોના પોઝિટિવ ન હતા. અને જો આ ૧૩ દર્દીઓના મોત થયા છે.

## રાજકોટમાં ૬ મૃત્તદેહોની ઓટોપ્સીમાં ફેફસાં પથ્થર થઈ ગયા

ગુજરાતના રાજકોટની પીડીયુ મેડિકલ કોલેજના ફોરેન્સિક વિભાગને કોરોનાના મૃતદેહોની ઓટોપ્સી કરવા મંજૂરી અપાઈ છે અને અત્યાર સુધીમાં ૬ ઓટોપ્સી થઈ ચૂકી છે. જેમાં કોરોના મુદ્દે ઓટોપ્સીમાં ચોંકાવનારો ખુલાસો કર્યો છે. ફોરેન્સિક મેડિસિન વિભાગના વડાએ જણાવ્યું હતું કે, કોરોના વાઇરસને કારણે ફેફસાંમાં ફાઈબ્રોસિસ ખૂબ વધી જાય છે આ કારણે જ્યારે બોડીમાંથી ફેફસાં કાઢ્યાં ત્યારે જાણે પથ્થર ઉપાડ્યો હોય તેવું લાગ્યું હતું. ફાઈબ્રોસિસ તો ટી. બી. અને ન્યુમોનિયામાં પણ થાય છે પણ એ ઉપર અને નીચેના જ ભાગમાં હોય પણ કોરોનામાં બધી જ જગ્યાએ ફાઈબ્રોસિસ થઈ ગયું હતું.

## હાર્ટ, કીડની, ફેફસા ૯૦ ટકા બંધ છતાં કોરોનાને માત આપી

ભાયાવદરના ૬૮ વર્ષીય ખેડૂત રમેશભાઈ માકડીયાની તબિયત બગડતા ઉપલેટા આરોગ્ય કેન્દ્રમાં બતાવ્યા બાદ રાજકોટ સિવિલમાં કોરોના ટેસ્ટ થતા પોઝીટીવ આવ્યા. રાજકોટ સિવિલમાં લાવવામાં આવ્યા ત્યારે તેમના હૃદયનું એક કર્ણ બ્લોક થઈ ગયું હતું. ફેંફસામાં ૯૦ ટકા ઈન્ફેક્શન હતું. કીડની પણ કામ કરતી નહોતી. તેઓને રેરેસ્ટ ઓફ ધી રેર ૬ હાઈરીસ્ક ફેક્ટર કેટેગરીમાં મુકાયા હતા. અમદાવાદના તજજ્ઞ સહિત ૬ તબીબોની ટીમે દર્દીને ૧૧ દિવસ ઓક્સિજન અને ૧૧ દિવસ વેન્ટીલેટર પર રાખ્યા હતા. ૨૨ દિવસની સારવાર બાદ દર્દી સાજા થયા હતા. દર્દી પરિવારજનોને મળ્યા તે સમયે સહર્ષ રડી પડ્યા હતા.

## અમરેલી બીજેપી સાંસદ નારણ કાછડિયા કોરોનાથી સંક્રમિત

રાજ્યમાં કોરોના વાઈરસ સતત બેકાબુ બનીને હાહાકાર મચાવી રહ્યો છે, ત્યારે તેની ઝપેટમાં હવે સામાન્ય માણસો જ નહીં, પરંતુ રાજનેતાઓ પણ આવી રહ્યા છે. આજે રાજ્યના વધુ એક સાંસદ કોરોના સંક્રમિત બન્યા છે. અમરેલીના બીજેપી સાંસદ નારણ કાછડિયા કોરોનાની ઝપટે ચઢ્યા છે. તેમને આ વિશેની માહિતી ટવીટ કરીને આપી છે. અમરેલીના બીજેપી સાંસદ નારણ કાછડિયાએ ટ્વિટમાં પોતે કોરોના પોઝિટીવ હોવાનું જણાવ્યું છે અને હાલ તેમની તબિયત સારી હોવાનું જણાવ્યું છે. તેમણે સંપર્કમાં આવનારને કોરોના ટેસ્ટ કરાવવા અપીલ પણ કરી છે.

# રાજકોટ પંથકમાં ૩૦ દિવસમાં કોરોનાના ૩૦૦૦ કેસ, રિકવરી રેઈટ ૩૦% વધ્યો

## છેલ્લા ૧૧ દિવસથી રાજકોટમાં ૧૦૦થી વધુ કેસ, એક્ટિવ કેસ ૧૦૦૦થી ઓછા

રાજકોટ : રાજકોટમાં એક માસમાં કોરોનાના ૩૦૨૮ નવા કેસ સામે આવ્યા છે. જયારે ૩૪૦૧ દર્દી કોરોનાને મ્હાત આપી સાજા થઇ ચુક્યા છે. પહેલી સપ્ટેમ્બરે કોરોનાથી સાજા થતા દર્દીઓનો રેશિયો ૫૧.૦૮ ટકા હતો જે ૩૦મી સપ્ટેમ્બરે વધીને ૮૧.૧૯ ટકા થયો છે. તે જ રીતે સપ્ટેમ્બર માસના પ્રથમ દિવસે દૈનિક થતા કોરોના ટેસ્ટમાં પોઝીટીવ આવતા દર્દીઓ ૨.૮૯ ટકા હતા. જે માસના છેલ્લા દિવસે ઘટીને ૨.૮૧ ટકા થયા છે.

## ૧૦૧ દિવસની લાંબી જંગ બાદ ભરતસિંહ ડિસ્ચાર્જ

૧૦૦ દિવસથી કોરોના સામે લડનાર કોંગ્રેસના નેતા ભરતસિંહ સોલંકીને ગુરૂવારે હોસ્પિટલમાંથી રજા આપી દેવાય હતી. ભરતસિંહ સોલંકીએ કોરોનામાં મ્હાત આપી ગુજરાત કોંગ્રેસમાં ફરી સક્રિય થાય તેવી શક્યતા છે. એશિયામાં સૌથી લાંબી કોવિડ સારવાર ચાલી હોય તો તે ભરતસિંહ સોલંકીની છે. જેઓએ ૧૦૧ દિવસ બાદ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરાયા છે. ભરતસિંહને ૫૧ દિવસ સુધી વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા. અને ૩૦ જૂનથી સિમ્સમાં સારવાર હેઠળ હતા.

First Flight
FFCL Couriers Inc.
દુનિયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ
બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્જી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631
સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકળા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન, ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com

અઘોર સમ્શાનિક, નૂરહજુરી સિપલી ઈલમના ખાસ જાણકાર
(તાંત્રિક સમ્રાટ - ગોલ્ડ મેડાલિસ્ટ) - ૧૭ વર્ષથી આપની સેવામાં.. વિશ્વાસપાત્ર સ્થળ
શિવશ્રધ્ધા જ્યોતિષ
UK - USA - CANADA - AUS તથા ભારતમાં મશહુર
ખતરનાક ઈચ્છાધારી વશીકરણ, શત્રુનાશ, ધારેલી વ્યકિતનું મિલન, ગ્રીન કાર્ડમાં સમસ્યા, સૌતનમુકિત, દારૂ છોડાવવા સ્પેશ્યાલીસ્ટ
અશકય કશું નથી, બધું શકય છે.
૧૫૧% કામની લાઈફટાઈમ ગેરંટી
બિઝનેસ પ્રોબ્લેમ, શત્રુથી હેરાનગતિ. ચંદ્રમોહીની વશીકરણ સ્પેશ્યાલીસ્ટ
ઘરે બેઠા કામ
ખવડાવ્યા-પીવડાવ્યા વગર વશીકરણ થઈ શકે છે.
NRI ભાઈઓ બહેનો માટે ફોન પર માર્ગદર્શન
બધી જગ્યાએથી નિરાશ થયેલા ખાસ મળો (વાત ગુપ્ત)
84/A, શ્રીકુંજ રો હાઉસ, ઘાટલોડીયા, અમદાવાદ, India.
M:+91 99246 34078







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## મસ્જીદ તોડવા અંગે યોગ્ય પુરાવાને અભાવે ભાજપ અને હિંદુસંગઠનોના અનેક નેતા બાઈજ્જત બરી

# બાબરી વિધ્વંસ કેસ : ભારતમાં વધુ એક વિવાદનો અંત

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ભારતના ઈતિહાસમાં સૌથી વિવાદીત પ્રકરણ ગણાતા રામજન્મ ભૂમિ વિવાદ સાથે સંકળાયેલી ૧૯૯૨ની બાબરી વિંધ્વંસની ઘટનાથી સમગ્ર દેશમાં કોમી તોફાનો ફાટી નીકળ્યા હતા. યુપીના તે સમયના મુખ્યમંત્રી કલ્યાણસિંહે આ ઘટનાની કિંમત રાજકીય નુકસાન ખાઈને ચુકવી હતી. બાબરી કેસમાં લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી, ઉમા ભારતી, કલ્યાણ સિંહ, વિનય કટિયાર જેવાં રામમંદિર ઝુંબેશ સાથે સંકળાયેલાં ભાજપનાં નેતાઓ ઉપરાંત સાધ્વી ઋતંભરા, ચંપતરાય બંસલ, મહંત નૃત્ય ગોપાલ દાસ, વિષ્ણુહરિ દાલમિયા, રામવિલાસ વેદાંતી, બૈકુંઠલાલ શર્મા ઉર્ફે પ્રેમજી, સતિષ પ્રધાન સહિતના હિંદુવાદી સંગઠનોના ધુરંધરો સહિત કુલ ૫૩ આરોપી સામે મામલો અદાલતમાં હતો.

આરોપીઓમાં આજે ૩૨ હયાત છે. આ બધા સામે ૬ ડિસેમ્બર, ૧૯૯૨ની કારસેવાના આગલા દિવસે વિનય કટિયારના ઘરે ભેગા થઈને બાબરી મસ્જિદને ભોંયભેગી કાવતરું ઘડેલું એવો આરોપ હતો. દરમિયાન આ કેસમાં મંગળવારે ચુકાદો આવ્યો હતો. જેમાં લખનઉની સીબીઆઈ કોર્ટે તમામ આરોપીઓને નિર્દોષ ઠેરવ્યા હતા. આ કેસમાં સીબીઆઈનું કહેવું હતું કે, અડવાણી, જોશી વગેરેએ પહેલાંથી નક્કી કરી રાખેલું કે બાબરી મસ્જિદનું કામ આજે તમામ કરી નાખવું અને એ મનસા પાર પાડવા તેમણે કારસેવકોને ઉશ્કેર્યા હતા. સીબીઆઈના આરોપ પ્રમાણે બાબરી મસ્જિદ તૂટી તેના આગલા દિવસે જ કારસો કરીને આ આખો કાર્યક્રમ તૈયાર કરી રખાયો હતો.

લખનૌની સીબીઆઈ કોર્ટે સીબીઆઈના આરોપોને ખોટા ગણાવીને બધાંને છોડી મૂક્યા છે. હિન્દી ફિલ્મોની ભાષામાં કહીએ તો બાઈજ્જત બરી કરી દીધા છે. આમ તો અયોધ્યા વિવાદનો ચુકાદો હિંદુઓની તરફેણમાં આવ્યો એ દિવસથી જ અટકળો ચાલતી હતી કે, બાબરી મસ્જિદને લગતા કોઈ કેસમાં કસ રહ્યો નથી. અડવાણી, જોશી સહિતના ધુરંધરોનો છૂટકારો થઈ જશે. આ સંજોગોમાં સીબીઆઈ કેસનો ચુકાદો એક ટેકનાલિટીથી વધારે કંઈ નથી. કેમ કે બાબરી મસ્જિદ ધ્વંસ કેસમાં કશું બચ્યું નહોતું. રામ જન્મભૂમિ મંદિરના જમીન વિવાદનો ચુકાદો તો હમણાં આવ્યો, પણ બાબરી ધ્વંસનો કેસ તો વરસો પહેલાં જ કોર્ટમાં ચાલતો એક કેસ બનીને રહી ગયો હતો. કોર્ટ ચુકાદો આપે તેની ફોર્માલિટી જ બાકી રહી ગઈ હતી.

સીબીઆઈ કોર્ટનો આ ચુકાદો દેશના ફાયદામાં છે તેમાં શંકા નથી. કેમ કે કોઈ આડોઅવળો ચુકાદો આપીને દેશમાં કોમી તણાવનો માહોલ પેદા કરવામાં જરાય શાણપણ નથી. હવે બાબરી મસ્જિદનું અસ્તિત્વ નથી. ત્યારે તે કોણે તોડી તે મુદ્દે વિવાદ ઉભો થાત તો ફરી વર્ષો નીકળી જાત. સુપ્રીમ કોર્ટે બાબરી મસ્જિદની તરફેણમાં ચુકાદો આપ્યો હોત અને ફરી એ સ્થળે મસ્જિદ ઊભી કરવા કહ્યું હોત તો અલગ વાત હતી. પણ એવું થયું નથી. આ સંજોગોમાં બાબરી ધ્વંસના ચુકાદા વિશે કશું કહેવા જેવું રહ્યું નથી. પણ આ ચુકાદાએ આઝાદ ભારતના ઈતિહાસના સૌથી ચર્ચિત પ્રકરણની યાદ તાજી કરી દીધી હતી. રામમંદિર ઝુંબેશ વખતે વીએચપીનો જોરદાર દબદબો હતો. વિશ્વ હિંદુ પરિષદે રામમંદિરના નામે લોકોમાં જોરદાર ઉન્માદ પેદા કરી દીધેલો. વિશ્વ હિંદુ પરિષદના અસલી ચહેરા વિશે કોઈને ખબર નહોતી અને લોકો માનતા કે, હિંદુઓનું ભલું કરવા માટે આ સંગઠન મેદાનમાં આવ્યું છે. એ વખતે વિહિપના એક બોલ પર લાખો યુવાનો ઉમટી પડતા હતા. જેને કારણે હિંદુત્વની જબરદસ્ત લહેર આખા દેશમાં ઊભી થઈ હતી.

અયોધ્યામાં રામમંદિરના નિર્માણ માટે વિશ્વ હિન્દુ પરિષદ જે પણ કાર્યક્રમ આપે એ બધા બ્લોકબસ્ટર બની જતા હતા. રાતોરાત ઉગ્ર હિંદુવાદી નેતા પેદા થઈ ગયા હતા. હિંદુવાદી નેતાઓનાં ભાષણથી હિંદુઓની નસોમાં વહેતું લોહી ઉછાળા મારવા માંડતું અને આ દેશમાં હવે હિંદુત્વ સિવાય કશું નહીં ચાલે એવું જ લાગતું હતું. હિંદુત્વના નામે દુકાન ચલાવતા ઘણા નેતાને ભાજપે પડખામા લીધેલા અને એ બધા ભાજપમાં મોટા ભા થઈ ગયેલા.

સાધ્વી ઋતંભરા, યોગી આદિત્યનાથના ગુરૂ મહંત અવૈદ્યનાથ, ઉમા ભારતી, સાક્ષી મહારાજ વગેરેનો એ સમયે ભારે દબદબો હતો. આ બધા નેતા હિંદુત્વના પ્રતિક મનાતા હતા.

વિશ્વ હિંદુ પરિષદે અયોધ્યામાં ઘણી વાર કારસેવાનાં એલાન આપ્યા હતા. પહેલી ૬ નવેમ્બર ૧૯૯૦ની કારસેવા કે જ્યારે મુલાયમસિંહ યાદવ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી હતા. મુલાયમે કારસેવકો પર ગોળીઓ મરાવીને અયોધ્યાની ભૂમિને રક્તરંજિત કરી હતી. એ પછી ૬ ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ અપાયેલા કારસેવાના એલાન વખતે બાબરી મસ્જિદને ધ્વંસ કરી દેવાયેલી. એ વખતે ભાજપના કલ્યાણસિંહ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી હતા અને તેમણે કારસેવકોને મોકળું મેદાન આપ્યું તેમાં ૬ ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ બાબરી મસ્જિદ ધ્વંસ કરીને વિવાદાસ્પદ સ્થળે મેદાન બનાવી દેવાયું હતુ. ઘટના વખતે નરસિંહરાવની સરકારે ઉત્તર પ્રદેશની કલ્યાણસિંહ સહિતની ભાજપની ચાર સરકારોને સસ્પેન્ડ કરી હતી. આ ઉપરાંત બાબરી ધ્વંસ માટે ફોજદારી કેસ દાખલ કર્યો હતો. તેને કારણે ભાજપ અને હિંદુ સંગઠનનો ધુરંધરોમાં પણ ફફડાટ પેસી ગયો હતો.

આ કેસમાં જેલમાં જવાનું આવે તો કારકિર્દી પતી જાય એટલે બધા હાથ ખંખેરીને ઊભા થઈ ગયા હતા. એ વખતે શિવસેનાના વડા બાળાસાહેબ ઠાકરેએ ડંકે કી ચોટ પર કહેલું કે, બાબરી મસ્જિદ મારા શિવસૈનિકોએ તોડી હોય તો તેનો મને ગર્વ છે. એ માટે મારા પર કેસ કરવો હોય તો કરો. અમે કોઈનાથી ડરતા નથી. બાળાસાહેબે જે ભાષામાં વાત કરી એ મરદની ભાષા હતી પણ આ ભાષા ભાજપ કે બીજાં હિંદુવાદી સંગઠનોના નેતા નહોતા બોલી શક્યા. આ કેસમાં પહેલી એફઆઈઆર નોંધાઈ તેમાં હજારો કારસેવકોને આરોપી બતાવાયા હતા. પછીથી અડવાણી, જોશી સહિતના નેતાઓને ઉશ્કેરણી કરવા બદલ આરોપી દર્શાવાયા હતા. એ લોકોએ પહેલાંથી જ હાથ અધ્ધર કરી દીધા હતા. તેઓએ જાહેર કરેલું કે, અમે કોઈ ઉશ્કેરણી કરી નથી. બાબરી ધ્વંસનો કેસ એ પછી ચાલ્યો ત્યારે પણ આ ધુરંધરો ભાગતા જ ફરતા હતા. ૧૯૯૮માં કેન્દ્રમાં ભાજપની સરકર આવી પછી તો કાવતરાનો કેસ પણ કાઢી નખાયેલો. એ મુદ્દે પાછો લાંબો કાનૂની જંગ ખેલાયો ને છેવટે ૨૦૧૭માં પાછી કાવતરાની કલમો ઉમેરવા સુપ્રીમ કોર્ટે આદેશ આપતાં આ કેસ પાછો શરૂ થયો હતો.

બાબરી ધ્વંસનું કાવતરું નહોતું ઘડાયું એવું કોર્ટે જ કહી દીધું છે. કોર્ટે નોંધ્યું છે કે, આ ઘટના એકાએક સર્જાય હતી. જેની પાછળ કોઈ એકબે નેતા કે સંગઠન પણ ન હતુ. જો કે, હકીકત પણ એ છે કે, બાબરી ધ્વંસ માટે ભાજપ અને હિંદુવાદી સંગઠનો જવાબદાર હતા તેમાં શંકા નથી. ભાજપના લાભાર્થે વિહિપ સહિતનાં સંગઠનોએ રામમંદિરના મુદ્દાને બરાબરનો ભડકાવીને કારસેવાના નામે અયોધ્યામાં લાખો લોકોને ખડકી દીધેલાં. તેમાં બીજાં હિંદુવાદી સંગઠનોના નેતાઓ અને શિવસૈનિકો પણ હતા. લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી, ઉમા ભારતી સહિતની ભાજનાએ વખતના બધા મોટા નેતા હાજર હતા.. આમ છતાં ઢાંચો તોડવા માટે તેને જવાબદાર ઠેરવતા પુરાવા પોલીસ રજૂ કરી શકી નહીં. હવે સીબીઆઈ કોર્ટના આ ચુકાદા સામે બાબરી મસ્જિદ એક્શન કમિટીએ ઉપલી અદાલતમાં જવાનું એલાન કર્યું છે. જો કે, હવે સત્તાનાં સમીકરણ બદલાયાં છે ત્યારે તો બીજા કોઈ કેસના ચુકાદામાં વર્ષો વીતી જાય તેવી શક્યતા છે.



સીબીઆઇ કોર્ટે બાબરી કેસમાં સામેલ તમામ આરોપીઓને નિર્દોષ ઠેરવતો આદેશ કરી દીધો, કોર્ટે ઘટનાને પૂર્વનિયોજીત કાવતરું ન હોવાનો પણ ચુકાદામાં ઉલ્લેખ કર્યો



## ટોમ ક્રુઝને સ્પેસમાં શૂટિંગ કરવા નાસાની મંજૂરી

મુંબઈ: છેલ્લા થોડા દિવસોથી ચર્ચા હતી કે હોલીવૂડનો અભિનેતા ટોમ ક્રુઝ પોતાની આવનારી ફિલ્મનું શૂટિંગ સ્પેસમાં કરશે. ત્યારે આ વાત માત્ર અફવા લાગી હતી. પરંતુ હવે જાણવા મળ્યું છે કે, નાસાના ચીફે કન્ફર્મ કર્યું છે કે ટોમ ક્રુઝને સ્પેસમાં શૂટિંગ કરવાની મંજૂરી આપી છે. હાલમાં જ આ ફિલ્મના દિગ્દર્શક ફાઇનલ કરવામાં આવ્યા છે. આ દુનિયાની અત્યાર સુધીની પ્રથમ ફિલ્મ હશે જેનું શૂટિંગ સ્પેસમાં કરવામાં આવશે. નાસાના મશહૂર ઉદ્યોહતિ એલન મસ્કને સ્પેસએક્સ પોર્જેકટનો સ્પેસક્રાફ્ટ લોન્ચ કર્યો છે.



# સુશાંતના શરીરમાંથી કોઇ ઝેર મળ્યું નથી: AIIMS



મુંબઈ: હોનહાર અભિનેતા સુશાંત સિંઘ રાજપૂતના શરીરમાં ઓર્ગેનિક ઝેર હોવાના કોઈ અણસાર મલ્યા નથી એવો રિપોર્ટ AIIMSના ડૉક્ટરોએ આપ્યો હતો. એનો અર્થ એ કે સીબીઆઈએ વ્યક્ત કરેલો અભિપ્રાય સાચો હોઈ શકે છે કે સુશાંતની હત્યા થઈ હોવાનો કોઈ પુરાવો મળ્યો નથી. જો કે મુંબઈના વિલે પારલે ઉપનગરમાં આવેલી કૂપર હૉસ્પિટલના ડૉક્ટરો હજુ શંકાના વર્તુળમાં હોવાની જાણકારી પણ મળી હતી. કૂપરના ડૉક્ટરો પર એવો આક્ષેપ હતો કે એ લોકોએ સુશાંતના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મનઘડંત વાતો કરી હતી. AIIMSના નિષ્ણાત ડૉક્ટરોએ કૂપર હૉસ્પિટલના ડૉક્ટરોએ આપેલા રિપોર્ટની વિગતો તપાસી જવાની ભલામણ કરી હતી. AIIMSના ડૉક્ટરોએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે સુશાંતના કેસમાં કૂપર હૉસ્પિટલના ડૉક્ટરોએ બેદરકારી દાખવી હતી. કૂપર હૉસ્પિટલના ડૉક્ટરોએ સુશાંતના ગળા પરના ઈજાના નિશાન બાબત કશું કહ્યું નહોતું. એ જ રીતે સુશાંતનું મોત ખરેખર ક્યારે થયું એ ટાઈમિંગ પણ કૂપરના રિપોર્ટમાં નહોતું. કૂપર હૉસ્પિટલે સુશાંતની ઓટોપ્સી કર્યાનો દાવો કર્યો હતો. સુશાંતના કુટુંબ તરફથી રોકવામાં આવેલા વકીલે એવો આક્ષેપ કર્યો હતો કે સુશાંતને મારતાં પહેલાં એને ઝેર આપવામાં આવ્યું હતું. AIIMSના રિપોર્ટમાં સ્પષ્ટ થયું હતું કે સુશાંતને ઝેર અપાયું નહોતું.

## ૧૩ જૂનની રાત્રે 3 વાગ્યે સુશાંત રિયાને મળ્યો હતો, આ સાક્ષીએ નજરે જોયું!

સુશાંત સિંહ રાજપૂત કેસની તપાસ હાલમાં સીબીઆઈ કરી રહી છે. તેમના મૃત્યુ બાદથી આ બાબતે ઘણી વાતો પ્રકાશમાં આવી છે. સુશાંતનું મોત કેવી રીતે થયું તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી. આજે આ કેસને ૪ મહિના થઈ ગયા છે. રિયા ચક્રવર્તીના અત્યાર સુધીના નિવેદન મુજબ તે ૮ જૂન પછી સુશાંતને મળી નહોતી, ન તો તેની સાથે વાત કરી હતી. પરંતુ હવે ભાજપના નેતા વિવેકાનંદ ગુપ્તાએ દાવો કર્યો છે કે સુશાંત અને રિયાની મુલાકાત ૧૩ જૂનની રાત્રે થઈ હતી. નવા અહેવાલો અનુસાર ભાજપના મુંબઈ સેક્રેટરી એડવોકેટ વિવેકાનંદ ગુપ્તાએ કહ્યું હતું કે તેમને એક સાક્ષી પાસેથી ખબર પડી કે સુશાંત ૧૩ જૂનના રોજ રિયાને ઘરે મૂકવા ગયો હતો.

## રિયા ડ્રગ સિન્ડિકેટની એક્ટિવ મેમ્બર છે: એનસીબી

મુંબઇ: નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરોએ કોર્ટમાં કહ્યું હતું કે અભિનેત્રી રિયા ચક્રવર્તી ડ્રગ સિન્ડિકેટની એક્ટિવ મેમ્બર હતી અને સુશાંતને ડ્રગ લેવા એ પ્રોત્સાહિત કરતી હતી. આ એક વ્યવસ્થિત યોજનાપૂર્વકનું કાવતરું હતું. NCBએ કહ્યું કે આ ડ્રગ સિન્ડિકેટમાં હાઇ સોસાયટીના કેટલાય લોકો સંડોવાયેલા હતા. રિયાને જાણ હતી કે સુશાંત ડ્રગ લેતો હતો અને એ દરમિયાન એને રોકવાને બદલે રિયા એને સતત પ્રોત્સાહિત કરતી હતી.

## અમે કોઇ અભિનેતાનું નામ આપ્યું નથી: એનસીબી

મુંબઇ : નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનબીસી)એ એવી સ્પષ્ટતા કરી હતી કે અમે બોલિવૂડમાં ડ્રગના દૂષણ અંગે મિડિયાને કોઇ અભિનેતાનું નામ આપ્યું નથી. મિડિયામાં પ્રગટ થયેલાં નામો મિડિયાએ કલ્પી કાઢેલાં હતાં. ટોચની અભિનેત્રીઓને એનસીબીએ બોલાવીને પૂછપરછ કરી હતી. એ સમયે અભિનેત્રીઓ પછી હવે અભિનેતાઓનો વારો એવો એક અહેવાલમાં એક અખબારે એનસીબીના સૂત્રને ટાંકીને બોલિવૂડના બેતાજ બાદશાહ મનાતા શાહરુખ ખાન, રણબીર કપૂર, અર્જુન રામપાલ તથા ડીનો મોરિયાનાં નામ પ્રગટ કર્યાં હતાં. એ સંદર્ભમાં એનસીબીએ આ ખુલાસો કર્યો હતો.

## અમિતાભ બચ્ચને ટ્વીટર પર અંગદાનનો નિર્ણય જાહેર કર્યો



મુંબઈ: બોલીવૂડના મહાનાયકે ટ્વીટર પર અંગદાન કરવાનો નિર્ણય જણાવ્યો છે. જોકે તેઓ હેપટાઇટસથી પીડાઇ રહ્યા હોવાથી આ કઇ રીતે શક્ય છે તેવી આશંકા યુઝર્સે વ્યક્ત કરી છે. અમિતાભે ટ્વીટર પર એક તસવીર સાથે શેર કર્યું છે. તેમણે જણાવ્યું હતું કે. અંગદાન કરવાની સૌગંધ લઇ લીધી છે. હું આ પવિત્રતા સમાન લીલી રિવીન પહેરું છે. તેમણે આ સાથે એક તસવીર શેર કરી છે જેમાં તેમણે લીલી રિબીન પહેરી હોવાનું જોવા મળે છે. જોકે એક યુઝરે લખ્યું છે કે, સર તમને હેપેટાઇટસ-બી છે, તો તમે કઇ રીતે તમારા અવયવોને અન્યોના શરીરમાં ટ્રાન્સપ્લાન્ટ માટે આપી શકોય તમારું તો લિવર પણ ટ્રાન્સપ્લાન્ટ થયું છે.

## સુશાંત સિંહ રાજપૂતના મિત્રો ન્યાય માટે ભૂખ હડતાળ કરશે



સુશાંતસિંહ રાજપૂત મામલામાં સીબીઆઈ ભલે તપાસમાં લાગી હયો પરંતુ હજુ પણ કોઈને પણ આ મામલાનું સત્ય એટલે કે સુશાંતનું મોત કેવી રીતે થયું તે જાણી શકાયું નથી. આ વાતને લઈને ચાહકો અને સુશાંતના નજીકના દુ:ખી અને નારાજ છે. હવે સુશાંતના મિત્ર અને કોરિયોગ્રાફર ગણેશ હિવારકર અને તેમના પૂર્વ સ્ટાફ મેમ્બર અંકિત આચાર્યે ઉપવાસ કરવાની જાહેરાત કરી છે. ગણેશ હિવારકરે એલાન કર્યું છે કે હું અને અંકિત ગાંધી જયંતીના દિવસે એટલે કે ૨ ઓક્ટોબરથી દિલ્હીમાં ભુખ હડતાળ કરવા જઈ રહ્યા છીએ. અમારે સફળ ભૂખ હડતાળ માટે ગાંધીજીના આશિર્વાદ જોઈએ. એટલા માટે અમે IGI એરપોર્ટથી રાજઘાટ સુધી પદયાત્રાનું આયોજન કરાયું છે. જેમાં સુશાંતના ચાહકો અમારી સાથે જોડાશે. તેના પછી અમે શુક્રવારથી ભૂખ હડતાળ પર ઉતરીશું. અમારી મીડિયાને વિનંતી છે કે અમને સપોર્ટ કરે. પોતાની ચેનલમાં આ ચલાવવામાં આવે.

## સોનૂ સૂદનું સંયુક્ત રાષ્ટ્રસંઘે સન્માન કર્યું



મુંબઈ: કોરોના મહામારીમાં પરપ્રાંતીયોના મસીહા બનેલા સોનૂ સૂદને સંયુક્ત રાષ્ટ્ર સંઘે પ્રતિષ્ઠિન એસડીઝી સ્પેશિયલ હ્યુમેનિટેરિયન એક્શન એવોર્ડથી સમ્માનિત કરવામાં આવ્યો છે. વિશ્વમાંથી પસંદગીની વ્યક્તિઓને જ આ પુરસ્કાર પ્રદાન કરવામાં ાવ્યો છે. આ એવોર્ડને યૂનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ સમિતિ હ્વારા આપવામાં આવ્યો છે. આ સમ્માન મેળવીને સોનૂ ખુશ છે. કોરોના સંકટ દરમિયાન સોનૂએ સતત પરપ્રાંતીય મજૂરોને મદદ કરી છે અને હજી પણ જરૂરિયાતો જોઇતી સહાય આપી રહ્યો છે. તેણે ગરીબ બાળકો માટે સ્કોલરશિપ કાર્યક્રમ પણ શરૂ કર્યો છે જેથી બાળકો પોતાના મનપસંદ વિષય સાથે ભણી શકે. આ ઉપરાંત અભિનેતાએ એક એપની પણ શરૂઆત કરી છે. જેના હ્વારા પ્રવાસી મજૂરોને નોકરી પણ મળી શકશે. આ એપનું નામ તેણે પ્રવાસી રોજગાર રાખ્યું છે.

## ગુરમીત ચૌધરી અને દેબીના બેનર્જી કોરોનાની ઝપેટમાં



મુંબઈ: ટેલિવિઝન જગતની સૌથી પસંદગીની જોડીમાંના એક ગુરમીત ચોધરી અને દેબીના બેનર્જી ને કોવિડ ૧૯નો રિપોર્ટ બુધવારે પોઝિટિવ આવ્યો હતો. બન્નેએ સોશિયલ મીડિયા પર આ વાતની માહિતી આપી હતી. બન્ને જણા હાલ આઇસોલેશનમાં રહે છે. ગુરુમીતે ટ્વીટ કરીને જણાવ્યું હતું કે, પોતે અને દેબીના કોરોના પોઝિટિવ થયા છે. તેણે લખ્યું છે કે, મારી પત્ની દેબીના અને હું કોવિડ ૧૯ પોઝિટિવ છીએ. સદભાગ્યથી અમારી તબિયત સારી છે અને અમે હોમ આઇસોલેશન રહીએ છીએ. તેમજ કોરોના રોગચાળાને લગતી તમામ સૂચનાઓનું પાલન કરીએ છીએ. અમારા સંપર્કમાં આવનારા લોકોને વિનંતી કરીએ છીએ કે પોતાની મેડિકલ ટેસ્ટ કરાવી લે. તમારા પ્રેમ અને સપોર્ટ માટે આભાર.





Vallabh Youth Organisation
VYO
CANADA
We Serve Happiness



Inspired by Shri Vrajrajkumarji Mahodayshri

# Shri Krushnadham Sankul-Vrajbhumi

18111 HWY 50 Road, Caledon, Ontario, L7E 0E5, Canada (Intersection of Hwy 50 Road & Hwy 9 - South East Corner)

Inviting you and your loved ones to participate at this spiritual event

## PUSHTI SUR-SANGEET

Presented by:

Malhaar Entertainment



Jitendrakumar Joshi

Studio Chaar

On Sunday October 11th, 2020
2:00pm to 4:00pm - ON f LIVE

Join us Live on :
VYO Canada
https://www.facebook.com/vyocanada/

KENYA TIME: 9:00 pm (21:00 hrs)
UK TIME: 7:00 pm (19:00 hrs)
INDIA TIME: 11:30 pm (23:30 hrs)

EASTERN TIME: NEW YORK / TORONTO - 2:00 pm (14 hrs)
CENTRAL TIME: CHICAGO / HOUSTON - 1:00 pm (13 hrs)
MOUNTAIN TIME: Edmonton - 12:00 pm, PACIFIC TIME: Vancouver / LA - 11:00 am

For Great Grand Sponsor $2,500, Grand Sponsor $1,000, Event Sponsor $500, Business Card Size advertise $250 or Name for Jay Shri Krushna in this flyer - $51 Nyochhavar - Please Contact: Program Lead

VYO Canada - Krushnadham Sankul-Vrajbhumi - Weekly Activity Information

Contact: P.K. Shah or Any Committee members ( listed in facebook) VYO Canada # 416-421-7373

http://www/facebook.com/vyocanada - For E-transfer Donation : Email: canadavyo@gmail.com

We appreciate your Generosity - A tax deductible receipt will be issued for all donations.

| Program Lead | President | Vice-President | Secretary/ Treasurer |
|---|---|---|---|
| Rajesh Shah | Pravin (PK) Shah | Subhash Shah | Avni Marfatia |
| 647-269-5959 | 416-918-5054 | 416-707-7098 | 416-471-7140 |

**Event Sponsor - Jignesh Patel**

Homelife/Miracle, Realty Ltd., Brokerage
Independently Owned and operated
HOMELIFE HIGHER STANDARDS
Jignesh Patel
Sales Representative
647.381.1492
realtor@jignesh.ca
B: 416.747.9777
F: 416.747.7135
5010 Steels Ave W. Suite 11A, Toronto, ON. M9V5C6

**Event Sponsor - Ray Patel**

Pizza Hut
RAY PATEL
Pizza Hut Franchisee
416 - 837 - 8409
888 - 502 - 7671
raypatel.22@gmail.com

PIZZA HUT
2066 Kipling Ave, Etobicoke, ON M9W 4K3
416 - 743 - 0062

PIZZA HUT
1630 Albion Rd, Etobicoke, ON M9V 5H5
416 - 743 - 8313

PIZZA HUT
1949 Finch Ave W, North York, ON M3N 2V3
416 -749 - 4313

PIZZA HUT
8290 Hwy 27 #5, Woodbridge, ON L4H 0S1
905 - 605 - 3031

**Jay Shri Krushna to all from**

Jagdishbhai Sevak
Manishaben J. Sevak
Deveshbhai H. Shah
Pravin (PK) Shah
Gitaben P. Shah
Sandipbhai Marfatia
Avniben S. Marfatia
Subhashbhai B. Shah
Jayshreeben S. Shah
Devanshi Shah
Binita Patel
Rajesh Patel
Dhruv Patel
Sandeep & Hina Gandhi

**Event Sponsor**

PANCHVATI®
SUPERMARKET
AJAX • BRAMPTON • ETOBICOKE • MISSISSAUGA • SCARBOROUGH
WWW.PANCHVATI.CA

**Event Sponsor - Satish Patel**

Your Home Sold GUARANTEED or I'll Buy It!*
SATISH PATEL
Broker
www.HomeAndCondo101.com
HOMELIFE/MIRACLE REALTY LTD., Brokerage
Independently Owned & Operated
5010 Steeles Ave W. #11A, Toronto, ON, M9V 5C6
Office: 416-747-9777 Fax: 416-747-7135
416-801-7294
trustsatish1@gmail.com
*Seller and Satish Patel must agree on price and closing date.

Homelife/Miracle Realty Ltd., Brokerage
Independently Owned & Operated
Hiral Shah
SALES REPRESENTATIVE
Direct : 647-829-6169
Office : 416-747-9777
Fax : 416-747-7135
Email : info@shahhiral.com

Homelife/Miracle Realty Ltd., Brokerage
Independently Owned & Operated
ASHWIN RANINGA
Sales Representative
Cell: 647 296 3690
Office: 416 747 9777
Fax: 416 747 7135
Email: ashwinraninga@gmail.com

UDIT PATEL
Sales Representative
416-899-0899
GATE
O: 905-793-2800
F: 905-793-2807
realtorudit@gmail.com
www.uditpatel.ca

RED 88.9FM
A Complete Gujju show
AAPNO GUJARATI
With RJ Jaymin Thakkar
STREAMING IN TORONTO EVERY SUNDAY
9:00AM - 11:00 AM

HARRY INSURANCE SERVICES
Super Visa • Life • Investment
Specialized in:
- Visitor (Super Visa), Medical & Travel Insurance
- Life Insurance & Mortgage Protection
- TFSA, RESP & RRSP Investment
- Health & Dental Insurance Plan

HARKANT PATEL
Tel: 647-338-2570
Email: patelharry65@gmail.com

Bell
Authorized Bell Canada Representative
Get the best TV Services, fast & reliable internet and Home phone. To find out how to get amazing deals at amazing price, contact:
HARRY MUSICAL GROUP

ROSEWOOD
Cabinets & Kitchen Inc.
23 Westmore Dr. Unit #9
Rexdale, ON M9V 3Y7
Ajaypal Singh
Cell:416.587.9793
ajaypal@engineer.com

www.vyoworld.org   Vallabh Youth Organisation   VYOInternation   Vallabh Youth Organization (VYO)

# કચ્છના રાપરમાં વકીલની હત્યાની બાદ રેતી માફિયાનો ત્રણ શખ્સ ઉપર હુમલો

કચ્છ : કચ્છની ધરા ફરી એકવાર લોહીયાણ બની છે. કચ્છના રાપરમાં વકીલની હત્યાની સ્યાહી હજુ સૂકાઈ નથી ત્યાં વધુ એક જીવલેણ હુમલાની ઘટના સામે આવી છે. કચ્છના રાપરના ત્રંબો ગામે પિતા-પુત્ર સહિત ૩ વ્યક્તિઓ પર ૨૦થી વધુ લોકોનાં ટોળાંએ જીવલેણ હુમલો કર્યો હતો. ગેરકાયદે રેતી ચોરી અટકાવવા જતાં આરોપીઓ દ્વારા આ હુમલો કરવામાં આવ્યો હતો. આ મામલે રાપર પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

કચ્છમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતી જઈ રહી હોય તેવાં દ્રશ્યો અને ઘટનાઓ સામે આવી રહી છે. રાપરમાં વકીલની હત્યાની રોષ હજુ પણ લોકોનાં મનમાં છે તેવામાં રાપરના ત્રંબો ગામે ગેરકાયદે રેતી ચોરી કરતાં શખ્સોને અટકાવવા જતાં પિતા-પુત્ર સહિત ૩ વ્યક્તિઓ પર ૨૦થી વધુ લોકોનાં ટોળાંએ હથિયારો સાથે જીવલેણ હુમલો કરી દીધો હતો.

ત્રંબો ગામે બેફામ બનેલાં અને પોલીસ સહિત તંત્રનો કોઈ ડર ન હોઈ તેમ રેતમાફિયાઓ રેતી ચોરી કરી રહ્યા હતા. પોતાની વાડી નજીક રેતી ચોરી થતી હોવાને કારણે પિતા-પુત્રએ તેમને અટકાવ્યા હતા. અને આ મામલે બોલાચાલી થતાં મામલો બિચક્યો હતો. જે બાદ રેતમાફિયા અને તેના માણસોએ ભેગાં મળી પિતા-પુત્ર સહિત ૩ લોકો પર હુમલો કરી દીધો હતો.

૨૦થી વધુ લોકોનાં ટોળાંએ કરેલાં જીવલેણ હુમલામાં ત્રણેય વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જે બાદ તેઓને તાત્કાલિક સારવાર અર્થે રાપરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પણ તેમાં બે યુવાનોની હાલત અત્યંત ગંભીર જણાતાં તેઓને તાત્કાલિક વધુ સારવાર અર્થે ભચાઉ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.

# ગઢકડા પંચાયતની ઓફિસમાં સરપંચ પર બે રાઉન્ડ ફાયરિંગ

## • સરપંચનો બચાવ, બાજુમાં બેઠેલા એક સદસ્ય ઘાયલ, ભાઈની હત્યાની તકરારમાં ખૂની હુમલો થયાનું તારણ

જામનગર : જામજોધપુર તાલુકાના ગઢકડા ગામમાં રહેતા અને ખેતીકામ કરતા ગઢકડા ગામના સરપંચ ફિરોજભાઈ ઓસ્માણભાઈ સફિયા કે જેઓ ગત રાત્રે પોતાના ગ્રામ પંચાયતના અન્ય સભ્ય ઈસ્માઈલભાઈ જૂસબભાઈ સફિયા સાથે ગ્રામ પંચાયતની ઓફિસમાં બેઠા હતા, અને ખેડૂતોની પાક નુકશાની અંગેની નોંધણીના ફોર્મ ભરવાની પ્રક્રિયા કરી રહયા હતા. જે દરમિયાન રાત્રીના એકાદ વાગ્યાના અરસામાં બાઈકમાં બે અજ્ઞાત શખ્સો આવ્યા હતા, અને ગ્રામ પંચાયતની ઓફિસમાં જ સરપંચ પર ૧૨બોર જેવી રાઈફલમાંથી બે ફાયરિંગ કર્યા હતા. જોકે આ ફાયરિંગમાં સરપંચ બચી ગયા હતા, પરંતુ રાઈફલમાંથી છુટેલી ગોળીના છરા બાજુમાં બેઠેલા ઈસ્માઈલભાઈ ના સાથળમાં વાગ્યા હતા. જેને લઈને ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. બાદમાં બાઈકમાં આવેલા બન્ને શખ્સો ત્યાંથી ભાગી છૂટયા હતા. સરપંચ ફિરોજભાઈ દ્વારા પોતાના ઉપર ફાયરિંગ કરીને ખુનની કોશિષ કરવા અંગે બે અજ્ઞાત શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

# મુન્દ્રામાં હિસ્ટ્રીશીટરની ઓરડીમાંથી ગાંજો અને હથિયારો મળતાં ચકચાર

મુન્દ્રા : તાજેતરમાં વડાલા ગામે થયેલ બાઈક ચોરીના બનાવની તપાસ માટે સાડાઉ ગામે ગયેલી મુન્દ્રા મરીન પોલીસને મહત્ત્વની સફળતા મળી હતી. ચોરીનું બાઈક મુન્દ્રાની વિલ્માર કંપની સામે આવેલી મીઠાણી લેબર કોલોનીના અબ્દુલ કાદીરશાના કબજાની ઓરડીમાં પડયું હોવાની બાતમી પોલીસ મથકના ગિરીશ વાણિયા તથા તેની ટુકડીને મળી હતી, જેના આધારે દરોડોમાં પોલીસને જોઈને કાદીરશા અને તેનો સાગરિત મહેબૂબ ઉર્ફે નેપાળી બંને જણા બાવળની ઝાડીઓનો આશરો લઈને નાસી છુટયા હતા. જ્યારે ઓરડીમા નિદ્રધીન નદીમ ઓસમાણ ઉર્ફે મુન્નો(ઉ.વ. ૨૦, રહે. હસનપીર બજાર, મુન્દ્રા) ઝડપાઈ ગયો હતો. પોલીસની તપાસ દરમ્યાન ઓરડીમાંથી ૭૦ લિટર ડીઝલ ભરેલા બે કેરબા તેમજ ૨૦૦ ગ્રામ ગાંજો અને કાદીરશાનો ફોન તથા છરી મળી આવી હતી. કાદીરશાની બહાર પડેલી જીજે ૧૨ બી.આર ૧૩૩૨ નંબરની સ્વિફ્ટમાંથી છરી તેમજ બેઝબોલનો ધોકો મળ્યા હતા. સમગ્ર બનાવમાં મુન્દ્રા પોલીસ મથકે એનડીપીએસની કલમ તળે ત્રણે વિરુદ્ધ ગુનો નોંધી અને ફરાર થયેલ કાદીરશા તેમજ તેના સાગરિત મહેબૂબને ઝડપી લેવા માટે તજવીજ હાથ ધરાઈ છે. જ્યારે ઝડપાયેલા આરોપીને કોરોના ટેસ્ટ માટે મોકલી દેવામાં આવ્યો હતો.

# પૃથ્વીની ૨૭ પરિક્રમા થાય તેટલું અંતર કાપનાર INS વિરાટનું વિસર્જન થશે

જામનગર : ભારતીય નૌકાદળમાં ત્રણ દાયકા સુધી સેવા આપી દેશની સુરક્ષા કરનાર સૌથી જૂના એરક્રાફ્ટ કેરિયર 'ઈન્ડિયન નેવલ શીપ (આઈ.એન.એસ.) વિરાટ'નું અલંગ શીપ રીસાઈક્લીંગ યાર્ડમાં વિસર્જન થશે. છેલ્લા એક સપ્તાહથી અલંગ એન્કરેજ પર રહેલા આ જહાજને ટગ દ્વારા ટોઈંગ કરીને અલંગ એન્કરેજથી ૬થી૭ નોટીકલ માઈલ દૂર અલંગ શીપ રીસાઈક્લીંગ યાર્ડના પ્લોટ નં.૯ સુધી ૩૧ ફૂટની હાઈ ટાઈડ દરમિયાન ખેંચી જવાશે. જ્યાં વિશ્વના આ સૌથી જૂના યુદ્ધ જહાજને કેન્દ્રિય શીપીંગ મિનિસ્ટર ડો. મનસુખભાઈ માંડવિયા અને પોરબંદરથી આવેલ નેવીના ઉચ્ચ અધિકારીઓ દ્વારા શાહી અંતિમ વિદાયમાન અપાશે.



ઈ.સ. ૧૯૫૯માં બ્રિટિશ નેવીમાં કમિશન્ડ થયું ત્યારે તેનું નામ એચ.એમ.એસ. હર્મસ હતું. બ્રિટિશ નેવીમાં ૨૬ વર્ષ બજાવ્યા બાદ ઈ.સ. ૧૯૮૬માં ભારત સરકારે તેનું ખરીદ્યું હતું. તેનું નામ બદલીને આઈ.એન.એસ. વિરાટ કરાયું હતું. ૭૫૩ ફૂટ લંબાઈ, ૧૬૦ ફૂટ પહોળાઈ અને ૧૮હજાર ટન વજન ધરાવતા આઈ.એન.એસ. વિરાટને તા. ૧૨ મે, ૧૯૮૭ના રોજ ભારતીય નૌકાદળમાં કમિશન્ડ કરવામાં આવ્યું હતું.

# સોમનાથ મંદિર ટ્રસ્ટના ચેરમેનપદે પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની વરણી

ગીર સોમનાથ : પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલને ફરી સોમનાથ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ બન્યા છે. જેથી આગામી ૧ વર્ષ માટે કેશુભાઈ પટેલની અધ્યક્ષ તરીકે પસંદગી થઈ છે. કોરોના કાળ હોવાથી સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા વીડિયો કોન્ફરન્સથી એક બેઠક મળી હતી, જેમાં સર્વાનુંમતે કેશુભાઈ પટેલને ફરીથી સોમનાથ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બેઠકમાં કેશુભાઈ પટેલ, પ્રધાનંત્રી નરેન્દ્ર મોદી, લાલકૃષ્ણ અડવાણી, અમિત શાહ જેવા દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા. સોમનાથ ટ્રસ્ટની આ બેઠકમાં વર્ષ ૨૦૧૯-૨૦ના ઓડીટ કરેલા હિસાબોને લઈને ચર્ચા વિચારણા કરીને મંજૂરી આપવામાં આવી હતી. સોમનાથ મંદિરમાં ગત વર્ષે ટ્રસ્ટની આવક ૪૬.૨૯ કરોડ રૂપિયા રહી તો તેની સામે ૩૫.૮૦ કરોડનો ખર્ચ થયો હતો.

# સૌરાષ્ટ્ર પંથકમાં લોકોને રંજાડનારો જયેશ પટેલ વિદેશ ભાગી છૂટ્યો

રાજકોટ : સૌરાષ્ટ્રના ચાર જિલ્લામાં છેલ્લાં કેટલાંક વર્ષોથી સામાન્ય લોકોને રંજાડનારા કુખ્યાત જયસુખ મૂળજીભાઈ રાણપરીઆ ઉર્ફે જયેશ પટેલ રાજકારણીઓની સીધી દોરવણી હેઠળ સરળતાથી વિદેશ નાસી જવામાં સફળ રહ્યો છે. જો આ બાબતે તપાસ થાય તો સરકારના એક મંત્રીની સીધી દોરવણી બહાર આવી શકે તેમ છે તેવું ચર્ચાઈ રહ્યું છે.

સૌરાષ્ટ્રમાં જમીનોમાં ઘૂસીને ખંડણી ઉઘરાવા મામલે કેટલાક રાજકરણીઓ ભાગ બટવાઈ કરતા હોવાનું પણ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. જેમાં હકુભા જાડેજા, આર.સી. ફળદુ, રાઘવજી પટેલ, ભાજપના પૂર્વ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી અને કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલનું નામ સામેલ હોવાનું ચર્ચાઈ રહ્યુ છે. જયેશ પટેલ ઉર્ફે જયસુખ રાણપરીઆ સાથે જીતુ વાઘાણી અને હાર્દિક પટેલ નિકટના સંબંધો ધરાવે છે. પાટીદાર આંદોલન પછી જયેશ પટેલે હાર્દિક પટેલ અને બીજાઓને હીરો થવા અને પાટીદાર સમાજના નેતા થવામાં મદદ કરી હોવાનું પણ સૂત્રો જણાવી રહ્યા છે. બીજેપી સરકારમાં કોંગ્રેસમાંથી આવેલા હકુભા જાડેજા, જયેશ રાદડિયા સહિત અન્યો ખૂબ જ શકિતશાળી બની ગયા છે. આટલુ જ નહીં એનસીપી નેતા કાંધલ જાડેજાને પણ સરકારે બળવાન બનાવી દીધો છે.

# શ્રાવણ સહિતના ૪ માસમાં ચાર લાખ લોકોએ કર્યા સોમનાથના પ્રત્યક્ષ દર્શન

રાજકોટઃ સોમનાથ મહાદેવ મંદિરે કોરોના કપરાકાળમાં મંદિરમાં પ્રત્યક્ષ દર્શનાર્થીઓની સંખ્યા ખુબજ ઘટી છે. સામાન્ય રીતે એકલા શ્રાવણ માસમાં જ ૧૦ લાખથી વધુ ભાવિકો આવતા હોય છે પણ લોકડાઉન ખૂલ્યા પછી ૪ માસમાં શ્રાવણ માસ સહિત ફકત ૪ લાખ જ દર્શનાર્થીઓએ પ્રત્યક્ષ દર્શન લાભ લીધો છે. જયારે દેશભરમાંથી અને વિદેશોમાં સોશ્યલ મીડિયાના પ્લેટફોર્મ થકી ભાવિકોએ મહાદેવજીનુ સાન્નિધ્ય મેળવ્યુ છે. સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાના જણાવ્યા મુજબ ગત ૮ જુન સુધીમાં ૫૮૦૫૯ ભાવિકોએ પ્રત્યક્ષ દર્શન લાભ લીધો હતી એ પછી જુલાઈ માસમાં ૧.૦૩.૦૯૩ ભાવિકો, ઓગષ્ટ માસમાં સંખ્યામાં થોડો વધારો થઈને ૧.૬૦.૫૨૩ ભાવિકો, અને સપ્ટેબરમાં ૯૧૬૧૦ ભાવિકોએ સોમનાથ મંદિરે આવી દર્શન કર્યા હતા.

# મુન્દ્રાથી ચોખા ભરી આફ્રિકા જતું જહાજ દરિયામાં ડુબ્યું

મુન્દ્રા : ઓખા નજીકના દરિયામાં એમએસવી કૃષ્ણ સુદામાના નામના માલવાહક જહાજ ડૂબતું હોવાના અહેવાલો મળતા ૧૨ ખલાસીઓને બચાવી લેવાયા હતા અને જહાજે જળસમાધિ લીધી હતી ભારતીય કોસ્ટગાર્ડને ગતરાત્રીના ૯ વાગ્યા આસપાસ મુંદરાથી આફ્રિકા તરફ જતું ૯૦૦ ટન ચોખા અને ૫ ટન ખાંડ ભરેલ જહાજ ડૂબતું હોવાના અહેવાલો મળતા ઓખા કોસ્ટગાર્ડના ચાર્લી ૪૧૧ નામના જહાજે બે કલાક જેટલા સમયની જહેમત બાદ ડૂબતા જહાજમાંથી ૧૨ ખલાસીઓને કોસ્ટગાર્ડની શીપની મદદથી બચાવી લેવામાં આવ્યા હતા.

# લોથલમાં હેરિટેજ કોમ્પ્લેક્ષના નિર્માણનો ટૂંક સમયમાં જ શિલાન્યાસ થશે : માંડવિયા

ભાવનગર : ભારતની ૫૦૦૦ વર્ષ પહેલાની ભવ્યતાની ઝાંખી કરાવવા લોથલ ખાતે 'હેરિટેજ કોમ્પ્લેક્ષ'ના નિર્માણનો ટૂંક સમયમાં શિલાન્યાસ થશે. તેમ મંગળવારે કેન્દ્રિય મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, પાંચ હજાર વર્ષ પૂર્વેની માનવ સભ્યતાને નિહાળીને લોકો પ્રેરણા લઈ શકે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ લોથલમાં હેરિટેજ કોમ્પ્લેક્ષ તૈયાર કરવાનો નિર્ણય લીધો છે. જેનું ટૂંક સમયમાં ખાતમુહૂર્ત થશે. આ કોમ્પ્લેક્ષમાં એવી ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ થશે જેના માધ્યમથી મુલાકાતીઓ એ જ સમયના વસ્ત્ર પરિધાન, કોઈન, ટ્રેડથી અવગત થઈ શકશે. આ હેરિટેજ કોમ્પ્લેક્ષ પાંચ વર્ષમાં તૈયાર થશે. ભારતની સભ્યતા કેટલી સિવિલાઈઝડ હતી તે તેના દ્વારા દુનિયાને દર્શાવીશું એમ તેમણે જણાવ્યું હતું.

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE)
CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

# ૮,૧૦૦ કરોડના ફ્રોડમાં સાંડેસરા બંધુએ નાઈજીરિયામાં૪,૪૧૩ કરોડના કરાર કર્યા

**• નાઈજીરિયન સરકારની પેટ્રોલિયમ કંપની સાથે ઓઈલ-ગેસ પ્રોડ્કશન અને માર્કેટિંગ માટે રોકાણ કરશે**

વડોદરા : ભારતમાં રૂ.૮,૧૦૦ કરોડના બેંક ફ્રોડ અને મની લોન્ડરિંગ કેસમાં ફરાર સાંડેસરા બંધુઓના સ્ટર્લિંગ ગૃપની સબસીડરી કંપનીએ ચાર દિવસ પહેલા નાઈજીરિયન સરકાર સાથે ગેસ અને ઓઈલ ફિલ્ડના વિકાસ અને વેપાર માટે ૬૦૦ મિલિયન ડોલર (આશરે રૂ.૪,૪૧૩ કરોડ રૂપિયા)નો કોન્ટ્રાક્ટ સાઈન કર્યો હતો. ભારતમાં જે દિવસે તેમને ઈએફઓ એક્ટ હેઠળ ભાગેડુ જાહેર કરાયા તે દિવસે જ આ કોન્ટ્રાક્ટ સાઈન કરવામાં આવ્યા હતા.

નાઈજીરિયન નેશનલ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમીટેડ (એનએનપીસી) અને 'સીપકો' (સ્ટર્લિંગ એક્સપ્લોરેશન એન્ડ એનર્જી પ્રોડ્કશન કંપની)એ જાહેરાત કરી છે કે નાઈજીરિયાના અબુજા ખાતે આવેલ ઓઈલ માઈનિંગ લીઝ (ઓમએલ-૧૪૩) માટે કરાર કરવામાં આવ્યા છે. ઓઈલ અને ગેસનું ઉત્પાદન કરીને તેનું માર્કેટિંગ કરવાની જવાબદારી સીપકોની રહેશે અને આ માટે સીપકો ૬૦૦ મિલિયન ડોલરનું રોકાણ કરશે.

ઉલ્લેખનિય છે કે સીપકો સાંડેસરા બંધુઓના સ્ટર્લિંગ ગૃપની જ કંપની છે. સાંડેસરા ગૃપ સામે ભારતની બેંકોમાંથી ૮,૧૦૦ કરોડ રૂપિયા ઉપરાંતની લોન લઈને તે રૂપિયા વિદેશોમાં ટ્રાન્સફર કરાયા હોવાનો આરોપ છે. ભારતમાં બેંકોનું રૂ.૮,૧૦૦ કરોડનું દેવુ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ સાંડેસરા બંધુઓ નાઈજીરિયામાં રૂ.૪,૪૧૩ કરોડનું રોકાણ કરી રહ્યા છે જે લોકમાનસની શંકાને પ્રબળ બનાવે છે કે સાંડેસરા બંધુઓએ ભારતીય બેંકોના ડૂબાડેલા નાણા વિદેશોમાં ટ્રાન્સફર કર્યા હશે.

## વડોદરામાં પરિણીતાને એસિડ પીવડાવીને ધાબા પરથી ફેંકી દેવાનો પ્રયાસ

વડોદરા : હાલ ઝઘડિયા મામલતદાર કચેરી ખાતે ફરજ બજાવતા જનક તાપીયાવાલાની પુત્રીના જીગર ચંદ્રવદન ભાલોદવાલા સાથે વર્ષ ૨૦૦૯માં ધામધૂમથી લગ્ન કરવામાં આવ્યા હતા. જે બાદ તેના પતિને વેપારમાં ખોટ જતા અવાર નવાર તેના સાસરિયાઓ દ્વારા પરિણીતા સાથે મારઝુડ કરી તેને દહેજના દસ લાખ રૂપિયા પિતા પાસે લાવવા માટે બળજબરી કરાતી હતી. પરિણીતાની મહિલા પોલીસ મથકે નોંધાવેલ ફરિયાદ અનુસાર તેણીને તેના સાસુ મીતા ચંદ્રવદન ભાલોદવાલા તેમજ દેરાણી માર્ગી હિરેન ભાલોદવાલાએ તા.૫-૯-૨૦૧૯ના રોજ પકડી રાખી સસરા ચંદ્રવદન શાંતિલાલ ભાલોદવાલાએ બળજબરી એસિડ પીવડાવી મારી નાંખવાની કોશિશ કરી હતી. ઉપરાંત તા.૧૭-૫-૨૦૨૦ ના રોજ તેણીને ઘરના ધાબા ઉપર લઈ જઈ ધાબા ઉપરથી ફેંકી દઈ મારી નાંખવાની કોશિશ કરી હતી.

## બનાસ ડેરીની ચૂંટણીમાં શંકર ચૌધરીની પેનલના ૯ ઉમેદવારો બિનહરીફ

પાલનપુર : બનાસડેરીમાં સંચાલક મંડળની ચૂંટણી માટે ૧૬ પૈકી ૯ બેઠકો પર એક જ ફોર્મ રજુ થતા નવ બેઠકો પર ઉમેદવારો બિન હરીફ બન્યા છે. જે શંકર ચૌધરીની પેનલના હોવાનુ માનવામાં આવી રહ્યું છે. ત્યારે બાકી રહેતી પાલનપુર, વડગામ, ડીસા, દિયોદર, ભાભર, થરાદ, કાંકરેજમાં ચૂંટણી જંગ ખેલાશે. જેમાં પાલનપુરમાં પરથી ભટોળ સામે શંકર ચૌધરીની પેનલના ચાર ઉમેદવારોએ ફોર્મ રજુ કર્યા છે. ત્યારે તેમાં હવે કોણ ફાઈનલ ઉમેદવાર રહેશે. તે ફોર્મ પરત લેવાની તારીખે જ નક્કી થશે. તે ઉપરાંત ડીસા ખાતે માવજીભાઈની હરીફમાં પાંચ ઉમેદવારોએ ફોર્મ રજુ કર્યા છે. તેમાં અન્ય બે રબારી ઉમેદવારો પણ ફોર્મ ભર્યા છે. ઉલ્લેખનિય છે કે, પૂર્વ મંત્રી અને ભાજપના નેતા શંકર ચૌધરીના કાર્યકાળમાં બનાસ ડેરીએ સારો વિકાસ નોંધાવ્યો છે અને આ વિસ્તારના દૂધ ઉત્પદકોની આવકમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

# ઊંઝા APMCના રૂ.૧૫ કરોડના કૌભાંડમાં સેસ વિભાગનું કમ્પ્યૂટર સીઝ કરવા આદેશ

ઊંઝા : ઊંઝા એ.પી.એમ.સી.માં ચેરમેન દિનેશ પટેલ, સેક્રેટરી વિષ્ણુ પટેલ અને ધારાસભ્ય આશા પટેલ દ્વારા ૧૫ કરોડ રૂપિયાના કથિત કૌભાંડના મામલે રજિસ્ટ્રારની તપાસમાં મંગળવારે સેક્રેટરી વિષ્ણુ પટેલ અને બુધવારે ચેરમેન દિનેશ પટેલનું લેખિત નિવેદન લેવાની પ્રક્રિયાઓ હાથ ધરાઈ હતી.

જે બાદ સૌમિલ પટેલ દ્વારા તપાસ અધિકારી રજિસ્ટ્રારને સોંપેલા વિડીઓ ફૂટેજમાં રૂપિયા લેવા આવનાર ૩ વ્યક્તિઓ કનૈયાલાલ ઉર્ફે કનુ પટેલ, કમલેશ પટેલ અને ફૂલકેશ પટેલને પણ તપાસમાં બોલાવી તેમના નિવેદન લેવામાં આવશે તો બીજી તરફ જે સેસ વિભાગમાં આ સમગ્ર કૌભાંડ થયું હોવાના આક્ષેપો લાગ્યા છે તે સેસ વિભાગના કોમ્પ્યુટરને પણ સીઝ કરવાના આદેશ રજિસ્ટ્રારે એપીએમસીમાં કરી દીધા છે અને જરૂરી હશે તો તે કોમ્પ્યુટરની ફોરેન્સિક તપાસ પણ કરાઈ છે. રજિસ્ટ્રાર હિતેષ પટેલના જણાવ્યા મુજબ એપીએમસીમાં જે સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે તેમાં એક પણ કેમેરાના કોઈ ફૂટેજને ડિલીટ નહી કરવા દેવામાં આવે અને જે સમયથી આ કૌભાંડ થયાના આક્ષેપ છે તે સમયગાળા દરમ્યાનના ફૂટેજ ચકાસવામાં આવશે. સૌમિલ પટેલના કહેવા મુજબ મહિનાઓથી સેસ વિભાગની ઓફીસમાં સીસીટીવી કેમેરા શંકાસ્પદ રીતે બંધ હતા અને એપીએમસી દ્વારા આ કેમેરા ચાલુ કરાવવામાં આવ્યા નહોતા જેથી કૌભાંડ કરવા માટે મોકળું મેદાન મળી રહે. રજિસ્ટ્રારે આક્ષેપિત ચેરમેન દિનેશ પટેલ તથા સેક્રેટરી વિષ્ણુ પટેલને પણ લેખિત નિવેદન આપવા માટે તેડું મોકલ્યું હતું જેને અંતર્ગત મંગળવારે સેક્રેટરી વિષ્ણુ પટેલ અને બુધવારે ચેરમેન દિનેશ પટેલ રજિસ્ટ્રાર સમક્ષ હાજર થઈ લેખિતમાં નિવેદન આપ્યું હતું અને બંન્નેના નિવેદન લેવાની પ્રક્રિયા બુધવારે સાંજે પૂણ થઈ હતી.

## સવા પાંચ હજારની પરંપરા આ વર્ષે તૂટશે, રૂપાલમાં પલ્લીનો મેળો નહીં યોજાય

ગાંધીનગર : ગાંધીનગર રૂપાલ ગામમાં નવરાત્રીની નોમની રાત્રી બાદ નિકળતી પલ્લીની પરંપરા સવા પાંચ હજાર વર્ષ જુની છે જેમાં પાંચ જ્યોતવાળી પલ્લી બનાવીને તેના ઉપર હજ્જારો નહીં પણ લાખો લીટર ચોખ્ખા ઘીનો અભિષેક કરવામાં આવે છે. પલ્લી વખતે યોજાતા મેળામાં દેશ અને દુનિયાના દશ લાખથી પણ વધુ ભક્તો ગામમાં આવે છે ત્યારે આ વખતે કોરોનાનું સંક્રમણ ફેલાય નહીં તે માટે નવરાત્રીની જેમ પલ્લીમેળો પણ યોજાશે નહીં પરંતુ મહાભારતકાળથી ચાલતી આ પરંપરા જળવાય તે માટે પુર્ણ ધાર્મિકવિધી સાથે પ્રતિકાત્મક પલ્લી ગ્રામજનોની હાજરીમાં જ ગામમાં નિકળે તેવી ભક્તોની લાગણી છે જો કે, આ બાબતે કલેક્ટર દ્વારા નિર્ણય લેવાનો બાકી છે તે પહેલા પલ્લીના વિવિધ મંડળો તથા ગ્રામજનો સાથે વહિવટીતંત્રની ખાસ બેઠક પણ બોલાવવામાં આવશે.

## વડોદરામાં બની રહેલી પાંચ માળની બિલ્ડિંગ ધરાશાયી, ૩નાં મોત, ૭ લોકો દટાયા

વડોદરા : વડોદરાના પાણીગેટના બાવામાનપુરામાં સોમવારે મોડીરાત્રે એક ૫ માળની બિલ્ડિંગ ધડાકાભેર તૂટી પડી હતી. બિલ્ડિંગના કાટમાળમાં ૭ લોકો દટાયા હતા, આ ઉપરાંત ત્રણના મોત થયા હતા. આ ઘટના મોડીરાત્રે બનતા આસપાસના સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને ફાયરબ્રિગેડને ઘટનાની જાણકારી આપી હતી. ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચીને તાત્કાલિક રેસ્ક્યૂ ઓપરેશન ચલાવ્યું હતું. રાત્રે ૭ પૈકી ૧ બાળક સહિત ૩નું રેસ્ક્યૂ કરાયું હતું. બાકીના ૬ વ્યક્તિઓની શોધખોળ કરાઈ હતી. આ ઘટનામાં જાણવા મળ્યું હતું કે લોકોએ આ બિલ્ડિંગ વિશે તંત્રને વારંવાર ફરિયાદ કરી હતી, પરંતુ પ્રશાસને કોઈનું સાંભળ્યું નહોતું તેવો લોકો આક્ષેપ કરી રહ્યા છે. વડોદરામાં બનેલી આ ગમખ્વાર ઘટનામાં ઘણા વાહનો પણ ક્ષતિગ્રસ્ત થયા હતા.

# રાહુ ગમન જોવાની અને સમજવાની સરળ પદ્ધતિ વૃષભ રાશિમાં રાહુ તા. ૨૩-૯-૨૦૨૦થી પ્રવેશ કરેલ છે

પ્રવાસ મુસાફરી યાત્રા કરીને સારા શુભકાર્ય કે લાભ- પ્રગતિ માટે જવાનું થાય ત્યારે દિશા અને ખૂણાઓમાં રાહુનો વિચાર કરવામાં આવે છે. જે તે સમયે ગોચરનો રાહુ જે રાશિમાં ચાલતો હોય તે રાશિને ધ્યાનમાં રાખવાની હોય છે. દર બે કલાકે લગ્ન બદલાય ત્યારે રાહુની દિશા અને ખૂણો બદલાય છે.

(૧) રવિવારે નૈઋત્ય ખૂણામાં જવું નહીં. (૨) સોમવારે ઉત્તર દિશામાં જવું નહીં. (૩) મંગળવારે અગ્નિ ખૂણામાં જવું નહીં. (૪) બુધવારે પશ્ચિમ દિશામાં જવું નહીં. (૫) ગુરૂવારે ઈશાન ખૂણામાં જવું નહીં. (૬) શુક્રવારે દક્ષિણ દિશામાં જવું નહીં. (૭) શનિવારે પૂર્વદિશામાં જવું નહીં.

રાહુ મુસાફરી કરનારની પાછળ અને ડાબી બાજુ શુભ માનવામાં આવેલ છે જ્યારે જમણી બાજુએ સન્મુખ (સામે) અશુભ માનવામાં આવેલ છે.

**યોગિની (તિથી)ની સમજ :** તિથિને સંસ્કૃતમાં યોગિની પણ કહેવાય છે. જે વારે જે તિથિ આવતી હોય તેને ધ્યાનમાં રાખી મુસાફરી કરવી જોઈએ, તિથિ સૂર્ય ઊદયથી માનવામાં આવે છે.

(૧) તિથિ શરૂ થયેલ હોય અને તેનો અડધો સમય પૂર્ણ થયેલ હોય તે ડાબુ બાજુએ હોય અને તે સુખ આપનારી હોય છે. ગયા દિવસનો રાત્રિ સમય સમજવો. (૨) તિથિ શરૂ સૂર્ય ઉદયથી ગણતા તિથિનો મધ્ય સમય આવે તેને જમણી બાજુ સમજવી તે ધનનો નાશ કરાવે છે. (૩) તિથિનો સમય પુરો થવાની હોય તેને પીઠ પાછળ માનવામાં આવે છે. તે સમયે જોઈતા પ્રમાણમાં ઈચ્છિત સફળતા આપે છે.(૪) તિથિ શરૂ થવાના સમયે સન્મુખ હોય છે. તે સમયે મુસાફરી કરવી નહીં તે સમય મુસાફરીમાં ફર્સ્ટ-મુશ્કેલી, દુઃખ-દર્દ, પીડા, અકસ્માત, મૃત્યુ આપનારી હોય છે. તિથિનો સમય ૨૪ કલાકનો હોય છે. દર ૬ કલાકે આ ચાર જાતના ફળ આપે છે.

**નક્ષત્ર શૂલની સમજ :** જે દિવસે ગોચરનો ચંદ્ર રાશિમાં હોય અને તે રાશિમાં આવતા નક્ષત્રો અંસ- કળા મુજબ સમય નક્કી કરવામાં આવે છે. (૧) પૂર્વ દિશામાં જયેષ્ઠા નક્ષત્ર - પૂર્વાષાઠા નક્ષત્ર, હોય ત્યારે મુસાફરી કરવી નહીં. (૨) અગ્નિ ખૂણામાં ઊત્તરાષાઢા નક્ષત્ર, ચાલતુ હોય ત્યારે મુસાફરી કરવી નહીં. (૩) દક્ષિણ દિશામાં પૂર્વાભાદ્ર નક્ષત્ર - વિશાખા નક્ષત્ર, ચાલતુ હોય ત્યારે મુસાફરી કરવી નહીં. (૪) નૈઋત્ય ખૂણામાં શ્રવણ નક્ષત્ર - ઘનિષ્ઠા નક્ષત્ર, ચાલતુ હોય ત્યારે મુસાફરી કરવી નહીં. (૫) પશ્ચિમ દિશામાં રોહિણી નક્ષત્ર- પુષ્યનક્ષત્ર- મુળ નક્ષત્ર ચાલતુ હોય ત્યારે મુસાફરી કરવી નહીં. (૬) વાયવ્ય ખૂણામાં રોહિણી નક્ષત્ર - પુષ્પનક્ષત્ર- મુળનક્ષત્ર ચાલતુ હોય ત્યારે મુસાફરી કરવી નહીં. (૭) ઊત્તર દિશામાં પૂર્વાફાલ્ગુની નક્ષત્ર - ઊત્તરાફાલ્ગુની નક્ષત્ર ચાલતુ હોય ત્યારે મુસાફરી કરવી નહીં. (૮) ઈશાન ખૂણામાં હસ્તનક્ષત્ર- વિશાખા નક્ષત્ર, ચાલતુ હોય ત્યારે મુસાફરી કરવી નહીં.

આ સિવાયના નક્ષત્રોમાં દિશા કે ખૂણાના ગામ- શહેર રાજ્ય- દેશમાં મુસાફરી કરવાથી જોઈતા પ્રમાણમાં લાભ, લક્ષ્મી મેળવી શકાય છે.

**સન્મુખ ચંદ્ર જોવાની પદ્ધતિ**




૧ રાશિ - ૩૦° અંશ હોય છે. ચંદ્ર ૧ રાશિમાં સવા બે દિવસ આશરે ૫૪ કલાકમાં "૧" રાશિ ભ્રમણ પુરૂ કરે છે. ચંદ્ર ૨૭ થી ૩૦ દિવસમાં ૧૨ રાશિઓનું ભ્રમમ કરે છે ૨૪ કલાકમાં ૧૨ રાશિઓનું ભ્રમણ પુરૂ કરે છે. ૨૪ કલાકમાં ૧૨ લગ્ન પુરા થતા હોય છે. જે તે દિવસનો ચંદ્ર જે રાશિમાં જે સમયે ચલાતં હોય તે દિવસે તે સમયે તેની સામેની દિશા કે ખૂણામાં તમારું નિવાસ સ્થાન હોય તેનાથી સામે ચંદ્ર હોય તેને સન્મુખ ચંદ્ર કહેવામાં આવે છે.




(૧) જાતક વ્યક્તિની સન્મુખ ચંદ્ર હોય તો તે દિશા કે ખૂણા બાજુ મુસાફરી કરવાથી કોઈપણ કામમાં સફળતા મળે છે. મિલન મુલાકાત સફળ થાય છે. (૨) જાતક વ્યક્તિની જમણી બાજુ ચંદ્ર હોય તો તે દિશા કે ખૂણા બાજુ મુસાફરી, કામકાજ, વેપાર કે નોકરીમાં આર્થિક લાભ- સારી આવક - લક્ષ્મી પ્રાપ્તિ આપે છે.(૩) દર બે કલાકે જેમ ચંદ્ર રાશિ સ્થાન બદલાય તે મુજબ દિશા કે ખૂણાને સન્મુખ ચંદ્ર કે જમણી બાજુનો ચંદ્ર સમજવો.

જાતક (વ્યક્તિ) જે સ્થાન ઉપર રહેતો નક્ષત્રજ સન્મુખ તિથિ, સામોકાળનો વાર સન્મુખ ચંદ્ર, રાહુ, ગમન વિગેરેનો અભ્યાસ કરીને મુસાફરી પ્રવાસ, યાત્રા, પરદેશ ગમન કરે તો અચૂક લાભ અને ફાયદો જ છે. આપણા ઋષિ મુનિયો ખુબ ગહન કરીને "શૂલ" સંસ્કૃત શબ્દ છે. જેનો અર્થ આજનો વૈજ્ઞાનિક રીતે કોસ્મીક નૈરોટીવ એનર્જી થાય છે. જે તે વાર, નક્ષત્ર, તિથિ, સામોકાળ રાહુની સ્થિતિ અને સન્મુખ ચંદ્ર જોવાની સમજ સરળતાથી સમજી શકાય છે. તેનો લાભ અને ફાયદો મેળવી શકાય છે.



-------------- : સંપર્ક સાધવા માટે : --------------
**બીપીન એસ્ટ્રોલોજર**
૮ ઓક્ટોમ્બર પ્લેસ, બ્રામ્ટન, ઓન્ટારિયો L6YOR6 કેનેડા
Whatsapp No. 98790 87511
Time : 10.00 am to 6.00 pm

# બાબરી વિધ્વંસ કેસ : અડવાણી સહિત ૩૨ આરોપી નિર્દોષ

લખનઉ : અયોધ્યામાં ૬ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ બાબરી મસ્જિદ વિધ્વંસ કરવાના કેસમાં બુધવારે લખનઉ સ્થિત વિશેષ સીબીઆઈ અદાલતે ૨૮ વર્ષથી મેરેથોન અદાલતી કાર્યવાહી બાદ આપેલા ચુકાદામાં સીબીઆઈ દ્વારા ૩૨ આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતાં.



બુધવારે જ નિવૃત્ત થઈ રહેલા વિશેષ સીબીઆઈ અદાલતના જજ સુરેન્દ્રકુમાર યાદવે ૨,૩૦૦ પાનાંના ચુકાદામાં જણાવ્યું હતું કે, પુરાવાના અભાવે તમામ ૩૨ આરોપીને નિર્દોષ છોડી મૂકવામાં આવે છે. સીબીઆઈ તેના જ દ્વારા રજૂ કરાયેલા ઓડિયો અને વીડિયો પુરાવાની અધિકૃતતા પુરવાર કરી શકી નથી. બાબરી મસ્જિદ તોડી પાડવાની ઘટના પૂર્વનિયોજિત નહોતી. આરોપીઓ દ્વારા મસ્જિદ તોડી રહેલા અસામાજિક તત્ત્વોને રોકવાનો પ્રયાસ કરાયો હતો.

બુધવારે સવારે લખનઉ સ્થિત સીબીઆઈ અદાલતમાં કુલ ૩૨ પૈકીના ૨૬ આરોપી રૂબરૂ અદાલતમાં હાજર રહ્યાં હતાં પરંતુ આરોગ્ય અને વૃદ્ધાવસ્થાના કારણ આપી લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી, ઉમા ભારતી, સતીષ પ્રધાન, નૃત્યગોપાલ દાસ અને કલ્યાણસિંહ ચુકાદાની સુનાવણીમાં હાજર રહ્યાં નહોતાં. આ ૬ આરોપી વીડિયો કોન્ફરન્સિંગ અથવા તો પોતાના વકીલના માધ્યમથી કોર્ટમાં હાજર રહ્યાં હતાં. કોર્ટે તમામ આરોપીઓને પુરાવાના અભાવે મુક્ત કરી દેતાં કોર્ટરૂમમાં જયશ્રી રામના નારા ગુંજી ઊઠયાં હતાં. તમામ આરોપીઓ અને તેમના વકીલોએ જયશ્રી રામના નારા લગાવ્યા હતા. જજ એસ. કે. યાદવે ચુકાદો વાંચવાની શરૂઆત કરતાં જ સન્નાટો છવાયો હતો. પરંતુ ચુકાદો વંચાતો ગયો આરોપીઓના ચહેરા પર ખુશીની લહેર દોડી ગઈ હતી.

### કયા આરોપી નિર્દોષ

અડવાણી, મુરલીમનોહર, કલ્યાણસિંહ, ઉમા ભારતી, કટિયાર, સાધ્વી ઋતંભરા, નૃત્ય ગોપાલદાસ, રામવિલાસ વેદાંતી, ચંપત રાય, ધર્મદાસ, સતીષ પ્રધાન, પવન પાંડે, લલ્લુસિંહ, પ્રકાશ શર્મા, વિજય બહાદુરસિંહ, સંતોષ દુબે, ગાંધી યાદવ, રામજી ગુપ્તા, બ્રજભૂષણ શરણસિંહ, કમલેશ ત્રિપાઠી, રામચંદ્ર ખત્રી, જયભગવાન ગોયલ, ઓમપ્રકાશ પાંડે, અમરનાથ ગોયલ, જયભાનસિંહ પવૈયા, સાક્ષી મહારાજ, વિનયકુમાર રાય, નવીનભાઈ શુક્લા, આર. એન. શ્રીવાસ્તવ, આચાર્ય ધર્મેન્દ્ર, સુધીરકુમાર કક્કડ, ધર્મેન્દ્રસિંહ ગુર્જર

## જનરલ એટલાન્ટિક ૩૬૭૫ કરોડમાં રિલા. રીટેલનો ૦.૮૪% હિસ્સો ખરીદશે

- એટલાન્ટિકે અગાઉ રિલા. જીઓમાં રૂપિયા ૬૫૯૮.૩૮ કરોડનું રોકાણ કર્યુ હતું

નવી દિલ્હી : અમેરિકાની ખાનગી ઈક્વિટી કંપની જનરલ એટલાન્ટિક રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની પેટા કંપની રિલાયન્સ રિટેલનો ૦.૮૪ ટકા હિસ્સો ૩૬૭૫ કરોડ રૂપિયામાં ખરીદશે તેમ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે એક નિવેદનમાં જણાવ્યું છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને રિલાયન્સ રીટેલ વેન્ચર્સ લિમિટેડ(આરઆરવીએલ)એ આજે જાહેરાત કરી હતી કે જનરલ એટલાન્ટિક રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની સબસિડરી આરઆરવીએલમાં ૩૬૭૫ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. આ સમજૂતી માટે રિલાયન્સ રીટેલનું મૂલ્ય ૪.૨૮૫ લાખ કરોડ રૂપિયા આંકવામાં આવ્યું છે. ૩૬૭૫ કરોડ રૂપિયાના રોકાણના બદલામા જનરલ અટલાન્ટિકને આરઆરવીએલનો ૦.૮૪ ટકા હિસ્સો મળશે. ઉલ્લેખનીય છે કે જનરલ એટલાન્ટિકનું રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં બીજુ મોટું રોકાણ છે. આ અગાઉ જનરલ એટલાન્ટિકે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની પેટા કંપની રિલાયન્સ જીઓમાં ૬૫૯૮.૩૮ કરોડ રૂપિયાનું રોકાણ કર્યુ હતું.

## આસામમાં પૂરની પરિસ્થિતિ વણસી, ૮ જિલ્લાના ૨.૮૩ લાખ લોકોને અસર

ગુવાહાટી : બિહારમાં પૂરપરિસ્થિતિ થોડીક વધુ વણસતા રાજ્યના આઠ જિલ્લાઓમાં ૨.૮૩ લાખ લોકોને એની વિષમ અસર થઈ છે. આસામ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (અસ્ડમા)એ જણાવ્યું હતું કે રાજ્યના બિશ્વનાથ, ગોલપારા, મોરિગાંવ, હોજાઈ, નાગાઓન, ગોલાઘાટ દિબ્રુગઢ અને પશ્ચિમ કરબિ અંગ્લોંગ જિલ્લાઓ પૂરના પાણીથી રેલમછેલ થવાથી ૨.૮૩ લાખ કરતા વધુ લોકોને અસર થઈ છે. હાલમાં ૪૩૨ ગામો પાણીમાં છે, સમગ્ર રાજ્યમાં ૨૬,૬૫૨ હેકટર જમીન પર પથરાયેલા પાકને નુકસાન



થયુ છે. નાગાઓનથી જિલ્લામાં સૌથી વધુ ૨.૦૮ લાખ નાગરિકોને અસર પહોંચી છે. એ પછી મોરિગાંવ ખાતે ૪૦,૬૦૦ વ્યક્તિઓથી વધુ જ્યારે ગોપાલપારા જિલ્લામાં ૧૧,૪૦૦થી વધુ લોકો જળપ્રલયથી પરેશાન છે.

રાજ્યમાં ત્રણ તબક્કે આવેલા પૂરમાં ૨૦ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા છે. મોરિગાંવ, નાગાઓન અને કોકરાજહાર જિલ્લાઓમાં માર્ગો, પૂલો અને નહેરો સહિતના આંતર માળખાઓને નુકસાન પહોંચ્યું છે.

## એલઓસી પર પાક દ્વારા ભારે ગોળીબાર : ત્રણ જવાનો શહીદ



- પૂંછમાં નિયંત્રણ રેખાને અડી આવેલી કૃષ્ણા ખીણ, ગુરુવારે સવારે કુપવાડામાં નિયંત્રણ રેખાની બાજુમાં નૌગમ સેક્ટરમાં પાકિસ્તાને ભારે ગોળીબાર કર્યો

શ્રીનગર : પાકિસ્તાન તેની વિરોધી વાતોથી નિરાશ નથી. બુધવારે રાત્રે, જમ્મુ-કાશ્મીરના જિલ્લા પૂંછમાં નિયંત્રણ રેખાને અડીને આવેલી કૃષ્ણા ખીણ અને ગુરુવારે સવારે જિલ્લા કુપ વાડામાં નિયંત્રણ રેખાની બાજુમાં નૌગમ સેક્ટરમાં પાકિસ્તાને ભારે ગોળીબાર કર્યો છે. છેલ્લા ૧૨ કલાક દરમિયાન પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા આ તોપમાળામાં ૩ ભારતીય સૈનિકો શહીદ થયા હતા અને ૫ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલ સૈનિકોને લશ્કરી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. તે જ સમયે, ભારતીય સૈનિકોની બદલીમાં પા કિસ્તાને ભારે નુકસાન વેઠવું પડ્યું છે.

બુધવારે રાત્રે પાકિસ્તાને જમ્મુ-કાશ્મીરના પૂંચ જિલ્લાના ક્રિષ્ના વેલી સેક્ટરમાં યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યુ હતું. આ શૂટઆઉટ દરમિયાન સેનાનો લાન્સ નાઈક શહીદ થયો હતો, જ્યારે બીજો એક ગંભીર રીતે ઘાયલ થયો હતો. ભારતીય સૈનિકોએ પણ યોગ્ય જવાબ આપ્યો અને જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનની બે થી ત્રણ ચોકીઓ તોડી નાખી છે. આ સમય દરમિયાન, ચાર પા ક સૈનિકો પણ ઘાયલ થયાના અહેવાલ છે. જો કે, હજી સુધી આની સત્તાવાર પુ ષ્ટિ થઈ નથી. હદ તો એ છે કે આ પછી પણ, પાકિસ્તાની સૈનિકો તેમની નફરતભરી કૃત્યોથી બચી ગયા ન હતા, આજે સવારે જિલ્લા કુપવાડામાં, નિયંત્રણ રેખાની બાજુમાં નૌગામ સેક્ટરમાં સૌપ્રથમ, ભારતીય ચોકી પર હથિયારોથી ફાયરિંગ, માર્ટાર ગોળીબાર શરૂ થયો થઈ ગયું. આ તોપ મારામાં ભારતીય સેનાના બે જવાનો શહીદ થયા હતા જ્યારે ચાર ગંભીર રીતે ઘાયલ થયા હતા.

### ૨૦૧૯માં રોજ ૮૭ રેપ, મહિલાઓ સામે અપરાધમાં ૭ ટકાનો વધારો

નવી દિલ્હી : નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો દ્વારા જારી થયેલા ડેટા અનુસાર ૨૦૧૯નું વર્ષ મહિલાઓ માટે નઠારું નીવડયું છે. ૨૦૧૯ના વર્ષમાં દરરોજ સરેરાશ ૮૭ રેપની ઘટનાઓ બની હતી તથા મહિલાઓ સામે ૪,૦૫,૮૬૧ ગુનાઓ બન્યાં હતાં. ક્રાઈમ્સ ઈન ઈન્ડિયા ૨૦૧૯ રિપોર્ટમાં એવું જણાવાયું છે કે, ૨૦૧૯ના વર્ષમાં મહિલાઓ સામેના ગુનાઓમાં ૭.૩ ટકાનો વધારો થયો હતો. આ વર્ષમાં એક લાખ દીઠ મહિલાઓ સામેના ગુનાનો રેટ ૬૨.૪ ટકા રહ્યો છે જે ૨૦૧૮ના વર્ષમાં ૫૮.૮ ટકા હતો.

## કૃષિ કાયદાનો વિરોધ : અકાલી દળની રેલી પર થયેલો લાઠીચાર્જ

ચંદીગઢ : પૂર્વ કેન્દ્રિય મંત્રી હરસિમરત કૌર બાદલની ગુરુવારે રાત્રે પોલીસે અટકાયત કરી છે. હરસિમરત કૌરે ગુરુવારે નવા કૃષિ કાયદાઓ સામેના વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કર્યુ હતું. વિરોધ રેલી સાથે તેમણે ચંદીગઢમાં ઘુસવાનો પ્રયત્ન કર્યો, જેથી પોલીસે તેની અટકાયત કરી છે. તો બીજી તરફ શિરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલ અને તેમના કાર્યકર્તાઓની પણ પોલીસે અટકાયત કરી છે. સુખબીર સિંહ બાદલના નેતૃત્વમાં કૃષિ કાયદાના વિરોધમાં કાઢવામાં આવેલી રેલી ઉપર પોલીસે લાઠીચાર્જ પણ કર્યો છે. વિરોધ રેલીઓને વિખેરવા માટે પોલીસે લાઠીચાર્જની સાથે વોટર કેનનનો ઉપયોગ પણ કર્યો હતો. આ કૃષિ બિલોનો શિરોમણી અકાળી દળ શરુઆતથી જ પ્રચંડ વિરોધ કરી રહ્યું છે. આ વિરોધમાં જ તેમણે ભાજપ સાથેનો ૨૭ વર્ષ જૂનો સંબંધ તોડી નાંખ્યો. ત્યારે ગુરુવારે શિરોમણી અકાલી દળ દ્વારા પંજાબના ત્રણ ધાર્મિક સ્થળોએથી વિરોધ રેલીનું આયોજન થયું હતું. જેમાં સુખબીર સિંહ બાદલે અમૃતસરમાં અકાલ તખ્તથી નિકળેલી રેલીનું નેતૃત્વ કર્યુ. તો હરસિમરત કૌરે બઠિંડામાં તખ્ત દમદમ સાહેબથી રેલીનું નેતૃત્વ કર્યુ હતું.

## પંજાબમાં કૃષિ કાયદાના હોબાળા વચ્ચે ત્રણ મહિનામાં ૬૫ ખેડૂતોની આત્મહત્યા

- પંજાબમાં સતત છ દિવસથી ખેડૂતો રેલવેના પાટા પર બેસી ધરણા કરી રહ્યા છે, દેશવ્યાપી આંદોલનની ચીમકી

અમૃતસર : કેન્દ્ર સરકાર કૃષિ સાથે સંકળાયેલા ત્રણ બિલ લાવી હતી જેને સંસદ બાદ રાષ્ટ્રપતિની મંજૂરી મળી જતા હવે તે કાયદો બનીને અમલમાં આવી ગયો છે. જ્યારે ખેડૂતો દ્વારા હજુ પણ વિરોધ પ્રદર્શન ચાલી રહ્યા છે. આ નવા કૃષિ કાયદાના હોબાળા વચ્ચે પંજાબમાં ૬૫ ખેડૂતોએ આત્મહત્યા કરી લીધી છે. આ આંકડા ખેડૂતોના સંગઠનો દ્વારા જાહેર કરાયા છે. બીજી તરફ પંજાબમાં ખેડૂતોનું રેલ રોકો આંદોલન છઠ્ઠા દિવસમાં પ્રવેશ્યું છે અને હવે રાષ્ટ્રવ્યાપી આંદોલનો વધારવાની ચીમકી આપી છે. સરકાર દાવા કરી રહી છે કે ખેડૂતોના ડાંગરના પાકની ટેકાના ભાવે ખરીદી શરૂ થઈ ગઈ છે, જ્યારે બીજી તરફ એવા અહેવાલો સામે આવ્યા છે કે કૃષિ કાયદો બન્યાના બીજા જ દિવસે કેટલાક વિસ્તારોમાં ખેડૂતોને પોતાના પાકને વેચવા જતા અટકાવવામા આવ્યા હોવાની ઘટના સામે આવી છે.

અહેવાલો અનુસાર મોટી સંખ્યામાં ઉત્તર પ્રદેશના ખેડૂતો હરિયાણામાં પોતાનો પાક વેચવા જઈ રહ્યા હતા. જોકે તેમને બન્ને રાજ્યોની બોર્ડર પર જ પોલીસ દ્વારા રોકી લેવામાં આવ્યા હતા. હરિયાણામાં ટેકાના ભાવે ડાંગરની ખરીદી થઈ રહી છે પણ ઉ. પ્રદેશ સરકાર નથી ખરીદી રહી તેથી ખેડૂતો તેને વેચવા માટે હરિયાણા જઈ રહ્યા હતા. પણ તેમને અટકાવી દેવાયા હતા. હરિયાણા સરકારે કહ્યું છે કે ખેડૂતોએ પોતાનો પાક વેચવા માટે સરકારના પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવવું પડશે અને જ્યાં સુધી વારો ન આવે ત્યાં સુધી રાહ જોવી પડશે.

# ભારતમાં કોરોનાની કૂચ: ૮૬૮૨૧ કેસ, ૧૧૮૧ મોત

નવી દિલ્હી : કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૮૬,૮૨૧ કેસ સામે આવ્યા છે અને ૧,૧૮૧ લોકોનાં મોત થયા છે. આ સાથે જ દેશમાં કોરોનાના કુલ સંક્રમિતોની સંખ્યા ૬૩,૧૨,૫૮૫ થઈ ગઈ છે. તે ઉપરાંત મૃતાંક ૯૮,૬૭૮ પહોંચ્યો છે. હાલમાં દેશમાં ૯,૪૦,૭૦૫ એક્ટિવ કેસ છે. બીજી તરફ દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં ૮૫, ૩૭૬ લોકો સાજા થયા છે. આ સાથે જ કુલ ૫૨,૭૩,૨૦૨ લોકો અત્યાર સુધીમાં કોરોનાથી સાજા થઈ ગયા છે. આ સાથે જ દેશનો રિકવરી રેટ ૮૩.૫૩ ટકા થઈ ગયો છે. બીજી તરફ દેશમાં બુધવારે ૧૪.૨૩ લાખ કોરોના સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ સાથે જ અત્યાર સુધીમાં કુલ ૭,૫૬,૧૯,૭૮૧ કોરોના ટેસ્ટ થઈ ગયા છે. ભારતનો પોઝિટિવિટી રેટ ૬.૧ ટકા પહોંચ્યો છે.

દેશમાં સપ્ટેમ્બર મહિના દરમિયાન ૨૬ લાખ નવા કેસ સામે આવ્યા છે. જે ઓગસ્ટ મહિનાની સરખામણીએ ૭૧ ટકા વધારે છે. દિલ્હીમાં તાજેતરમાં ત્રીજો સીરો સર્વે કરવામાં આવ્યો હતો. ગુરુવારે જારી થયેલા આંકડા પ્રમાણે સપ્ટેમ્બરમાં થયેલા સર્વેમાં ૨૫.૧ ટકા લોકોમાં એન્ટિબોડી જોવા મળી હતી. કોંગ્રેસના સિનિયર નેતા અને રાજયસભાના સાંસદ અહેમદ પટેલ કોરોનાગ્રસ્ત થયા છે. તાજેતરમાં તેમણે ટ્વિટરના માધ્યમથી જાતે જ જાણકારી આપી હતી. તેમણે ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, હું કોરોના પોઝિટિવ આવ્યો છું. મારા સંપર્કમાં આવેલા લોકોને વિનંતી છે કે તેઓઓપણ ચકાસણી કરાવીને યોગ્ય પગલાં લે. હાલમાં હું સેલ્ફ આઈસોલેશનમાં છું.

## ૧૫મીથી થિયેટર, મલ્ટિપ્લેક્સ ૫૦ ટકા ક્ષમતા સાથે ખોલી શકાશે




નવી દિલ્હી : દેશમાં કોરોનાના કોહરામ વચ્ચે અર્થતંત્રને ધબકતું રાખવા કેન્દ્ર સરકારે અનલોક ૫.૦માં ૧૫મી ઓક્ટોબરથી ૫૦ ટકા ક્ષમતા સાથે સિનેમાગૃહ, એન્ટરટેનમેન્ટ પાર્ક, એક્ઝિબિશન હોલ, મલ્ટિપ્લેક્સ ખોલવાની પરવાનગી આપી છે. સરકારે ૧૫મી ઓક્ટોબરથી શાળાઓ ખોલવા અંગેનો નિર્ણય રાજ્ય સરકારો પર છોડયો છે. બુધવારે જારી કરેલી ગાઇડલાઇનમાં કેન્દ્રીય ગૃહમંત્રાલયે જણાવ્યું હતું કે, ૫૦ ટકા ક્ષમતા અથવા તો મહત્તમ ૨૦૦ પ્રેક્ષક સાથે સિનેમાહોલ, થિયેટર, મલ્ટિપ્લેક્સ ખોલી શકાશે.

તે ઉપરાંત રાજ્યો હવે કન્ટેનમેન્ટ ઝોનની બહાર સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક, રાજકીય મેળાવડામાં ૧૦૦થી વધુ વ્યક્તિને પરવાનગી આપી શક્શે. અગાઉ આ પ્રકારના સમારોહમાં મહત્તમ ૧૦૦ વ્યક્તિને પરવાનગી આપવામાં આવી હતી. બંધ જગ્યામાં ૨૦૦થી વધુ વ્યક્તિને આમંત્રણ આપી શકાશે નહીં. સ્પોર્ટ્સપર્સનને તાલીમ માટે હવે સ્વિમિંગ પૂલનો ઉપયોગ કરી શકાશે. શાળા, કોલેજ અને કોચિંગ ક્લાસ ખોલવા માટે રાજ્યો જાતે નિર્ણય લઇ શક્શે. આ માટેની વિસ્તૃત ગાઇડલાઇન સંબંધિત મંત્રાલયો અને વિભાગો દ્વારા જારી કરાશે. શાળા, કોલેજ, કોચિંગ ક્લાસ અને અન્ય શૈક્ષણિક સંસ્થાનો ખોલવા અંગેની એસઓપી રાજ્યોએ તૈયાર કરવાની રહેશે. શાળાઓ માટે રાજ્યોએ સંસ્થાના મેનેજમેન્ટ સાથે સ્થિતિ અંગે ચર્ચા કરીને શૈક્ષણિક કાર્ય અંગે પરવાનગી આપવાની રહેશે. વિદ્યાર્થીને શાળામાં મોકલવા માટે વાલીએ લેખિતમાં પરવાનગી આપવાની રહેશે.

કન્ટેનમેન્ટ ઝોનમાં ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ સુધી જ લોકડાઉન અમલમાં રહેશે. આ સાથે કેન્દ્રની પરવાનગી વિના રાજ્યો કન્ટેનમેન્ટ ઝોનની બહાર લોકડાઉન લાગુ કરી શક્શે નહીં.

## દર્દીની સમસ્યાના નિવારણ માટે વ્યવસ્થા છે? હાઈકોર્ટ

મુંબઈ: કોરોના દર્દીની સારવાર માટે ખાનગી હોસ્પિટલો કે નર્સિંગ હોમ દ્વારા વધુ પૈસા લેવામાં આવે તો તેમની ફરિયાદના નિવારણ માટેની વ્યવસ્થા કરવામાં આવી છે? એવો સવાલ મુંબઈ હાઈ કોર્ટે ગુરુવારે મહારાષ્ટ્ર સરકારને કર્યો હતો. ચીફ જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ ગિરીશ કુલકર્ણીની ખંડપીઠે એક જનહિત અરજીની સુનાવણી કરતાં આ સવાલ કર્યો હતો. આ પિટિશનમાં ખાનગી હોસ્પિટલો અને નર્સિંગ હોમ પીપીઈ કિટ માટે વધુમાં વધુ કેટલા પૈસા વસૂલી શકે તેની મર્યાદા બાંધવાની માગણી કરવામાં આવી હતી. આ પહેલાંની સુનાવણી વખતે રાજ્ય સરકારે કોર્ટને જણાવ્યું હતું કે સરકારે ખાટલા અને પીપીઈ કિટ સહિતની અન્ય આરોગ્ય વિષયક સામગ્રી માટેના દર ૮૦ ટકા દર્દીઓ માટે નિર્ધારિત કરી છે અને બાકીના ૨૦ ટકા દર્દીને માટે હોસ્પિટલોને તેમના દર લગાવવાની છૂટ આપી છે.

## મુંબઇમાં માસ્ક વિના બસ, ટેક્સી, મોલમાં નો એન્ટ્રી

દેશમાં કોરોના વાયરસનો પ્રકોપ સતત વધી રહ્યો છે. દેશની થિંક રાજધાની મુંબઇ કોરોના વાયરસથી સૌથી વધુ પ્રભાવિત વિસ્તારોમાં આવે છે. ત્યારે હવે મુંબઇ પાલિકા પ્રશાસને કોરોના વાયરસના ફેલાવાને રોકવા માટે કડક પગલા લીધો છેચ. મુંબઇ પાલિકાએ હવે 'નો માસ્ક, નો એન્ટ્રી'નો નિયમ લાગુ કર્યો છે. બૃહદ મુંબઇ

## ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ કોરોનાથી સંક્રમિત થયા

દેશના ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડૂ કોરોનાથી સંક્રમિત થયા છે. તેમના પત્નીનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. ઉપરાષ્ટ્રપતિની ઓફિસ દ્વારા કરવામાં આવેલા ટ્વીટમાં જણાવવામાં આવ્યું કે, તેમની તબીયત સારી છે. તેમને એસિમ્પટોમેટિક છે.

## મોટાભાગની વસ્તી પર કોરોનાનું જોખમ : ICMR

દેશની મોટી વસ્તીએ હજી પણ કોરોનાથી સાવધ રહેવાની જરૂર છે. બીજા સેરો સર્વેમાં, ૧૦ વર્ષથી વધુ ઉંમરના લોકોમાં કોરોનાનાં ફેલાવાનું પ્રમાણ ૬.૬ ટકા જોવા મળ્યું હતું જ્યારે ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકોમાં તે ૭.૧ ટકા હતું. સર્વે અંગે સીધી ભાષામાં કહીએ તો લગભગ ૮ થી ૯ કરોડની વસ્તીમાં કોરોના આવીને ચાલ્યો ગયો. શહેરી ઝૂંપડપટ્ટીની વસતીમાં ૧૫.૬ ટકા, તો બિન–ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં ૮.૨ ટકા, ગ્રામીણ વિસ્તારોમાં તેની ટકાવારી ૪.૪ ટકા રહી. સીરો સર્વેથી જાણવા મળ્યું છે કે દેશની મોટાભાગની વસ્તીમાં હજી પણ કોરોનાનું જોખમ છે. બીજો સેરો સર્વે દેશના ૨૧ રાજ્યોના ૭૦ જિલ્લાઓમાં કરવામાં આવ્યો હતો. સર્વેમાં આ ૭૦ જિલ્લાઓના ૭૦૦ ગામો / વોર્ડનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે ૧૭ ઓગસ્ટથી ૨૨ સપ્ટેમ્બરની વચ્ચે કરવામાં આવ્યું હતું.

# રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને વડાપ્રધાન માટે ખાસ વિમાનની ભારતમાં એન્ટ્રી

- એર ઈન્ડિયા વનમાં અમેરિકાના પ્રમુખના વિમાન એર ફોર્સ વન જેવી જ રજવાડી સુવિધાઓ ઉપલબ્ધ

નવી દિલ્હી : દેશ અનેક પ્રકારની આર્થિક મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહ્યો છે, ત્યારે જ ૮૪૦૦ કરોડના ખર્ચે તૈયાર થયેલું વડા પ્રધાન, રાષ્ટ્રપતિ અને ઉપ-રાષ્ટ્રપતિ માટેનું વિમાન દિલ્હી આવી પહોંચ્યુ હતું. ભારતે ૨૦૧૮માં અમેરિકી કંપની બોઈંગને બે વિમાનો મોડિફાઈ કરવા માટે સાડા આઠ હજાર કરોડનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. ભારતના મહાનુભાવો રાષ્ટ્રપતિ, ઉપ-રાષ્ટ્રપતિ અને વડા પ્રધાનના શાહી શોખને પોષી શકે એવું ભવ્યાતિભવ્ય વિમાન આજે દિલ્હી એરપોર્ટ પર ઉતર્યુ હતું.

એર ઈન્ડિયા માટે અગાઉ ખદાયેલા બોઈંગ-૭૭૭માં જ ફેરફાર કરવા ભારતે ૨૦૧૮માં આ વિમાનો અમેરિકા પરત મોકલ્યા હતા. એ પૈકીનું એક વિમાન આજે અમેરિકાના ડલાસથી ઉડીને દિલ્હી ઉતર્યુ હતું. ભારત અમેરિકા માફક સુપરપાવર બની શકે કે નહીં પણ તેના રાષ્ટ્રપતિની જેમ વૈભવી પ્રવાસ કરી શકાય એ માટે આ વિમાન પાછળ લખલૂટ ખર્ચ કરાયો છે. અમેરિકી પ્રમુખના વિમાન એર ફોર્સ વનની માફક જ વિમાનમાં ઓફિસ, ડ્રોઈંગ રૂમ, કિચન, બેડ રૂમ,મીટિંગ રૂમ... સહિતના અનેક વિભાગો ઉભા કરાયા છે. આ ઉપરાંત મેડિકલ ઈમર્જન્સી માટે નાનકડી હોસ્પિટલ પણ તૈયાર કરાઈ છે. ઉડતી ઓફિસ કહી શકાય એવી સામંતી સુવિધાઓ આ વિમાનમાં ગોઠવવામાં આવી છે. એડવાન્સ કમ્યુનિકેશન સિસ્ટમને કારણે આકાશમાં ઉડતાં ઉડતાં મહાનુભાવો તમામ સંપર્કો જાળવી શકશે અને તેની કમ્યુનિકેશન સિસ્ટમ હેક નહીં થઈ શકે. આવા વિમાનમાં સળંગ બેઠકો નથી હોતી.

# મિઝોરમમાં બાંગ્લાદેશ સરહદેથી ૩૦ રાયફલ, ૮૦૦૦ કારતૂસ જપ્ત

- ત્રણની ધરપકડ : ૩૦ રાયફલમાં એકે-૪૭, એકે-૭૪, એક અમેરિકામાં નિર્મિત કાર્બાઈનનો સમાવેશ

ઐઝવાલ : બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ)એ મિઝોરમન મામિત જિલ્લામાં ભારત-બાંગ્લાદેશ સરહદ પાસેથી ૩૦ ઓટોમેટિક રાયફલ, ૮૦૦૦ જેટલા કારતૂસ જપ્ત કર્યા છે અને ત્રણ વ્યકિતની ધરપકડ કરી છે તેમ પેરામિલિટરી ફોર્સના એક અધિકારીએ એક નિવેદનમાં જણાવ્યું છે.

ચોક્કસ બાતમીને આધારે બીએસએફના જવાનોએ ૨૮ એકે-૪૭ રાયફલ, એક એકે-૭૪ રાયફલ અને એક અમેરિકામાં નિર્મિત કાર્બાઈન રાયફલ જપ્ત કરી છે. આ ઉપરાંત ૭૮૯૪ કારતૂસ જપ્ત કરવામાં આવ્યા છે. આ શસ્ત્રો અને દારૂગોળો સોમવાર રાતે પશ્ચિમ ફેલેંગ તાલુકાના દક્ષિણ ફુલડુંગસેઇ ગામમાંથી પસાર થઇ રહેલા બે વાહનોમાંથી જપ્ત કરવામાં આવ્યા હતાં. આ ઉપરાંત ૩૯,૦૨૦ રૂપિયા રોકડા અને અન્ય વસ્તુઓ પણ જપ્ત કરવામાં આવી હતી. અધિકારીના જણાવ્યા અનુસાર આ શસ્ત્રો અને દારૂગોળો લઈને જઈ રહેલા ઐઝવાલના ત્રણ રહેવાસીઓની ધરપકડ કરવામાં આવી છે.

# ૧ લોકસભા, ૫૬ વિધાનસભા બેઠકો પર નવે.માં પેટાચૂંટણી

- ચાર રાજ્યોની સાત બેઠકો ઉપર પેટા ચૂંટણી નહીં : પંચ
- ૫૪ વિધાનસભા બેઠકો પર ૩જી નવે.એ, બિહારની ૧ લોકસભા, મણિપુરની બે બેઠકો પર ૭મીએ મતદાન, ૧૦મીએ પરિણામ

નવી દિલ્હી : કોરોના કાળમાં બિહારમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત કર્યા પછી ચૂંટણી પંચે મંગળવારે એક લોકસભા અને ૧૨ રાજ્યોમાં ૫૬ વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણીની જાહેરાત કરી હતી. જોકે, ચૂંટણી પંચે વર્તમાન સંજોગોમાં ચાર રાજ્યોની સાત બેઠકો પર પેટા ચૂંટણી નહીં યોજવાનું પણ જણાવ્યું છે.

૫૪ વિધાનસભા બેઠકો પર ૩જી નવેમ્બરે મતદાન થશે જ્યારે બિહારમાં એક લોકસભા બેઠક અને મણિપુરમાં બે વિધાનસભા બેઠકો પર પેટા ચૂંટણી ૭મી નવેમ્બરે યોજાય તેવી સંભાવના છે. બધી જ પેટાચૂંટણીઓના પરિણામ બિહારની વિધાનસભા ચૂંટણીની સાથે ૧૦મી નવેમ્બરે જાહેર કરાશે. પેટા ચૂંટણીઓના કાર્યક્રમની જાહેરાત પહેલાં પોલ પેનલે જણાવ્યું હતું કે, 'હાલના તબક્કે' કેરળ, તમિલનાડુ, આસામ અને પશ્ચિમ બંગાળમાં સાત વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજી શકાશે નહીં. આસામ, કેરળ અને તામિલનાડુની વિધાસભાઓમાં બે-બે બેઠકો ખાલી છે જ્યારે પશ્ચિમ બંગાળમાં એક બેઠક ખાલી છે. આ ચારેય રાજ્યોમાં વિધાનસભાની મુદત આગામી વર્ષે મે અને જૂન વચ્ચે અલગ અલગ સમયમાં પૂરી થવાની છે તેમ ચૂંટણી પંચે જણાવ્યું હતું. બિહારમાં વાલ્મિકી નગર લોકસભા પેટા ચૂંટણીની સાથે ૫૯ બેઠકોમાં સૌથી વધુ ૨૮ બેઠકો મધ્ય પ્રદેશની છે, જ્યાં પેટા ચૂંટણી થવાની છે. મધ્ય પ્રદેશમાં કોંગ્રેસમાંથી બળવાખોર ધારાસભ્યો રાજીનામુ આપીને ભાજપમાં જોડાતાં આ બેઠકો ખાલી પડી હતી. મધ્ય પ્રદેશમાં કોંગ્રેસના અગ્રણી નેતા જ્યોતિરાદિત્ય સિંધિયાના બળવાને પગલે તેમની સાથે કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો ભાજપમાં જોડાતાં સામૂહિક પક્ષ પલટાના કાયદાને પગલે આ ધારાસભ્યો અયોગ્ય ઠર્યા હતા. કોંગ્રેસ ધારાસભ્યોના રાજીનામાના કારણે મધ્ય પ્રદેશમાં કમલનાથના નેતૃત્વની બહુમતી સરકાર પડી ભાંગી હતી અને ભાજપ ફરીથી સત્તા પર આવ્યો હતો.

## બિહાર વિધાનસભા ચૂંટણી : ૧૬ જિલ્લાની ૭૧ બેઠકો માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ

પટના : બિહાર વિધાનસભાની ચૂંટણીની પ્રક્રિયાનો ગુરુવારથી આરંભ થયો હતો. ૧૬ જિલ્લામાં આવેલી વિધાનસભાની કુલ ૭૧ બેઠકોના ઉમેદવારી પત્રકો આજથી ભરાવાના શરૂ થશે. મતદાનના પહેલા તબક્કામાં નીતિશ કુમારની સરકારના આઠ પ્રધાનોનાં ભાવિ ઘડાશે. આજથી શરૂ કરીને આઠમી ઓક્ટોબર સુધી ઉમેદવારી પત્રકો ભરી શકાશે. નવમી ઓક્ટોબરે ઉમેદવારી પત્રકોની ચકાસણી થશે ઉમેદવારી પત્રકો પાછાં ખેંચવાની છેલ્લી તારીખ ૧૨ ઓક્ટોબર છે.

# કોરોના ઈફેક્ટ
# કેનેડાએ વિદેશીઓ માટે ટ્રાવેલ પ્રતિબંધની મુદત ૩૧મી ઓક્ટોબર સુધી વધારી દીધી

ઓટ્ટાવા/વોશિંગ્ટન : કોરોનાનું સંક્રમણ વધે નહીં તે માટે તકેદારીનાં પગલાંરૂપે કેનેડાએ વિદેશી પ્રવાસીઓ પર ૩૧ ઓક્ટોબર સુધી ટ્રાવેલ પ્રતિબંધ લંબાવ્યો છે. કેનેડાના પબ્લિક સેફ્ટી પ્રધાન બિલ બ્લેરે કહ્યું હતું કે અમે અમેરિકા સિવાયના વિદેશી પ્રવાસીઓના પ્રવેશ પરનો પ્રતિબંધ ૩૧ ઓક્ટોબર સુધી લંબાવીએ છીએ. જોકે આ આદેશ કેટલાક અમેરિકન નાગરિકો અને હંગામી વિદેશી કર્મચારીઓ તેમજ રાજદ્વારીઓ અને ફ્લાઈટ ક્રુને લાગુ પડશે નહીં. કેનેડાએ ૨૫ માર્ચ પછી ત્યાં ક્વોરન્ટાઈનના નિયમો વધુ કડક બનાવ્યા છે. જે વ્યક્તિ તેનો ભંગ કરે તેને ૫,૩૭,૦૦૦ ડોલરનો દંડ કરવામાં આવે છે અને અથવા ૬ મહિનાની કેદ કરાય છે.

આ ઉપરાંત આખી દુનિયામાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૩.૪૨ કરોડને પાર કરીને ૩,૪૨,૨૮,૨૯૬ થઈ છે. જ્યારે ૧૦,૧૯,૮૬૨ લોકોએ જીવ ગુમાવ્યો છે. સારવાર પછી ૨,૫૪,૭૩,૩૮૪ લોકોએ કોરોનાને હરાવ્યો છે. ઈઝરાયેલમાં કોરોનાનું સંક્રમણ વધતા સરકાર દ્વારા કડક પ્રતિબંધો અમલી બનાવાયા છે. લોકો હવે પ્રતિબંધોના વિરોધમાં દેખાવો કરી શકશે નહીં. સરકાર દ્વારા દેખાવો અને વિરોધપ્રદર્શનો પર રોક લગાવતો કાયદો પસાર કરવામાં આવ્યો છે. જે લોકો દેખાવો કરશે તેની ધરપકડ કરાશે.

સ્પેનના મેડ્રિડમાં કોરોનાના નવા હોટસ્પોટ મળી આવતા સરકાર દ્વારા ફરી લોકડાઉન લાદવા વિચારાઈ રહ્યું છે. જો કે લોકો હવે સરકારની આ નીતિનો વિરોધ કરી રહ્યા છે. છેલ્લા બે અઠવાડિયામાં નવા ૧,૩૩,૦૦૦થી વધુ કેસ આવ્યા છે. કોરોના મહામારીને પગલે લેટિન અમેરિકામાં ૩૪ લાખ લોકોએ નોકરી ગુમાવી છે તેવું યુએનના ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના રિપોર્ટમાં જણાવાયું છે. કેરેબિયન દેશોમાં પણ સ્થિતિ વણસી છે.



## સિરિયામાં ૭ લાખ બાળકો સામે ભૂખનો ખતરો

બૈરુત : પ્રતિબંધોને કારણે સિરિયામાં વધુ સાત લાખ બાળકો સામે ભૂખનો ખતરો ઉભો થશે તેમ એક આંતરરાષ્ટ્રીય સહાય જૂથે ચેતવણી આપી છે. બાળકો માટે કાર્ય કરતા એક અગ્રણી એનજીઓના જણાવ્યા અનુસાર નવા આંકડા દર્શાવે છે કે છેલ્લા છ મહિનામાં ફૂડ ઇનસિક્યોર બાળકોની સંખ્યા વધીને ૪૬ લાખ થઇ ગઇ છે. છેલ્લા દસ વર્ષથી ચાલી રહેલા સંઘર્ષમાં ચાર લાખથી વધુ લોકોનાં મોત થયા છે અને દેશની ૫૦ ટકા વસ્તી વિસ્થાપિત થઇ ગઇ છે. યુદ્ધને કારણે સિરિયાના અર્થતંત્રને પણ મોટા પાયે નુકસાન થયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર યુદ્ધ, મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર, પશ્ચિમી દેશોના પ્રતિબંધ, પાડોશી દેશ લેબેનોનમાં નાણાકીય કટોકટીને કારણે સિરિયાનું અર્થતંત્ર પડી ભાંગ્યું છે.

## કોરોના બાદ હવે ચીનના 'કેટક્યુ' વાયરસનો ભય

બેઈજિંગ : ચીનમાંથી આવેલા કોરોના વાઈરસના પ્રકોપનો ભારત સહિત સમગ્ર દુનિયા સામનો કરી રહી છે અને તેનાથી પીછો છોડાવવા મથામણ કરી રહી છે તેવા સમયે ભારત સહિત દુનિયા પર ચીનમાંથી જ વધુ એક વાયરસના પ્રસારનું જોખમ તોળાઈ રહ્યું છે. આઈસીએમઆરે ભારત સરકારને ચેતવણી આપી છે કે ચીનનો કેટ ક્યુ વાયરસ ભારતમાં ઘૂસી શકે છે. આ વાયરસ માણસમાં તીવ્ર તાવ, મેનિન્જાઈટિસ અને બાળકોમાં ઇન્સેફ્લાઈટિસની સમસ્યા ઊભી કરી શકે છે. દેશની વસતીનો એક મોટોભાગ કોરોનાની ઝપટમાં આવી ગયો છે. આઈસીએમઆરની પૂણે સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીના સાત સંશોધકોને ટાંકીને જણાવાયું છે કે ચીન અને વિયેતનામમાં કેટ ક્યુ વાયરસની હાજરીની જાણ થઈ છે. અહીં ક્યુલેક્સ મચ્છરો અને ડુક્કરોમાં આ વાયરસ મળ્યો છે.

## જાપાન સરકાર નાગરિકોને વિનામૂલ્યે વેક્સિન આપશે

ટોક્યો : જાપાનીઝ સરકાર એના તમામ નાગરિકોને વિના મૂલ્યે નોવેલ કોરોના વાઇરસની રસી આપવા માટે પ્લાનિંગ કરી રહી છે. આ પહેલાં ઓસ્ટ્રેલિયાની સરકારે પણ જાહેર કર્યું હતું કે, એ એના નાગરિકો માટે વેક્સિનની કોઈ કિંમત રાખશે નહીં. અત્યારે જાપાન અને દુનિયાભરમાં વિકસાવવામાં આવી રહેલી કોરોનાની રસીના પૂરતા પુરવઠા માટે જાપાનીઝ સરકાર આવતા વર્ષે જૂનના અંત સુધીમાં ખર્ચ માટેનું ભંડોળ ઊભું કરશે. જાપાન એના અનામત ભંડોળમાંથી ૬૭૦ અબજ જાપાનીઝ યેન ખર્ચ કરશે. આવતા અઠવાડિયાની શરૂઆતમાં આરોગ્ય મંત્રાલયની સલાહકાર સમિતિની બેઠકમાં ફ્રીમાં કોરોનાની રસી પૂરા પાડવાની નીતિ જાહેર કરાશે. રસી તૈયાર થયા બાદ તરત જ એ નાગરિકોને ઉપલબ્ધ કરાવી શકાય એવા ઉદ્દેશની સાથે ફ્રીમાં રસી પૂરી પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## દેશોને એક કરવામાં યુએનની નિષ્ફળતા

સંયુક્ત રાષ્ટ્ર : કોરોના મહામારીએ વિશ્વમાં ૧૦ લાખથી વધુ લોકોનો ભોગ લીધો છે ત્યારે તેની સામે લડવામાં વિશ્વના મોટા ભાગના દેશો નિષ્ફળ જઇ રહ્યા છે એટલું જ નહીં વિશ્વના દેશોને તેના છત્ર હેઠળ એક કરવામાં યુએન પણ નિષ્ફળ ગયું હોવાની બાબત ચિંતાજનક છે. યુએનની આ નિષ્ફળતા વૈશ્વિક સંગઠનમાં સુધારાની જરૂરિયાત પર ભાર મૂકે છે, જેથી સંયુક્ત રાષ્ટ્ર સંઘ તેની સ્થાપના સમય કરતાં વધુ ગંભીર પડકારોનો સામનો કરવા સક્ષમ બની શકે. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવે જણાવ્યું હતું કે કોરોના મહામારીએ આંતરરાષ્ટ્રીય સહકારની પરીક્ષા કરી છે અને આ પરીક્ષામાં આપણે નપાસ થયા છીએ. સંયુક્ત રાષ્ટ્રએ પણ આ અંગે ચિંતા વ્યક્ત કરી છે અને કહ્યું છે કે ઘણા સમય પછી એવું બન્યું છે કે વિશ્વના મોટા ભાગના દેશો કોરોના સામેની લડાઇમાં એકબીજાની સાથે સંકલન સાધવામાં કે મદદ કરવામાં નિષ્ફળ રહ્યા છે.

# કુરાન મજીદમાંની "આયતુલ કુરસી" (અલ્લાહની સત્તા તથા રાજ્ય વિષેની આયત)નો પદ્યમય ભાવાનુવાદ અને જાણકારી



મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

ઈસ્લામની આરસી
કાસિમ અબ્બાસ

ભાગ-૨

નહીં કોઈ મા'બુદ ઇસકે સીવા,
વોહ હે રબ્બે આ'લા વ બરતર ખુદા.
વોહ ઝીંદા હંમેશા હમેશા રહા,
યે દરીયાએ રહેમત હમેશા બહા.
જો હે કાયેનાતોં કો થામે હુવે,
હેં ગુલબુટે ઇસમેં સજાયે હુવે.
વોહ ઝાત બરતર વ આ'લા સીફાત,
અઝલ સે અબદ તક ઇસીકો સબાત.
કભી નીંદ આઈ ન ઉંઘ આયેગી,
કયામત મેં વોહ જલવા દીખલાયેગી.
ઝમીં આસમાં કે ખલાયક તમામ,
અઝલ સે મતીઅ ઓર ઇસકે ગુલામ.
નહીં કોઈ ઇસ સે કરે ગુફતગુ,
કયામત મેં સબ આયેંગે રૂબરૂ.
નહીં તાબ ઇસ સે સીફારીશ કરે,
અગર રબ્બે આ'લા ઇજાઝત ન દે.
યે ઇન્સાં કે પીછે વ આગે હે ક્યા,
વહી ઇસસે વાકીફ વહી જાનતા.
કભી ઇલ્મે ઇન્સાં ન કામીલ હુવા,
મગર માનને મેં તાઅમલ હુવા.
એહાતા કરેંગે કીસ ચીઝ કા ?
મીલે ગર ન મનશા ન ઇસ કી રઝા.
વોહ કુરસી કા માલીક હે રબ્બે કદીર,
અયાં ભી નહાં ભી વોહ સબકા ઝહીર.
યે કુરસી કી વુસઅત હે મીસ્લે કમાં,
કે ઘેરે મેં ઇસ કે ઝમીં આસમાં.
ખલાયક મેં ઇન્સાન મેહબુબ હે,
મગર વોહ તો શયતાં સે મઘલુબ હે.
અગર યે ઇરાદોં મેં કમઝોર હે,
યે કમઝોર બંદો પે શે ઝોર હે.
યે હે અપને અન્જામ સે બે ખબર,
હેં દુનિયા કી રાહેં બળી પુરખતર
મુકદર પે અપની યે શાકીર નહીં,
હીફાઝત પે અપની યે કાદીર નહીં.
યે ઇન્સાન બેબસ વ લાચાર હે,
સમઝતા હે દુનિયા કા મુખતાર હે.
મગર ઐસા હાફીઝ કોઈ ઔર હે ?
સુખન બસ યહી કાબીલે ઘૌર હે.
હીફાઝત મેં ઇન્સાંકી વોહ ન થકા,
ન ઉકતાયા ઉસ સે ન હરગીઝ રૂકા.
કે શાને રહીમી બળી હે બુલંદ,
ચલા ઇસકી રાહ પે વોહી અરજુમંદ
વોહી સબસે ઇરફાઆ વ આ'લા ખુદા,
કે હર નામ ઝેબા હે ઇસકો બળા.

(ઉર્દુ માં પદ્યમય ભાવાનુવાદ "આયતુલ કુરસી", પ્રકરણ ૨, શ્લોક ૨૫૫ - સજ્જાદ એહમદ સાજીદ મુરાદાબાદી)

ઉર્દુ ભાષાના અમુક અઘરા શબ્દોનું ગુજરાતી ભાષાંતર

ઇબ્તેદા-આરંભ. ઈસ્મ-નામ. મા'બુદ-પુજવાને લાયક, બંદગીને લાયક. આ'લા - ઉચ્ચતર. બરતર-સર્વશ્રેષ્ઠ. દરીયાએ રેહમત - કૃપા અને દયાનો સમુદ્ર. કાયનાતોં -બ્રહ્માંડ. થામે હુવે-કાળજી પૂર્વક સંભાળીને રાખતા. ગુલબુટે-ફુલ, કળીઓ વગેરે. ઝાત-હસ્તી,પોતે. સીફાત- લાક્ષણિકતા. અઝલ-આરંભ. અબદ-છેવટ,અંતિમ. સબાત-ટેકો,તરફેણ. જલવાહ-પવિત્રતા, મહાનતા, સુંદરતા. ખલાયક - સર્જનો. મતીઅ- આજ્ઞાપાલક. ગુફતગુ-વાતચીત. વાકીફ-જાણકાર. કામીલ-સંપૂર્ણ. તાઅમલ-ધોરણસર, ઠીક રીતે. એહાતા-ચારે તરફથી, આસપાસથી. મનશા - ઇચ્છા. રઝા-પરવાનગી. રબ્બે કદીર-સર્વોપરી શક્તિમાન પાલનહાર. અયાં - જોઈ શકાતું. નહાં-અદ્રશ્ય. ઝહીર-મદદગાર. વુસઅત-વિશાળતા, મહાનતા. મીસ્લે કમાં- કમાનની જેમ, બહુજ મહાન. મઘલુબ-અસર હેઠળ, અંજાઈ જનાર. શેઝોર-શક્તિશાળી. પુરખતર-ભયથી ભરપુર. શાકીર-આભાર માનનાર. હીફાઝત-જાળવણી. કાદીર-સર્વોપરી,શકિતમાન. મુખતાર-પોતાની સત્તા અને મરજીથી કરનાર. હાફીઝ-સંભાળ રાખનાર, જાળવનાર. સુખન-શબ્દો. કાબીલેઘોર-મનન લાયક. ઉકતાયા-કંટાળી ગયેલ. શાને રહીમી-દયાળુપણાની નિશાની. બુલંદ-ઉચ્ચ. અરજુમંદ-ઇઝઝત અને માન મરતબા વાળું. ઇરફાઆ-ઉચ્ચતર. ઝેબા-લાયક.

"આયતુલ કુરસી"નું રોજીંદા પઠન(તીલાવત) કરવા વિષે ઇસ્લામના અંતિમ પયગંબર સાહેબ (સ.અ.વ.) ના કથન (હદીસ)માં બહુ જ ભારપૂર્વક કહેવામાં આવેલ છે કે તેના રોજીંદા પઠન(તીલાવત) થકી જો અલ્લાહ ચાહે તો પઠન કરનારની મુશ્કેલીઓ ટાળી શકે છે. આયતુલ કુરસીનું રોજીંદા પઠન કરવું એક રીતે પાલનહાર અલ્લાહનું સ્મરણ(ઝીક્ર) કરવા સમાન છે, અને સાથે સાથે તેની પ્રશંસા કરવા સમાન પણ છે, કારણ કે આયતુલ કુરસીમાં પાલનહાર અલ્લાહની એક સંપૂર્ણ તથા આગવી ઓળખ આપવામાં આવેલ છે, અને તેની પ્રશંસા પણ કરવામાં આવેલ છે.

માટે શ્રધ્ધાળુ (મોમીનો)એ પોતાનો એ રોજીંદા નિયમ બનાવી લેવો જોઈએ કે તેઓ રોજીંદા તેનું પઠન કરે. આયતુલ કુરસી કેવળ એકજ શ્લોક(આયત) ધરાવતી હોવાથી અને તે બહુ લાંબી ન હોવાથી રોજીંદા પઠન કરવાથી તે બહુ જ સહેલાઈથી કંઠસ્તે (મોઢે) યાદ રહી જાય છે.

સમાપ્ત

# કેલિફોર્નિયામાં ફરી આગઃ ૬નાં મોત, ૯૦,૦૦૦ને ખસેડાયા

• ૧ લાખ મકાનોમાં અંધારપટ : નાપા-સોનોમા કાઉન્ટીમાં રવિવારથી આગની શરૂઆત, લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવા પડે તેવી શક્યતા

સાનફ્રાન્સિસ્કો : ઉત્તર કેલિફોર્નિયાની સોનોમા કાઉન્ટીમાં સોમવારે ઝડપી પવન ફૂંકાવાને કારણે ફરીથી આગ લાગી હતી. આ આગને કારણે અનેક મકાનો નાશ પામ્યા હતાં અને ૯૦,૦૦૦ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતાં.

આ દરમિયાન રાજ્યના ઉત્તર ભાગમાં આગ લાગવાની અન્ય એક ઘટનામાં ૬ લોકોના મોત થયા હતાં. નાપા-સોનોમા કાઉન્ટીમાં આગ રવિવારે શરૂ થઈ હતી.આ અગાઉ ત્રણ વર્ષ પહેલા પણ કાઉન્ટીમાં આ જ પ્રકારની આગ લાગી હતી. જેમાં ૨૨ લોકોના મોત થયા હતાં.

કેલ ફાયર ડિવિઝનના પ્રમુખ બેન નિકોલ્સના જણાવ્યા અનુસાર સોનોમા અને નાપા કાઉન્ટીમાંથી ૬૮૦૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. સમગ્ર રાજ્યમાં લગભગ ૩૦ સ્થળોએ આગ લાગી છે. તેમણે જણાવ્યું હતું કે અન્ય નાગરિકોને પણ ચેતવણી આપવામાં આવી છે કે તેમને પણ સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવી શકે છે. પવનની ઝડપ ઓછી થયા પછી ફાયર ફાઈટરોને આગને અંકુશમાં લેવા મદદ મળી શકે છે.

સાન ફ્રાન્સિસ્કોથી ૭૨ કિમી ઉત્તરમાં નાપા સોનોમા કાઉન્ટીમાં રવિવારે આગની શરૂઆત થઈ હતી. ઉલ્લેખનીય છે કે ત્રણ વર્ષ પહેલા ૨૦૧૭માં પણ આ જ વિસ્તારમાં આગ લાગી હતી જેમાં ૨૨ લોકોનાં મોત થયા હતાં. એક લાખ મકાનોમાં અંધારપટ છવાઈ જતાં વીજ કંપનીઓ ફરીથી વીજ પુરવઠો ઉપલબ્ધ કરાવવાના પ્રયત્નો કરી રહી છે.



# એપલના મહત્ત્વના 3 સપ્લાયર 5 વર્ષમાં ભારતમાં 90 કરોડ ડોલરનું રોકાણ કરશે

• ફોક્સકોન ૫૪.૨ કરોડ ડોલર, વિસ્ટ્રોન અને પેગાટ્રોન અનુક્રમે રૂ. ૧૩ અબજ તથા રૂ. ૧૨ અબજ રોકશે



વોશિંગ્ટન : એપલ કંપનીના ટોચના ત્રણ મેન્યુફેકચરોએ આગામી પાંચ વર્ષમાં ભારતમાં ૯૦ કરોડ ડોલરનું રોકાણ કરવાની જાહેરાત કરી છે તેમ આ ક્ષેત્ર સાથે સંકળાયેલા સૂત્રોએ એક નિવેદનમાં જણાવ્યું છે.

એપલના ત્રણ મેન્યુફેકચર્સ ફોક્સકોન, વિસ્ટ્રોન અને પેગાટ્રોન ઉત્પાદન આધારિત ઈન્સેન્ટીવ પ્લાન હેઠળ રોકાણ કરશે. ઉલ્લેખનીય છે કે ભારતને સ્માર્ટફોનની નિકાસનું હબ બનાવવા માટે મોદી સરકારે પ્રોડ્કશન લિંક્ડ ઈન્સેન્ટીવ સ્કીમની શરૂઆત કરી છે. આ સ્કીમનું બજેટ ૪૧ હજાર કરોડ રૂપિયા છે અને તેનો ઉદ્દેશ વિશ્વની મોટી કંપનીઓને ભારતમાં રોકાણ કરવા માટે આકર્ષિત કરવાનો છે.

ફોક્સકોને ૫૪.૨ કરોડ ડોલરનું રોકાણ કરવાની જાહેરાત કરી છે. જ્યારે વિસ્ટ્રોન અને પેગાટ્રોને અનુક્રમે ૧૩ અબજ રૂપિયા અને ૧૨ અબજ રૂપિયાનું રોકાણ કરવાની જાહેરાત કરી છે. આ ત્રણેય કંપનીઓ ભારતમાં એપલના ઉપકરણોનું ઉત્પાદન વધારવા માટે આ રોકાણ કરશે તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. જો કે આ ક્ષેત્રના સૂત્રોનું માનવું છે કે આ કંપનીઓ ભારતમાં આઈફોનનું ઉત્પાદન વધારવાના પ્રયત્નો કરશે.

# એચ-૧બી અરજીની ફી વધારાની દરખાસ્ત પર US કોર્ટે સ્ટે મૂક્યો

વોશિંગ્ટન : અમેરિકાની એક ડિસ્ટ્રિક્ટ કોર્ટે એચ-૧બી અને બીજી વિઝા અરજીઓની ફી વધારાની સૂચિત દરખાસ્ત પર સ્ટે મૂકી દીધો છે. ડિસ્ટ્રિક્ટ જજ જેફરી વ્હાઈટે એક આદેશ જારી કરીને તાત્કાલિક ધોરણે સ્ટે મૂક્યો છે. ઈમિગ્રેશન લિગલ રિસોર્સ સેન્ટર સહિત આઠ નોન-પ્રોફિટ ઓર્ગેનાઈઝેશને ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં અરજી કરીને સૂચિત ફી વધારાનો વિરોધ કર્યો હતો.

અરજદારોએ ફી વધારાની દરખાસ્તને કોર્ટમાં પડકારતા એવી દલીલ કરી હતી કે અયોગ્ય હોદ્દા પર બેઠેલા અધિકારીઓ દ્વારા ફી વધારાની દરખાસ્ત કરાઈ હતી અને તેથી તેમના દ્વારા જારી થયેલી ફી વધારાની દરખાસ્ત ગેરકાયદેસર છે. અરજદારોએ એવી પણ દલીલ કરી હતી કે સિટિઝન એપ્લિકેશન ફી અને અસાઈલમ ફીને કારણે નબળા વર્ગના લોકોને સૌથી વધારે નુકસાન થશે. ઉલ્લેખનીય છે કે અમેરિકી સરકારે એચ-૧બી સહિતના બીજા વિઝા માટેની ફી વધારાની જાહેરાત કરી હતી અને ૨ ઓક્ટોબર ૨૦૨૦થી ફી વધારાનો અમલ થવાનો હતો. એચ-૧ બી વિઝા માટેની મૂળ અરજી ફીને ૪૬૦ અમેરિકી ડોલરથી વધારીને ૫૫૫ અમેરિકી ડોલર કરવાની દરખાસ્ત કરાઈ હતી. સાથેસાથે એલ-૧ વિઝાની ફીમાં ૭૫ ટકાનો વધારો કરાયો હતો.

# US પ્રમુખપદની ચૂંટણી પહેલાં ટ્રમ્પ-બિડેન વચ્ચે શાબ્દિક યુદ્ધ

• ટ્રમ્પ અમેરિકાના સૌથી ખરાબ પ્રમુખઃ બિડેન
• બિડેન જુઠા છે અને ગયા વર્ષે જ જુઠુ બોલવામાં તેમણે ડીગ્રી મેળવી હતીઃ ટ્રમ્પ

વોશિંગ્ટન : અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીની પ્રથમ જાહેર ચર્ચામાં પ્રમુખ ટ્રમ્પ અને તેમના ડેમોક્રેટિક હરિફ જો બિડેન વચ્ચે જોરદાર ચર્ચા ચાલી હતી અને બંનેએ એક બીજા પર જુઠ બોલવાના આરોપ મૂક્યા હતા. વચ્ચે વચ્ચે તેઓ એક બીજા પર ગુસ્સે થયા હતા અને ગંભીર આરોપો પણ લગાડતા હતા. ઓહાયાના ક્લિવલેન્ડમાં આયોજીત પ્રથમ જાહેર ચર્ચામાં ફોક્સ ન્યુઝના એન્કર ક્રિસ વાલેસ મોડરટર હતા. ૭૪ વર્ષના ટ્રમ્પ અને ૭૭ વર્ષના બિડેને એક બીજાના પરિવારને પણ ચર્ચામાં સંડોવ્યા હતા. હકીકત એ છે કે અત્યાર સુધી ટ્રમ્પે જે કંઈ કહ્યું હતું તે નર્યુ જુઠ હતું. હું અહિયા તેમના જુઠ ગણાવવા નથી આવ્યો, કારણ કે દરેક જણ જાણે છે કે ટ્રમ્પ એક નંબરના જુઠા છે'એમ બિડેને કહ્યું હતું. એના જવાબમાં ટ્રમ્પે પણ બિડેનને જુઠા ગણાવ્યા હતા અને કહ્યું હતું કે હજુ તો ગયા વર્ષે જ બિડેને જુઠ બોલવામા ડીગ્રી મેળવી હતી.

# USમાં હોસ્પિટલોની કોમ્પ્યુટર સિસ્ટમ પર સાયબર એટેક, કામકાજ ઠપ થયા

• યુનિવર્સલ હેલ્થ સર્વિસીસના ૨૫૦થી વધુ હોસ્પિટલો અને ક્લિનિક




વોશિંગ્ટન : અમેરિકામાં બુધવારે એક પ્રમુખ હોસ્પિટલ ચેઈનના તમામ હોસ્પિટલોની કોમ્પ્યુટર સિસ્ટમ ઠપ થઈ ગઈ હતી. કંપનીએ આ સમસ્યાને ટેકનોલોજીની સાથે જોડાયેલી સુરક્ષા સમસ્યા ગણાવી હતી. આ દરમિયાન તમામ ડોક્ટરો અને નર્સોને ઓનલાઈનને બદલે દરેક જગ્યાએ કાગળ અને પેનનો ઉપયોગ કરવો પડયો હતો. યુનિવર્સલ હેલ્થ સર્વિસિસના અમેરિકામાં ૨૫૦થી વધુ હોસ્પિટલો અને ક્લિનિકલ સેવાઓ છે. તેણે પોતાની વેબસાઈટ પર એક સંક્ષિપ્ત નિવેદનમાં જણાવ્યું હતું કે હાલમાં તેનું નેટવર્ક ઓફલાઈન હોવાથી ડોક્ટર અને નર્સ કાગળ અને પેનનો ઉપયોગ કરી દર્દીઓને રેકોર્ડ રાખી રહ્યાં છે. ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓમાં સામેલ અને ૯૦,૦૦૦ કર્મચારીઓ ધરાવતી આ કંપનીએ વધુમાં જણાવ્યું હતું કે દર્દીઓની સારવાર ચાલી રહી છે. આ દરમિયાન અમેરિકન હોસ્પિટલ એસોસિએશનના વરિષ્ઠ સાયબર સુરક્ષા સલાહકાર જોન રિગ્ગીએ આ હુમલાને શંકાસ્પદ રેનસમવેયર હુમલો ગણાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે કોરોના સમયમાં સાયબર અપરાધીઓ સ્વાસ્થ્ય સંસ્થાઓના નેટવર્કને ઝડપથી નિશાન બનાવી રહ્યાં છે.

# કોરોનામાં બેરોજગારીને કારણે ડિઝની થીમ પાર્કના ૨૮૦૦૦ કર્મીને છૂટા કરશે

ન્યૂયોર્ક : કોરોના મહામારીના કારણે દુનિયાભરમાં બેરોજગારીનો કહેર ફેલાઈ ચૂક્યો છે. આ સંકટમાં હવે મનોરંજન ક્ષેત્રની જાણીતી કંપની ડિઝ્નીએ પણ મોટો નિર્ણય લીધો છે. કંપનીએ પોતાના થીમ પાર્કમાં કામ કરી રહેલા ૨૮૦૦૦ કર્મચારીઓને છૂટા કરવાનું નક્કી કર્યુ છે. કંપનીએ મંગળવારે જાહેરાત કરી હતી કે કોરોના મહામારીનો કહેર લાંબા સમય સુધી ચાલી રહ્યો હોવાના કારણે અમેરિકાના અનેક થીમપાર્કમાં કર્મચારીઓને છૂટા કરવામાં આવશે. ડિઝ્ની પાર્કના ચેરમેને કહ્યું કે આ સ્થિતિ ખૂબ જ દુઃખદાયી છે પરંતુ કોરોનાના કારણે કારોબાર પણ પ્રભાવિત થયા છે. સાથે સોશ્યલ ડિસ્ટન્સિંગ, ઓછા કર્મચારીની સંખ્યામાં કામ કરવું અને મહામારીની અનિશ્ચિતતાના કારણે આ કામ કરવું પડી રહ્યું છે. કંપની પોતાના થીમપાર્કમાંથી ૨૮૦૦૦ કર્મચારીઓને છૂટા કરશે.

# આર્મેનિયા - અબરબૈજાન વચ્ચેના યુદ્ધમાં અત્યાર સધીમાં ૬૭ના મોત

યેરેવાન : આર્મેનિયા અને અજરબૈજાન વચ્ચે વિવાદિત ક્ષેત્ર નાગાર્નો – કારાબાખને કારણે શરુ થયેલી લડાઈ બંધ થાય તેવા કોઈ સંકેત મળતા નથી. બંને પક્ષો વચ્ચે મંગળવારે પણ ગોળીબાર થયો હતો. બંને દેશોએ વિવાદિત ક્ષેત્રની બહાર એકબીજા પર હૂમલો કર્યાનો આરોપ લગાવી રહ્યા છે. આ લડાઈમાં અત્યાર સુધીમાં ૬૭ લોકોના મોત થયા છે. ઉલ્લેખનીય છે કે રવિવારે આ વિસ્તારમાં યુદ્ધની શરુઆત થઈ છે. જેમાં તોપ અને બોમ્બનો ઉપયોગ પણ થઈ રહ્યો છે. આર્મેનિયાના રક્ષા મંત્રાલયે જણાવ્યું છે કે આજરબૈજાનના ડ્રોન હૂમલાના કારણે એક બસમાં આગ લાગી હતી. જો કે તેમાં કોઈ જાનહાનિ થઈ નથી.

તો બીજી તરફ અજરબૈજાનના રાષ્ટ્રપતિએ જમાવ્યું કે આર્મેનિયા દ્વારા કરવામાં આવેલા હૂમલાની અંગદર તેના દસ નાગરિકોના મોત થયા છે. આ લડાઈના કારણે બંને દેશોના કેટલા સૈનિકોના મોત થયા છે તેના પાક્કા આંકડા હજુ બેમાંથી એક પણ દેશે જાહેર કર્યા નથી. સમાચાર એજન્સી એએનઆઈના એરક રિપોર્ટ પ્રમાણે અજરબૈજાન તરફથી પાકિસ્તાની સૈનિકો યુદ્ધ લડી રહ્યા છે.

# કોલંબિયામાંથી ગુમ થયેલી ૪૬ વર્ષીય મહિલા બે વર્ષે દરિયામાંથી જીવતી મળી

બોગાટો : ૨૦ વર્ષ પહેંલા પ્રથમ વખત ગર્ભવતી બન્યા પછીથીજ પતિનો ત્રાસ સહન કરતી ૪૬ વર્ષની એક મહિલાએ જીવનનો અંત આણવા દરિયામાં ઝંપલાવ્યું હતું, પરંતુ આઠ આઠ કલાક સુધી બેભાન અવસ્થામાં તર્યા પછી પણ તે જીવતી મળી આવી હતી.એન્જેલિકા ગાઈટેન નામની આ મહિલા માછીમારી કરી રહેલા રોનાલ્ડો વિસ્બલ અને તેના મિત્રને પ્યુર્ટો કોલંબિયાના કિનારાથી બે કિલો મીટર દૂર મળી હતી.માછીમારોએ તેને બચાવતો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

ગાઈટેન આઠ કલાક કરતાં વધુ સમય સુધી દરિયામાં બેભાન અવસ્થામાં જ તરતી રહી હતી.તે હાઈપોથેરેમિયાથી પીડાતી હતી.માછીમારોએ તેને બહાર કાઢ્યા પછી તેણે પહેલુ વાક્ય એ કહ્યું હતું કે મારા ફરીથી જન્મ થયો. ઈશ્વરની ઈચ્છા નહતા કે હું મરી જાઈ. માછીમારોએ તેને પીવાનું પાણી આપ્યું હતું અને ત્યાર પછી તેને હોસ્પિટલ ખસેડી હતી.

## રાજસ્થાન સામે કોલકાતા જીત્યું

દુબઇ: ઇયોન મોર્ગને છેલ્લી ઓવર્સમાં નોંધાવેલા ઉપયોગી રન બાદ ભારતના યુવા બોલર્સે કરેલી શિસ્તબદ્ધ બોલિંગની મદદથી કોલકાતા નાઇટ રાઇડર્સે અહીં રમાયેલી આઇપીએલ ટીર૦ લીગની મેચમાં રાજસ્થાન રોયલ્સને કોઇ પણ મુશ્કેલી વિના ૩૭ રનથી પરાજય આપ્યો હતો. કોલકાતાના છ વિકેટે ૧૭૪ રનના સ્કોર સામે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરનાર રાજસ્થાનની ટીમ નવ વિકેટે ૧૩૭ રન બનાવી શકી હતી. દુબઇમાં અત્યાર સુધી છ મેચો રમાઇ છે અને આ તમામમાં પ્રથમ બેટિંગ કરનાર ટીમનો વિજય થયો હતો.

## હૈદરાબાદે દિલ્હી કેપિટલ્સને ૧૫ રનથી હરાવ્યું

અબુ ધાબી: ટોચના બેટ્સમેનો બાદ બોલર્સે કરેલી શિસ્તબદ્ધ બોલિંગની મદદથી સનરાઇઝર્સ હૈદરાબાદે આઇપીએલ ટીર૦ લીગની મેચમાં દિલ્હી કેપિટલ્સને ૧૫ રનથી પરાજય આપ્યો હતો. હૈદરાબાદના ચાર વિકેટે ૧૬૨ રના જવાબમાં ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરનાર દિલ્હીની ટીમ સાત વિકેટે ૧૪૭ રન નોંધાવી શકી હતી. શિખર ધવને ૩૪ તથા પંતે ૩૨ રન બનાવ્યા હતા. હૈદરાબાદ માટે રાશિદ ખાને ૧૪ રનમાં ત્રણ વિકેટ ખેરવી હતી.

## રોબિન ઉથ્થપાએ ICC ગાઈડલાઈનનું કર્યુ ઉલ્લંઘન



રાજસ્થાન રોયલ્સના બેટ્સમેન રોબિન ઉથપ્પા કોલકાતા નાઈટ રાઈડર્સની સામે ઈન્ડિયન પ્રીમિયર લીગ મેચમાં બોલ પર થૂંક લગાવતો જોવા મળ્યો હતો. જે ICCના કોવિડ ૧૯ સાથે બનાવેલ નિયમોનું ઉલ્લંઘન છે. બુધવારે આયોજિત મેચની ત્રીજી ઓવરના પાંચમા બોલમાં ઉથપ્પાએ સુનીલ નરેનનો કેચ હવામાં છોડ્યો હતો. જે બાદ મિડ ઓન ક્ષેત્રમાં બોલ પકડ્યા બાદ થૂંક લગાવીને બોલ ચમકાવતો જોવા મળ્યો હતો અને બાદમાં તેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો.





# રોહિત શર્માનો વધુ એક રેકોર્ડ
# આઈપીએલમાં 5000 રન પૂરા

દુબઈ: આઈપીએલ ૨૦૨૦ની ૧૩મી મેચમાં ગુરૂવારના મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન રોહિત શર્માએ પંજાબની વિરુદ્ધ મેચમાં ૨ રન બનાવતા જ રોહિતે આઈપીએલમાં પોતાના ૫ હજાર રન પૂરા કરી લીધા છે. હિટમેને ચોગ્ગાની સાથે આઈપીએલમાં પોતાના ૫ હજાર રન પુરા કર્યા છે. મેચ પહેલા ૪૯૯૮ રન બનાવ્યા બાદ રોહિત શર્માએ મોહમ્મદ શમીની પહેલી અને ઈનિંગની બીજી ઑવરમાં પોતાનું ખાતુ ખોલ્યું. આ ૪ રનની સાથે તે આઈપીએલમાં ૫ હજાર રન બનાવનારો ત્રીજો બેટ્સમેન બની ગયો છે. તેના પહેલા વિરાટ કોહલી અને સુરેશ રૈનાએ આ કારનામું કર્યુ છે. આઈપીએલમાં જો સૌથી વધારે રન બનાવનારા બેટ્સમેનોની વાત કરીએ તો વિરાટ કોહલીનું નામ સૌથી ઉપર આવે છે. વિરાટ કોહલીએ ૧૮૦ મેચમાં ૫૪૩૦ રન બનાવ્યા છે અને તે ટોચ પર છે. તો બીજા નંબર પર સુરેશ રૈનાનું નામ છે. રૈનાએ ૧૯૩ મેચોમાં ૫૩૬૮ રન બનાવ્યા છે. રોહિત શર્મા આઈપીએલમાં ૩૧.૬૩ની સરેરાશથી ૩૭ અડધી સદી અને એક સદી પણ લગાવી ચુક્યો છે. આ દરમિયાન તેની સ્ટ્રાઈક રેટ ૧૩૦.૯૭ રહી છે.

## મુંબઇના બોલર્સ સામે પંજાબના 'કિંગ્સ'ની શરણાગતિ

અબુધાબી: મુંબઇ ઇન્ડિયન્સે અહીં રમાયેલી આઇપીએલ ટીર૦ ક્રિકેટ લીગના મુકાબલામાં કિંગ્સ ઇલેવન પંજાબને કોઇ પણ મુશ્કેલી વિના ૪૮ રનથી પરાજય આપ્યો હતો. મુંબઇના ચાર વિકેટે ૧૯૧ રનના જવાબમાં ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરનાર પંજાબની ટીમ ૨૦ ઓવરમાં કોઇ પણ લડત આપ્યા વિના આઠ વિકેટે ૧૪૩ રન બનાવી શકી હતી. કપરો રનચેઝ કરનાર પંજાબની ટીમ માટે નિકોલસ પૂરને ૨૭ બોલમાં ત્રણ બાઉન્ડ્રી તથા બે સિક્સર વડે સર્વાધિક ૪૪ રન બનાવ્યા હતા.

## જર્મન સુપર કપમાં બાયર્ન મ્યુનિચ ચેમ્પિયન





મ્યુનિચ: સ્ટાર ખેલાડી જોશુઆ કિમિચના શાનદાર ગોલની મદદથી બાયર્ન મ્યુનિચે બોરુસિયા ડોર્ટમન્ડ ક્લબને ૩-૨ના સ્કોરથી હરાવીને જર્મન સુપર કપ ફૂટબોલ ચેમ્પિયનશિપનું ટાઈટલ જીતી લીધું હતું. ડોર્ટમન્ડ એક સમયે ૨-૦ના સ્કોરથી પાછળ હતી પરંતુ તેણે વળતો પ્રહાર કરીને સ્કોર ૨-૨થી સરભર કર્યો હતો. પ્રથમ હાફમાં કોરેન્ટિન ટોલિસ્કોએ ૧૮મી તથા થોમસ મુલરે ૩૨મી મિનિટે મ્યુનિચ માટે ગોલ નોંધાવ્યા હતા.

## ઓસ્ટાપેન્કોએ પ્લિસકોવાને હરાવી, કોકો ગોફનું અભિયાન પૂરું



પેરિસ: ભૂતપૂર્વ ચેમ્પિયન જેલેના ઓસ્ટાપેન્કોએ બીજી ક્રમાંકિત કેરોલિના પ્લિસકોવાને હરાવીને ફ્રેન્ચ ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટની વિમેન્સ સિંગલ્સમાં સનસનાટી મચાવી હતી. બીજી તરફ અમેરિકાની યુવા ખેલાડી કોકો ગોફના અભિયાનનો પણ અંત આવી ગયો હતો. બીજા રાઉન્ડમાં પ્લિસકોવાએ નીચલા સ્તરનું પ્રદર્શન કર્યું હતું અને તેનો ઓસ્ટાપેન્કોએ ફાયદો ઉઠાવીને મેચ ૬-૪, ૬-૨થી જીતી લીધી હતી. અન્ય એક મુકાબલામાં ઈટાલીની ક્વોલિફાયર માંર્ટિન ટ્રેવિસને કોકો ગોફને ૪-૬, ૬-૨, ૭-૫થી પરાજય આપ્યો હતો.

# કેનેડામાં રિયલ એસ્ટેટમાં સુધારો મકાનોની કિંમતોમાં 18%નો વધારો





- **જુન અને જુલાઈ માસમાં મકાન વેચાણ પણ ૬૦ ટકા વધ્યું હોવાનો અહેવાલ**

ટોરન્ટો : ઓગસ્ટ માસમાં મકાનોની વેચાણ કિંમતમાં નવો વિક્રમ નોંધાયો છે. આ વધારો અસામાન્ય છે. હાઉસિંગ માર્કેટમાં કેટલાક વિસ્તારોમાં હવે લેવલ જળવાઈ રહ્યું છે. ઓગસ્ટમાં મકાનોના વેચાણમાં ૬.૨ ટકાનો વધારો જુલાઈની સરખામણીમાં જોવા મળ્યો છે. આ વધારો ગ્રેટર ટોરોન્ટો વિસ્તાર અને બ્રિટીશ કોલંબિયાના લોઅર મેનલેન્ડ વિસ્તારમાં જોવા મળ્યો હોવાનો અહેવાલ કેનેડીયન રીયલ એસ્ટેટ એસોસિયેશને મંગળવારે જાહેર કર્યો હતો. ગયા વર્ષની સરખામણીમાં ઓગસ્ટમાં વેચાણમાં ૩૩.૫ ટકાનો વધારો જોવા મળ્યો હતો. જો કે, દેશ વ્યાપી ધોરણે જુન અને જુલાઈમાં વેચાણમાં વધારો ૬૦ ટકા જેટલો છે.

બીએમઓના સિનીયર અર્થશાસ્ત્રી રોબર્ટ કાવિકે નોંધ્યું હતુ કે, ઓગસ્ટમાં એક બદલાવ કેટલાક વિસ્તારોમાં જોવા મળ્યો છે. જે દર્શાવે છે કે, બજાર ફરીથી ઉછાળો અનુભવી રહયું છે. ટોરોન્ટો અને આસપાસના વિસ્તારોમાં આ સુધારો ખાસ જોવા મળી રહ્યો છે. એ રીતે જ વાનકુંવર અને વિકટોરીયા અને કાલગેરી, રેગીના વિસ્તારોમાં પણ ભાવ વધી રહ્યા છે. નેશનલ એવરેજ હોમ પ્રાઈસે પણ ઓગસ્ટમાં નવો વિક્રમ સર્જયો હતો જે ગયા વર્ષની સરખામણીમાં લગભગ ૧૮.૫ ટકા વધીને ૫૮૬૦૦૦ યુએસ ડોલર વધારે હતો. ગ્રેટર વાનકુંવર અને ગ્રેટર ટોરોન્ટોને બાદ કરીએ કેમકે એ સૌથી વધુ ખર્ચાળ માર્કેટ ગણાય છે ત્યાં પણ કિંમતોમાં ૧૨૨૦૦૦ યુએસ ડોલર જેટલો ઘટાડો જોવા મળ્યો હતો.

ઓટાવા, મોન્ટ્રીયલ અને મોંકટોનમાં મોટો ઉછાળો ગયા મહિને જોવા મળ્યો હતો. રોયલ લેપેજના સીઈઓ ફિલ સોપર કહે છે કે, વધતા મકાનના ભાવો સારી તંદુરસ્તીની નિશાની નથી.



# સુરતના હીરા ઉદ્યોગની ચમક વધશે!, મુંબઈની ૨૫૦ કંપનીઓ શિફ્ટ થઈ

સુરત : હીરા ઉદ્યોગ માત્ર સુરત નહિ પણ મુંબઈમાં પણ છે. કોરોનાને પગલે મુંબઈથી કેટલાક હીરા કંપનીઓ સુરત તરફ વળી રહ્યા છે, જ્યાં હવે દિવાળી સુધીમાં સુરતના હીરા ઉદ્યોગની ચમકમાં વધારો થવાની શક્યતા છે. એક અંદાજ મુજબ હમણાં સુધી મુંબઈ હીરા બુર્સની ૨૫૦થી વધુ કંપનીઓ સુરતમાં સ્થાયી થઈ ચૂકી છે. જેના કારણે હવે સુરતના હીરા ઉદ્યોગની સાથે સાથે રિયલ એસ્ટેટના વેપારને પણ વધુ વેગ મળે તેવી શક્યતાઓ સેવાઇ રહી છે. મુંબઈમાં કોરોનાની મહામારીના કારણે વેપાર ઉદ્યોગ હજી પૂર્ણવત થઈ શક્યો નથી, જેના કારણે ચિંતામાં મુકાયેલા હીરા વેપારીઓ સુરતના હીરા ઉદ્યોગ તરફ વળી રહ્યા છે. સુરત શહેર આપદાને અવસરમાં બદલવા માટે હંમેશા અગ્રેસર રહ્યું છે. કોરોનાના કારણે સમગ્ર દેશમાં ધંધા-વેપારને મોટી અસર પહોંચી છે. જોકે આ વચ્ચે સુરતનો હીરા ઉદ્યોગ ધીરે ધીરે ફરી પાટા પર આવી રહ્યું છે. સુરતમાં બની રહેલા ડાયમંડ બુર્સના કારણે મુંબઈથી ધીરે ધીરે હીરા ઉદ્યોગની કેટલીક કંપનીઓ સુરત તરફ વળી રહી છે.

## યુનેસ્કો નેટેક્સપ્લો એવોર્ડ: ઝડપથી વિકાસ પામતા સિટીમાં સુરત અગ્રેસર

સુરત : સુરત શહેર સૌથી ઝડપથી વિકસી રહેલા શહેરોની યાદીમાં યુનેસ્કોના સર્વેમાં પ્રથમ સ્થાને આવ્યું છે. યુનેસ્કો નેટેક્સપ્લો એવોર્ડ-૨૦૨૦માં સુરતને સ્માર્ટ સિટીઝ એક્સેલેટર અંતર્ગત શ્રેષ્ઠ 'રિઝિલિયન્સ' (સ્થિતિ સ્થાપકતા)ની કેટેગરીમાં એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. સ્માર્ટ સિટીઝ એક્સેલેટર અંતર્ગત ૧૦ અલગ-અલગ કેટેગરીમાં (ક્ષેત્રે) પ્રગતિ કરનાર શહેરોને એવોર્ડ આપવામાં આવશે, જેમાંથી ભારતમાં એકમાત્ર સુરત છે. યુનેસ્કો દ્વારા કરાયેલા સર્વેમાં સુરત મનપાની ઉક્ત કેટેગરીમાં પસંદગી કરવામાં આવી હતી. પુર, પ્લેગ, ધરતીકંપ વગેરે જેવી કૃદરતી મુશ્કેલીઓ વખતે પણ સુરત ઝડપથી પુન સ્થાપિત થયું હતું. જેના કારણે રિઝિલિયન્સ એવોર્ડ સુરતીઓ માટે ગૌરવની વાત છે.

## દ.આફ્રિકામાં અકસ્માતઃ સુરત તડકેશ્વરના બે યુવાનોના મોત

સુરત : દક્ષિણ આફ્રિકામાં રહેતાં સુરત જિલ્લાના યુવાનોને અકસ્માત નડ્યો હતો. આ ગંભીર દુર્ઘટનામાં ૨ યુવકોનાં કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. જ્યારે બે યુવકોની હાલત ગંભીર જણાવવામાં આવી રહી છે. રવિવારની રજા હોવાને કારણે યુવાનો બીચ પર ફરવા નીકળ્યા હતા. પણ રસ્તામાં કાળમુખા અકસ્માત નડ્યો હતો. યુવકોનાં મોતને લઈ પરિવારજનોમાં દુઃખનો માહોલ છવાઈ ગયો હતો.

રવિવારની રજા હોવાની કારણે યુવાનો સાઉથ આફ્રિકામાં રહેતાં સુરત જિલ્લાના પાંચ ફ્રેન્ડ્સે ફરવાનો પ્રોગ્રામ બનાવ્યો હતો. અને તેઓ એન્જોય કરવા માટે રોટસની બીચ પર ગયા હતા. એક કારમાં લઈને પાંચ યુવાનો બીચ પર જવા માટે નીકળ્યા હતા. જો કે, રોટસનીથી ડરબન તરફ જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં હેરિસ્મિથ ટાઉન પાસે તેમની ગાડીને ગમખ્વાર અકસ્માત નડ્યો હતો.આ અકસ્માતમાં ૨ યુવકોનાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા.

જ્યારે ૨ યુવકોની હાલત અત્યંત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. આ યુવકોને હાલ સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માતમાં જે બે યુવાનોનાં મોત નિપજ્યા છે તેઓ સુરત જિલ્લાના તડકેશ્વર ગામના છે. અને જે ૨ યુવાનોની હાલત ગંભીર છે, તે યુવાનો માંગરોળના નાની નરોલી ગામના છે.







# Cedarbrae Dental Center



**Use it or Lose it! Don't Let Your Benefits Expire!**

અમે તમારા સ્વાસ્થ્ય અને સુંદર સ્મીત માટે ગુણવત્તાસભર સંપૂર્ણ દાંતની ચિકિત્સા અને સેવાઓ આપીએ છીએ

Dr. Ghazala & Associates

Female Dentist For All Your Dental Need

Emergencies Welcome, All insurances Accepted, Book your hygiene appointment and receive free teeth whitening (New patient only)

State of the art clinic with special infection control monitoring system - installed in only 50 clinics all over Canada.



**Hours of operation**

- Monday: 9:00am - 7:00pm
- Tuesday: 9:00am - 7:00pm
- Wednesday: 9:00am - 5:00pm
- Thursday: 9:00am - 7:00pm
- Friday: 9:00am - 5:00pm
- Saturday: 9:00am - 5:00pm
- Sunday: 9:00am - 5:00pm

Free consultation for braces / invisilign, implant and wisdom teeth extractions.

Monthly special get free teeth whitening with cleaning (New patients only ) expires 10/31st

Pls call to schedule you appointment today at 416-945-1000.



## Dr. Ghazala Zaid, DMD

3630 Lawrence Ave East, Scarborough, ON M1G 1P6

416-945-1000, 416-945-2800

http://www.cedarbrae.dental Email : Cedarbraedentalcenter@gmail.com



# CLUB CERAMIC







Lapoto Finish



Matt Fiish

પોર્સેલિન ટાઇલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from $0.89 per square feet only

Ceramic tiles starting from $0.50 per square feet only

સિરામિક ટાઇલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

- પોર્સેલિન ટાઇલ્સ અને સિરામક ટાઇલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઇલ્સ મળશે

-: Available Size :-

24" * 24" I 12" * 24" I 24" * 48" I 4" * 8" I 4" * 12"

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

www.clubceramic.com, Email : sales@clubceramic.com